वर्ष : 7 ◆ अंक : 6
नवेम्बर-डिसेम्बर 2017
सळंग अंक : 42


कर भला होगा भला
- છગનભા

માત્ર સંસ્થાકીય
પ્રસાર માટે

# સર્વ વિશ્વવિદ્યાલય-વૃત્ત

કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગરનું વૃત્તપત્ર

સંપાદક : મણિભાઈ પ્રજાપતિ



પદ્મશ્રી સિતાંશુ યશશ્ચંદ્ર



વિધુશ સોમાણી ઇન્સ્ટિટ્યૂટ ઑફ ટેક્નોલૉજી ઍન્ડ રિસર્ચ, કડીના દાતાશ્રી વિક્રમભાઈ સોમાણી તેમનાં પરિવારજનો અને અધિકારીશ્રીઓ સાથે સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડીની મુલાકાતે તા. ૧૨ નવેમ્બર, ૨૦૧૭ના રોજ પધાર્યા હતા તે પ્રસંગનાં દ્રશ્યો.










માત્ર સંસ્થાકીય પ્રસાર માટે

**कर भला होगा भला**

– છગનભા

# સર્વ વિશ્વવિદ્યાલય-વૃત્ત


કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગરનું વૃત્તપત્ર

વર્ષ : ૭, અંક : ૬, નવેમ્બર-ડિસેમ્બર, ૨૦૧૭; સળંગ અંક : ૪૨

સંપાદક : **મણિભાઈ પ્રજાપતિ**


## અનુક્રમ


- સંપાદકીય : પદ્મશ્રી સિતાંશુ યશશ્ચંદ્ર — મણિભાઈ પ્રજાપતિ ૧
- પ્રાસંગિક ૧૦

૧. સર્વવિદ્યાલય કેળવણીમંડળ ઇતિહાસની અટારીએથી – હું ભૂલ્યો; સૌ ચેતજો — છગનભા ૧૬
૨. વિચારશૂન્યતા — ઉમાશંકર જોશી ૧૯
૩. એક દિલેરી આંદોલન — મોહનલાલ પટેલ ૨૦
૪. નાનાભાઈ ભટ્ટનું સંસ્કૃતિચિંતન — તુલસીભાઈ પટેલ ૨૨
૫. અનુસંધાનપૂર્વક જીવવું એટલે કેટલું... — ડૉ. ગંગાધર એચ. પ્રજાપતિ ૨૮
૬. લેટર ટુ માય ફાધર — ડૉ. રંજના હરીશ ૩૦
૭. પરમેશ્વરના પરોપકારને પારખો — રણછોડ શાહ ૩૨
૮. ગ્રંથસૌરભ — મણિભાઈ પ્રજાપતિ ૩૪
   – સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી અને ગાંધીનગર અને કડવા પાટીદાર કેળવણી ઉત્તજક મંડળ, કડી (સંક્ષિપ્ત ઇતિહાસ) / મોહનલાલ પટેલ
   – સર્જકોના સર્જક / ઈશ્વર પરમાર
૯. સંસ્થા સમાચાર
   – યુનિવર્સિટી / કૉલેજ વિભાગ ૪૩
   – શાળા વિભાગ ૪૪



**પત્રવ્યવહારનું સરનામું :**

**મણિભાઈ પ્રજાપતિ :** ડાયરેક્ટર ઑફ પબ્લિકેશન્સ,

**કડી સર્વ વિશ્વવિદ્યાલય,**

એલ.ડી.આર.પી. એન્જિનિયરિંગ કૉલેજ કેમ્પસ,

સેક્ટર-૧૫, ગાંધીનગર-૩૮૨૦૧૫

e-mail : manibhaiprajapati@gmail.com

ફોન : ૦૭૯-૨૩૨૪૪૬૯૦, મો. ૯૬૦૧૨૭૩૮૩૬


## સંપાદકીય

## પદ્મશ્રી સિતાંશુ યશશ્ચંદ્ર

**ગુજરાતી ભાષા-સાહિત્ય, સાહિત્ય-જગત અને સમગ્ર રાષ્ટ્રનું ગૌરવ એવા ગોવર્ધનરામ ત્રિપાઠી, મહાત્મા ગાંધી, ઉમાશંકર જોશી વગેરે જેવા મેધાવી સાહિત્ય મનીષીઓની પરંપરામાં સિતાંશુ યશશ્ચંદ્રને ગુજરાતી સાહિત્ય પરિષદ (અમદાવાદ)ના વર્ષ ૨૦૧૮થી ૨૦૨૦ સુધીના સમયગાળા માટે પ્રમુખ તરીકે ચૂંટાઈ આવવા બદલ હૃદયપૂર્વકનાં અભિનંદન.**

* * *

કવિ, નાટ્યકાર, સૌંદર્યમીમાંસા અને તુલનાત્મક સાહિત્ય ભારતીય અને પાશ્ચત્ય કાવ્યશાત્રના મર્મજ્ઞ ચિંતક, વિદગ્ધ વિવેચક પ્રોફેસર સિતાંશુ યશશ્ચંદ્ર ગુજરાતી સાહિત્યના એક પ્રતિભાસંપન્ન સર્જક તરીકે સાહિત્યજગતમાં ખ્યાતિપ્રાપ્ત છે. આ બધાં ક્ષેત્રોમાં તેમણે પોતાની આગવી ઓળખ - પોતીકો અવાજ - પ્રસ્થાપિત કરેલ છે. આલંકારિક આચાર્ય મમ્મટે કાવ્ય / સાહિત્યના ઉદ્‌ભવમાં, નિર્માણમાં અને સમુલ્લાસમાં હેતુ જણાવતાં નોંધેલ શબ્દો : ‘शक्तिर्निपूणता लोकशास्त्रकाव्याद्यवेक्षणातत्काव्यज्ञशिक्षयाभ्यास ईति हेतुस्तदुदभवे’ને તેઓ ખરા અર્થમાં ધારણ કરી રહ્યા છે.

‘ઓડિસ્યુસનું હલેસું’, ‘જટાયુ’ અને ‘વખાર’ કાવ્યસંગ્રહોના માધ્યમથી તેમણે આધુનિક ગુજરાતી કવિતાને નવી દિશા અને નવાં પરિમાણ આપ્યાં છે. વૈવિધ્યપૂર્ણ ભાવપ્રતીકો તથા પુરાકલ્પનો પ્રયોજીને કવિતામાં નાદ સૌંદર્ય ઊભું કરવામાં કવિ સિદ્ધહસ્ત છે.

પ્રયોગશીલતા એ એમની પ્રકૃતિ છે. તેમણે ગુજરાતી કવિતામાં પરાવાસ્તવવાદની એક દિશા ચીંધી આપી તે ચિરસ્મરણીય ઘટના છે. તેમનાં કાવ્યો પૈકી 'જટાયુ', 'મોએં-જો-દડો', 'મુંબઈ', 'પ્રવીણ જોશીને અલ્વિદા', 'સિંહવાહિની સ્તોત્ર', 'વખાર' 'પ્રલય', 'ઘેરો' વગેરે કથ્ય અને કથનકલાની દૃષ્ટિએ ગુજરાતી ભાષાનાં ઉત્તમ કાવ્યો પૈકીનાં છે. તેમનાં કેટલાંક કાવ્યો, હિન્દી, મરાઠી, બંગાળી, અંગ્રેજી, ફ્રેન્ચ, જર્મન અને રશિયન ભાષાઓમાં અનુવાદિત થયાં છે.

તેમનાં નાટકોમાં સાહિત્યિકતા અને ઉચ્ચ નાટ્યક્ષમતાનો સુભગ સમન્વય જોવા મળે છે. આ નાટકોનું તાજગીસભર વિષયવસ્તુ, ધારદાર સ્વાભાવિક સંવાદો અને તેમાંથી પ્રસ્ફુટિત થતું ભાષાસામર્થ્ય અને નાદસૌંદર્ય પ્રેક્ષકને સ્પર્શી જાય તેવું બળૂકું જોવા મળે છે. નાટ્ય લેખકની સાથે સાથે તેઓ પ્રભાવક રીતે નાટકનું પઠન પણ કરી શકે છે. 'આ માણસ મદ્રાસી લાગે છે' ના નાટ્યપઠન કાર્યક્રમના આયોજક અને તેના સાક્ષી તથા દિગ્દર્શક અને અભિનેતા ઉત્કર્ષ મજમુદાર જણાવે છે કે 'જેટલું સશક્ત નાટક એટલું જ સશકત સિતાંશુભાઈનું પઠન. માત્ર અવાજને સહારે વિવિધ પાત્રોને જીવંત કરી દેવાની એમના કસબની તો અચ્છેઅચ્છા એકટરને પણ ઈર્ષા થઈ આવે.' વિદેશી ભાષાઓમાં સર્જાયેલાં નાટકોનું ગુજરાતી રૂપાન્તરણ પણ મૌલિકતાની અડોઅડ લાવીને બખૂબીપૂર્વક તેઓશ્રી મૂકી દે છે. 'લેડી લાલકુંવર'ના દિગ્દર્શક અરવિંદ જોશી નોંધે છે કે 'લેડી' માટે સિતાંશુભાઈએ જે કામ કર્યું એને રૂપાંતર પણ ન કહું કે ન કહું ભાવાનુવાદ... દ્રાક્ષમાંથી મદિરા બનાવી શકાય પણ મદિરામાંથી દ્રાક્ષ બનાવવાનું અશક્ય કામ સિતાંશુ યશશ્ચંદ્ર જ કરી શકે.' તેમનાં આ બધાં જ નાટકો ઘણીવાર ભજવાયાં છે અને આ પૈકી 'લેડી લાલકુંવર' ઈ.સ. ૧૯૯૯માં પ્રકાશિત થયું તે પૂર્વે તેના ૨૦૦થી અધિક પ્રયોગો થયા હતા. આ નાટકો આઈ.એન.ટી. (મુંબઈ), શ્રીરામ સેન્ટર (નવી દિલ્હી), ભારત ભવન (ભોપાલ), પૃથ્વી થિયેટર (મુંબઈ), તથા અમદાવાદ, વડોદરા, રાજકોટ, જયપુર, બેંગ્લોર, કોલકતા, ગોવા, ન્યૂયોર્ક વગેરે સ્થળોએ ખ્યાત દિગ્દર્શકો સર્વશ્રી સત્યદેવ દુબે, પ્રવીણ જોશી, નિમેશ દેસાઈ, મહેશ ચંપકલાલ, બરજોર પટેલ, અરવિંદ જોશી, શફી ઈનામદાર, ઉત્કર્ષ મજમુદાર વગેરે દ્વારા ભજવાયાં છે, જે તેમની એક મોટી ઉપલબ્ધિ છે. આ બધા નાટયકર્મીઓએ સિતાંશુભાઈનાં નાટકો ભજવતાં તેમનાં નાટકોની અભિનયક્ષમતા વિશે પોતપોતાનાં સંસ્મરણોમાં હૃદયના ઉમળકારભેર નોંધો કરી છે. આ પૈકી ચારેકનાં મંતવ્યો જોઈએ : તાજેતરના દિવસોમાં દિવંગત થયેલા આપણા યુવા રંગકર્મી નિમેષ દેસાઈ 'નવા આશ્ચર્ય સાથે ભજવેલાં નાટકો જોવાં છે' માં ગર્વભેર નોંધે છે કે' મેં ભજવેલાં નાટકોમાં, મને ગમતાં, મને જે ઉત્તમ નાટકો લાગ્યાં છે તેમાં 'કેમ મકનજી કયાં ચાલ્યાં ?' આપણી ભાષાનું એક ખૂબ જ મહત્ત્વનું નાટક, કન્ટેન્ટ અને ફોર્મ બંને રીતે લાગ્યું છે અને ... એ દ્વારા અમને સૌને મળેલો ટોટલ થિયેટરનો આહ્લાદક અનુભવ કાયમ અકબંધ રહેશે'. ઉત્કર્ષ મજમુદાર-ના મતે 'ગુજરાતી પ્રાયોગિક રંગભૂમિ પર બેમિસાલ કામ કરનાર મહેદ્ર જોષીએ દિગ્દર્શિત કરેલું ને સિતાંશુ યશશ્ચંદ્ર દ્વારા રૂપાંતરિત 'તોખાર'ને તો કેમ ભુલાય ? પરેશ રાવલે લાલજી તરીકે જે બળૂકો અભિનય આપેલો હજી વિસરાતો નથી. એ તેજીલો તોખાર હજી ધસમસતો આગેકૂચ કરે છે એનો આનંદ છે. ન્યૂયોર્કમાં મૂળ નાટક 'એકવસ' જોવાનો લ્હાવો મળેલો ને હું વિના સંકોચે કહી શકું કે આપણું ગુજરાતી પ્રોડક્શન બ્રોડવેના નાટકની બરોબરી કરી શકે એવું બન્યું હતું'. પી.એસ.ચારી 'સર્વ દિશાઓનું જ્ઞાનદર્શન એટલે દિગ્દર્શન' માં નોંધે છે કે 'શૈલી અને ભાવનાના સ્તરે 'ખગ્રાસ' ગુજરાતી રંગભૂમિમાં એક નવપ્રસ્થાન સિદ્ધ કરે છે. અહીં ભાષા પૂર્ણતઃ નાટ્યોચિત છે. એ ભાષાનું પોત, એની ઊર્મિપ્રવણતા નાટ્યકાવ્યને અડે છે. માણભટ્ટની કથનાત્મક આખ્યાનરીતિ, પંચમહાલની આદિવાસી પ્રજાની તળપદી અભિવ્યક્તિ અને ગ્રહોની ઉક્તિનું છંદોવિધાન, આ સર્વના આંતરસંબંધોમાંથી એક અપૂર્વ નાટયશૈલીનું નિર્માણ આ નાટકમાં થયું છે'. જ્યારે મહેશ ચંપકલાલ 'જીવનમાં નાટક અને નાટકમાં જીવન' શીર્ષક હેઠળના સંસ્મરણાત્મક લેખમાં જણાવે છે કે 'દિગ્દર્શક તરીકે મારું સૌથી પ્રિય નાટક છે, સિતાંશુ યશશ્ચંદ્ર રચિત 'ખગ્રાસ' અને નટ તરીકે સૌથી ગમતી ભૂમિકાઓ છે, રઘુવીર

ચૌધરી કૃત 'સિંકદર સાની' નાટ્યમાં અમીર ખુશરોની અને સિતાંશુના 'કેમ મકનજી ક્યાં ચાલ્યા ?'માં 'મકનજી'ની. 'આવાં જ નાટકો શા માટે ?' એટલા માટે કે સર્વગુણસંપન્ન-બત્રીસ લક્ષણાં નાયકો કરતાં ઉદાત્ત અને છતાંય માનવીય નબળાઈથી યુક્ત નાયકો મને વિશેષ પ્રિય છે. ઇતિહાસ જેને 'ખલ' તરીકે નિરૂપે, પણ નાટ્યકાર જેને પોતાની અપૂર્વ કલાસૂઝથી 'નાયક' તરીકે આલેખે, તેવા; નાયકોથી ઓપતાં નાટકો પરત્વે મને સદાય એક દુર્નિવાર આકર્ષણ રહ્યું છે'.

સિતાંશુભાઈનું વિવેચન સાહિત્ય મૌલિક આંતરસૂઝથી રસાયેલું અને કસાયેલું હોઈ સત્ત્વશીલ અને બળૂકું રહ્યું છે. તેમના સાહિત્યને માણવા માટે ભાવક પાસે એક ચોક્કસ પ્રકારની સજ્જતા અને ક્ષમતા જરૂરી બની રહે છે. **'રમણીયતાનો વાગ્‌વિકલ્પ** (૧૯૭૯) એ મુંબઈ યુનિવર્સિટીની પીએચ.ડી. ની ડિગ્રી હેતુ સાહિત્ય તત્ત્વ મીમાંસાના મેધાવી પંડિત રામપ્રસાદ બક્ષીના માર્ગદર્શન હેઠળ તૈયાર કરવામાં આવેલ શોધપ્રબંધનું મુદ્રિત સ્વરૂપ છે. અહીં આચાર્ય ભરત, અભિનવગુપ્ત, અભ્યંકર, ગૌરીપ્રસાદ શાસ્ત્રી, નિત્શે, ક્રોચે, શોપનહાઅર, અન્સર્ટ કેસિરર વગેરેનાં દષ્ટિબિંદુઓને મધ્યે નજર રાખીને મુખ્યતઃ રસસિદ્ધ કવીશ્વર અને કાવ્યશાત્રીય પંડિત જગન્નાથ, 'વાક્યપદીય'ના કર્તા વૈયાકરણી - દાર્શનિક ભર્તૃહરિ અને જર્મન ફિલસૂફ કાન્ટની સૌંદર્યમીમાંસા વિષયક વિભાવનાઓનો તુલનાત્મક મૂળગામી અભ્યાસ કરવામાં આવ્યો છે. અહીં લેખકે એસ. કે. ડે. અને આર. સી. ત્રિવેદી જેવા અર્વાચીન વિદ્વાનો 'રમણીયતા' શબ્દના પર્યાય તરીકે જાણે કે જગન્નાથને અભિપ્રેત હોય તેમ 'Beautiful' અને 'Pleasure' ને પ્રયોજે છે તે સામે લેખકે પ્રશ્નાર્થ કરીને પોતાનો સ્પષ્ટ અભિમત નોંધ્યો છે કે 'વ્યુત્પત્તિની દૃષ્ટિએ કે જગન્નાથની વિવેચનની પ્રવૃત્તિની દૃષ્ટિએ એ પર્યાય નથી'. પરંતુ 'કવિનો શબ્દ જ્ઞાનની અને અસ્તિત્વની સ્વતંત્રતા સિદ્ધ કરે છે તે તત્ત્વચિંતકના શોપનહાઅર-કથિત contemplation કે સમાધિ દ્વારા નહીં, પણ ભરતાચાર્ય કથિત ક્રીડા દ્વારા; જગન્નાથ કથિત રમણ દ્વારા. આવી, જ્ઞાન અને અસ્તિત્વનું સમગ્ર આયોજન જ અભિનવ અને અલૌકિક રીતે કરી શકતી ક્રીડા એ કરી શકતું રમણ, એ તો સર્વથીયે વધારે મૂળગત કલાનુભવતત્ત્વ છે. આવા ઊંડા અને અભિનવ અર્થમાં કલાકૃતિ ક્રીડનીયક છે એનો અર્થ રમણીયતા છે'. જેમાં લેખકની મૌલિક પ્રતિભાનાં દર્શન થાય છે. 'સીમાંકન અને સીમોલ્લંઘન' (૧૯૭૭) એ કલામાં સંરચના વિષયક ૭ વિવેચન લેખોનો સંચય છે, આ બધા લેખોમાં વિવેચકની ગહન અધ્યયનશીલતા, પૂર્વગ્રહમુક્ત તર્કબદ્ધ વિશ્લેષણ અને પોતાના મંતવ્યની સ્પષ્ટ રજૂઆત સ્વતઃ ઊપસી આવે છે. અંતિમ લેખ 'સીમાંકન અને સીમોલ્લંઘન : ઉમાશંકર અને એલન ગિન્સબર્ગની કવિતાનો તુલનાત્મક અભ્યાસ' માં અનુક્રમે 'શોધ' અને 'Wichita Vortex Sutra' ની ભાષાનું કૃતિનિષ્ઠ અધ્યયન કરવામાં આવ્યું છે. આ લેખનું સમાપન કરતાં તારવેલ તારતમ્ય 'કવિતા નથી કેવળ સીમાંકન કે નથી માત્ર સીમોલ્લંઘન. એપોલો અને ડાયોનિસસ બંને દેવતાઓ સામે યથાકાળે વિદ્રોહ કરી શકનાર જે હોય તે, અંતે કવિ. આકાર અને નિરાકાર બંને વચ્ચે સતત, અને સતત સાવધાન, એવી ગતિ જાળવતો શબ્દ' તે કવિતાનો શબ્દ સુચિંતનીય બની રહે છે.

ફુલબ્રાઈટ સ્કોલરશિપના સમયગાળામાં અમેરિકા નિવાસ દરમિયાન તેમણે પ્રાપ્ત એક એક ક્ષણ ગહન અધ્યયન પાછળ ખર્ચી અને વિદ્વાન અધ્યાપકોનો ભરપૂર લાભ લઈ ખરા અર્થમાં ફુલબ્રાઈટત્વ અર્જિત કર્યું. તેમની આ સાધના વિદ્યાર્થીઓ માટે રોલ-મોડલ સમાન બની રહે તેવી હોઈ તે આપણે તેમના શબ્દોમાં જ જોઈએ. '૧૯૬૮ માં ફુલબ્રાઈટ સ્કોલરશિપ માટે (ભારતમાંથી બીજા પાંચ જણ સાથે) મારી પસંદગી થઈ. '૬૮ થી ૭૧'માં ઇન્ડિયાના યુનિવર્સિટીમાં, '૭૧-૭૨માં પેરિસમાં. '૭૧ સુધી ખૂબ વાંચ્યું-વિચાર્યું : ઉત્તમ અધ્યાપકો મળ્યા. ન્યૂટન સ્ટોલનેશ્ટ, હેન્રી રેમાક, હોર્સ્ટ ફ્રેંજ, ઉલ્રીચ વાઈસ્ટાઈન, આંદ્રે રેઝલર, - વિખ્યાત વિદ્વાનો, તુલનાત્મક સાહિત્યના તજ્જ્ઞો, ઓર્ફિયસ અને ફોઅસ્ટનાં 'મિથ' તપાસ્યાં, બોએથિયસની સમતાના સાક્ષી થવા મળ્યું, 'નીબેલુંગનલાઈડ'ની વીરસૃષ્ટિ જોઈ, દાન્તના 'લા વીતા નુઓવા' સાહિત્યમાં પ્રણયથી નવી વિભાવનાનો ઉદ્‌ભવ થતો જોયો, માર્ક્સના દર્શનનો પરિચય કર્યો ને એની પરંપરાના સંદર્ભે આઈઝેનસ્ટાઈનની ફિલ્મકલા તેમ જ

સિલોને, પાસ્તરનાક અને સોલ્ઝેનિત્સિનની શબ્દકલા (કાવ્ય-નોંધ-નવલકથા) જોયાં, પશ્ચિમ સાહિત્યની બૌદ્ધિક-સાંસ્કૃતિક ભૂમિકા તપાસી, વીગતે : ને અર્વાચીન કલાવિચારના આદિપુરુષ ઈમેન્યુઅલ કાન્ટના વિચારને સાંગોપાંગ આત્મસાત્ કર્યો. અર્ન્સ્ટ કેસિરર, સુઝન લેન્ગર અને કવિ વૉલેસ સ્ટિવન્સને વાંચ્યાં. હેગલ, શોપનહાવર, નીત્શેના તેમ જ વાગ્નર - નીત્શેના, કાફ્કા-માનના, ફ્રોઈડ-યુંગના મતભેદો ઓળખ્યા. અંતે વેસ્ટ યુરોપિયન સ્ટડીઝના વિભાગ તરફથી ફોર્ડ ફેલોશિપ મળી. કાન્ટે જ્ઞાનપ્રાપ્તિનાં માનવીય ઓજારોની ફેરતપાસ માંડેલી ત્યાંથી તે 'થિયેટર ઓફ ધ એબ્સર્ડ' માં જ્ઞાનની અશકયતાનો કરુણહાસભર્યો મંચ રચાયો ત્યાં સુધીના પટમાં ફરવા મળશે, અભ્યાસ, મનન, લેખન કરવા મળશે.' (ઉમાશંકર જોશી સંપાદિત 'સર્જકની આંતરકથા'; પૃ.૨૩૪)

એક સમર્થ સર્જક ઉપરાંત એક સમર્થ કેળવણીવિદ્ અને સ્વસ્થ સમાજહિતચિંતક તરીકે પણ તેમનું મહિમાસંપન્ન પ્રદાન રહ્યું છે. પ્રસંગોપાત્તનાં દીક્ષાંત-પ્રવચનો, સાક્ષાત્કારો, લેખો વગેરેમાં પ્રવર્તમાન સમયમાં છડેચોક વકરી રહેલ શિક્ષણનું વ્યાપારીકરણ, ગુણવત્તાહીન શિક્ષણ અને તેની સામે ન પોષાય તેવી મસમોટી અનિયંત્રિત ફી વગેરે પ્રતિ પોતાની સ્પષ્ટ નારાજગી વ્યક્ત કરતા જોવા મળે છે અને આ સાથે જ રાજ્ય સરકાર સંચાલિત યુનિવર્સિટીઓનાં ફીનાં ધોરણોમાં વાજબી ફી વધારાના પણ હિમાયતી જોવા મળે છે, તેમજ આવા વાજબી ફી વધારા સામે રાજકીય કારણોસર મચાવવામાં આવતા હોબાળાને વિદ્યાવિઘાતક પ્રવૃત્તિ તરીકે ગણાવતાં ખચકાતા નથી. યુનિવર્સિટી એટલે શું ? અને તેનું કર્તવ્ય શું એ સંબંધી એમનો સ્પષ્ટ અભિમતઃ 'બજારની જરૂરિયાત પ્રમાણે મેનપાવર પૂરો પાડવો એ યુનિવર્સિટીનું કામ નથી. વિદ્યાસંસ્થાઓ production of knowledge માટે છે, manpower માટે નહીં. બીજું એ કે પરંપરાગત કે નવાં જીવનમૂલ્યો કોક રાજસત્તા કે ધર્મસત્તા કે અર્થકારણની સત્તા પોતાની રીતે નક્કી કરે અને શાળા-મહાશાળાઓમાં એ તૈયાર મૂલ્યો કોઈ ફેરતપાસ વિના યુવા પેઢીને પકડાવી દેવામાં આવે એ પણ યુનિવર્સિટીનું કામ નથી. યુનિવર્સિટીમાં તો અપવાદ વિના બધાં જ મૂલ્યો અને જ્ઞાનોની (values and knowledgesની) સતત ચકાસણી થતી રહે ભય અને લાલચ વગર, એ જ એનું કામ છે. આજે યુનિવર્સિટીઓ skilled manpower પૂરો પાડવાની અને જે તે સમયની વિવિધ સત્તાઓને માન્ય એવાં મૂલ્યો યુવાનોને પકડાવી દેવાની સંસ્થાઓમાં પલટાઈ ગઈ છે. આ રીતે ભારતનું રાજકીય સ્વાતંત્ર્ય પણ ન જળવાય અને એની આર્થિક વ્યવસ્થા ન્યાયી પણ ન રહે ... યુનિવર્સિટીઓ તો સમાજ અને રાજ્યનાં ફેફસાં છે ને હૃદય છે, સુચિંતનીય બની રહે છે.

સમાજજીવનનાં વિવિધ ક્ષેત્રોમાં ઘર કરી ગયેલા સડાથી પણ કવિ વ્યથિત થઈ દો-ટૂક શબ્દોમાં સંબંધિત પક્ષોને રોકડું પરખાવી દેતા જોવા મળે છે, શાસક કુટિલ, શાસિતો સ્વાર્થ-નિમગ્ન, સચિવગણ યંત્ર / ગોઠણભર દર્પણજલ ડૂબ્યા ઋષિ, ન દેખે મંત્ર // વ્યાસપીઠ પર વિદૂષક જેવા આરડતા અધ્યાપક અણપઢ // નથી કોઈની આંખે આંસુ, નથી હોઠ પર હરફ / દક્ષયજ્ઞમાં લોક આ ચાલ્યું, લઈ છાતીમાં બરફ // ગોધરા નરોડા ને ગોલાણા છે નામ / એક જ માચીસનાં આ ત્રણે ત્રણ કામ / ...એને ગજવેથી માચીસ પેલી ગુમ કરો યાર / ...ભૂખ્યાં છે બચ્ચાંને ભૂખ્યાં છે નરનાર / કાંક રોટલા બેચાર ગરમ કરોને તૈયાર // વગેરે. વધુમાં, ન્યાયાલયોમાં ધર્મગ્રંથ ઉપર હાથ મૂકી સોગંદ લેવાની પરાપૂર્વથી ચાલી આવતી પ્રથાના સ્થાને ધર્મગ્રંથનું દસ મિનિટ સુધી વાચન કરીને જુબાની આપવાનું સૂચન કરે છે, જે સ્પર્શી જાય તેવું છે. આ ઉપરાંત જાહેર સંસ્થાઓને વ્યક્તિ-નિરપેક્ષ કરીને તેના સંચાલનના તેઓ આગ્રહી રહયા છે. આ સંદર્ભે આરાધના ભટ્ટના પ્રશ્નના પ્રત્યુત્તર તરીકે કવિ ઓડેનના મંતવ્ય 'પ્રાઈવેટ ફેઈસીસ ઈન પબ્લિક પ્લેસિસ આર વાઈઝર એન્ડ નાઈસર ધેન પબ્લિક ફેઈસિસ ઈન પ્રાઈવેટ પ્લેસિસ'માં પોતાનો સૂર પુરાવે છે. વધુમાં, જગતસાહિત્યના સર્જકોનો સમાદર સાથે હેતુપૂર્વક - સંશોધનવૃત્તિથી વાંચવા ભલામણ કરે છે નહીં કે પૂજનવૃત્તિથી અર્થાત કંઠી બાંધવાના અને બંધાવવાના ધરાર વિરોધી રહ્યા છે. આ સાથે તાજેતરમાં 'ગુજરાતી સાહિત્ય પરિષદ'ના પ્રમુખની જવાબદારી સ્વીકારતી વેળાએ સિકંદરાબાદમાં ભરાયેલ પરિષદના

અધિવેશનમાં નાલંદા વિશ્વવિદ્યાલયના ૮મી સદીના મહાસિદ્ધ કવિ-આચાર્ય સરહપાદની કાવ્યપંક્તિ ''તાવ સે અકખર ઘોલિઅઈ, જાવણિરકખર હોઈ : એક અનુબંધમીમાંસા' ને પોતાના ઉદ્‌બોધનનું શીર્ષક બનાવીને ગુજરાતની કેટલાંક વર્ષોથી ચાલી આવતી સ્થિતિને ધ્યાને લઈને મૂઠીભર શબ્દોમાં ગુજરાતી સાહિત્યના સરસરંગ માટે સૂચવેલ માર્ગ ઘણું બધું કહી જાય છે : 'જો સહુ સમજે તો એક પ્રજાસત્તાક રાષ્ટ્રની શોભીતી રાજ્યસત્તા, મહાજનપરંપરાની કુશળ અર્થસત્તા, સમુદાર ધર્મસત્તા, સ્વશાસિત સમાજની ગરિમા અને ત્રણેની સંયુક્ત પ્રાણશક્તિને રમણીય રૂપોમાં પ્રગટ કરતું સાહિત્ય એ ચારેય પરિબળો વ્યસ્તપણે નહીં, સમુદિતપણે પરસ્પર સંકળાઈ શકે. અને આપણા આ ગુજરાતી સાહિત્યનો અધિક સરસરંગ સત્વરે થાય. આ ત્રણ કારણે આજની વિદ્વદસભામાં નિરક્ષરતાની સાધનાની વાત ઉપાડી છે અને આપ સહુની સાથે રહીને એક નાનકડી તોયે સાહસભરી સફર કરવા ધાર્યું છે' જે ધ્યાનાર્હ બની રહે છે.

## જન્મ, શિક્ષણ અને કારકિર્દી

જન્મ : ભુજ (કચ્છ) તા. ૧૯/૦૮/૧૯૪૧. વતન : પેટલાદ. પિતા : યશશ્ચંદ્ર કચ્છ સ્ટેટના ન્યાયાધીશ. માતા : પકજનયનાબહેન. વડદાદા શ્રી મણિભાઈ મહેતા કચ્છ અને વડોદરા રાજ્યના દીવાન. સમગ્ર પરિવાર શિક્ષણ, સાહિત્ય અને સંસ્કારના વારસાથી સમૃદ્ધ. પિતાનું ૧૯૪૭માં અવસાન થતાં પરિવારનું ભુજથી ૧૯૫રમાં વડોદરા અને ત્યારબાદ મુંબઈ સ્થળાંતર થતાં ભુજ, વડોદરા મુંબઈ, અને અમેરિકામાંથી શિક્ષણ મેળવ્યું. મુંબઈ યુનિવર્સિટીમાંથી ગુજરાતી અને સંસ્કૃત સાથે એમ.એ. (૧૯૬૫). ૧૯૬૫-૬૮ સુધી ભવન્સ કૉલેજ, મુંબઈમાં અધ્યાપક. ૧૯૬૮માં ફુલબ્રાઈટ સ્કોલરશિપ મળતાં અમેરિકાની ઇંડિયાના યુનિવર્સિટીમાંથી અમે.એ. (૧૯૭૦) અને ત્યારબાદ આ જ યુનિવર્સિટીમાંથી ડૉ. ન્યૂટન પી. સ્ટોનલેસ્ટના માર્ગદર્શન હેઠળ 'The Concept of Art form in the Kantian and the Bharatiya Traditions' = 'નાટ્યાચાર્ય ભરત અને ફિલસૂફ કાન્ટની પરંપરામાં કલાસ્વરૂપનો વિભાવ' વિષય ઉપર પીએચ.ડી. (૧૯૭૫). અમેરિકાથી પરત થતાં પૂર્વે તુલનાત્મક સાહિત્ય માટે ફોર્ડ વેસ્ટ યુરોપિયન ફેલોશિપ (૧૯૭૨-૭૨) પ્રાપ્ત થતાં પેરિસમાં આયનેસ્કોના 'મેકબેથ' નાટકનું ગુજરાતીમાં રૂપાન્તર કર્યું, તેમજ 'Macbethe Theme in Shakespeare and Ionesco: A Critical Study = શેકસપિયરના 'મેકબેથ' અને આયનેસ્કોના નાટક 'મેકબેથ' સાથે તેનો તુલનાત્મક અભ્યાસ કર્યો. ૧૯૭૨-૧૯૭૭ દરમિયાન મીઠીબાઈ આર્ટસ કૉલેજ, મુંબઈમાં ગુજરાતીના અધ્યાપક. આ દરમ્યાન ૧૯૭૭માં રામપ્રસાદ બક્ષીના માર્ગદર્શન હેઠળ મુંબઈ યુનિવર્સિટીમાંથી **'રમણીયતાનો વાગ્વિકલ્પ'** વિષય હેઠળ શોધપ્રબંધ રજૂ કરી પુનઃ પીએચ.ડી. ની ડિગ્રી મેળવી. ૧૯૭૭-૮૨ દરમ્યાન કેન્દ્રીય સાહિત્ય અકાદમી, નવી દિલ્હી દ્વારા તૈયાર કરવામાં આવનાર **'Encyclopaedia of Indian Literature'**ના પ્રથમ મુખ્ય સંપાદક તરીકે પાયાની યશસ્વી કામગીરી કરી. આ સમય દરમિયાન પ્રથમ વોલ્યુમની પ્રેસ કોપી અને બીજા વોલ્યૂમનું મોટા ભાગનું કામ પૂર્ણ કર્યું હતું. ૧૯૮૨-૯૦ દરમિયાન એમ. એસ. યુનિવર્સિટી, વડોદરામાં ગુજરાતી વિભાગના પ્રોફેસર તથા અધ્યક્ષ અને ત્યારબાદ આ જ વિભાગમાં નિવૃત્તિપર્યંત (૨૦૦૩) પ્રોફેસર તરીકે સેવાઓ આપી. આ ઉપરાંત આ સમય દરમિયાન સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટમાં કુલપતિ (૧૯૯૦-૧૯૯૩) તરીકે સેવાઓ આપી.

કારકિર્દીના સમયગાળા દરમિયાન સોરબોન યુનિવર્સિટી, પેરિસ, (૧૯૯૮) લાયોલા મેરીમાઉન્ટ યુનિવર્સિટી, લોસ એન્જેલસ (૨૦૦૪) યુનિવર્સિટી ઓફ પેન્સિલવાનિઆ (૨૦૧૦) અને જાદવપુર યુનિવર્સિટી, કોલકતામાં મુલાકાતી પ્રોફેસર તરીકે સેવાઓ આપવા ઉપરાંત દેશ-પરદેશની વિવિધ સંસ્થાઓ દ્વારા આયોજિત પરિસંવાદ / અધિવેશનો કે કાવ્યપાઠ માટે વ્યકિતગત તેમજ ભારતીય લેખક પ્રતિનિધિ મંડળના સભ્ય તરીકે જેમ કે ઇન્ડિયન કાઉન્સિલ ઑફ કલ્ચરલ રિલેસન્સ, ભારત સરકાર, નવી દિલ્હી, સોરબોન યુનિવર્સિટી, પેરિસ (૧૯૯૮), શિકાગો યુનિવર્સિટી (૧૯૯૬-૨૦૦૦) બર્લિન (૧૯૮૮), કોન્ફરન્સ ઓન ઇન્ડિયન-યુરોપિયન કલ્ચરલ

રિલેસન્સ, સ્ટુટગાર્ટ (૧૯૮૭), હેડેલબર્ગ યુનિવર્સિટી, જર્મની (૧૯૮૬), ઇન્ટરનેશનલ બુક ફેર, ફ્રેંકફર્ટ (૧૯૮૬), પોમ્પિડૌ સેન્ટર પેરિસ (૧૯૮૫), પુસ્કિન ફેસ્ટિવલ, રશિયા (૧૯૭૯), ઇન્ટરનેશનલ કલ્ચરલ સોસાયટી ઑફ કોરિયા, સિઓલ (૧૯૭૮), મોસ્કો, ટૉરોન્ટો, ભારતભવન (ભોપાલ), ભારતીય ભાષા પરિષદ (કોલકતા), માનસગંગોત્રી (મૈસૂર) વગેરેમાં આમંત્રણથી ઉપસ્થિત.

પ્રવર્તમાનમાં તેઓશ્રી ગુજરાતી સાહિત્ય પરિષદ (અમદાવાદ) ના પ્રમુખ, ફાર્બસ ગુજરાતી સભા, મુંબઈ અને બળવંત પારેખ સેન્ટર ફોર જીએસ એન્ડ ઓએચએસ, વડોદરાના ટ્રસ્ટી મંડળના સભ્ય, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદમાં એડ્જંકટ પ્રોફેસર, સેન્ટ્રલ યુનિવર્સિટી ઑફ ગુજરાત, ગાંધીનગરના કોર્ટ સભ્ય, કેન્દ્રીય સાહિત્ય અકાદેમી, નવી દિલ્હીની કારોબારી સમિતિના સભ્ય વગેરે બહુવિધ વિદ્વત્ત સંસ્થાઓ સાથે સક્રિય રીતે સંકળાયેલા છે.

અને છેલ્લે એક સ્વાનુભૂતિની વાત. અમારા દિલ્હી નિવાસના સમયથી અર્થાત્ છેલ્લા ચાર દશકના સંબંધો તરફ નજર કરતાં આ લખનારે તેમનામાં એક આકંઠ વિદ્યાવ્યાસંગી વ્યકિતત્વનાં દર્શન કર્યાં છે. મિત્રો સાથે પૂર્ણ ઉષ્મા સાથે મળે, પ્રોત્સાહિત પણ કરે અને સમય આવે મદદરૂપ નીવડતા – સાથે ઊભા રહેતા પણ અનુભવ્યા છે. તેમનો નિર્વ્યાજ સ્નેહ સદૈવ સ્મરણીય બની રહે તેટલો ઉત્કટ અનુભવ્યો છે. તેમના વ્યક્તિત્વની એક ખાસ નોંધપાત્ર બાબત એ કે તેઓશ્રી કથની અને કરનીમાં સદાય એકરૂપ જોવા મળ્યા છે. અર્થાત્ આખ્યાનાત્મક કાવ્ય 'સિંહવાહિની સ્તોત્ર' - 'મયૂર પરથી ઉતર, શારદા, સિંહ ઉપર ચઢ ...તું આગે બઢ'ના સર્જક અને વ્યક્તિ સિતાંશુભાઈ વચ્ચે કોઈ ભેદ નથી. તેઓશ્રી લોકશાહી તેમજ માનવીય મૂલ્યોના હંમેશાં પક્ષધર બની રહ્યા છે. આ હેતુ જરૂર પડે રાજસત્તા સામે શીંગડાં પણ ભરાવતા અને સાથે સાથે સામે આવતા માન-અકરામોના પ્રસ્તાવોનો અસ્વીકાર પણ શાંત વીરતા સાથે કરતા જોવા મળે છે. આ છે તેમનું ખમીર અને પોત. તેમની નવનવોન્મેષશાલિની પ્રતિભા, કાર્યશકિત અને સંપન્ન કરેલાં દષ્ટિપૂત કાર્યોને ધ્યાને લેતાં સાહિત્ય અકાદેમી, નવી દિલ્હી દ્વારા તૈયાર કરાવવામાં આવી રહેલ 'Encyclopaedia of Indian Literature'- ના સંપાદકની જવાબદારી જો તેમણે ચાલુ રાખી હોત તો આજે તેઓશ્રી સમગ્ર રાષ્ટ્રમાં જે માન-મરતબો ધરાવી રહ્યા છે તેનાથી ઘણી જ ઊંચાઈએ હોત તેવું આ લખનારનું મંતવ્ય રહ્યું છે. જોકે આવી પ્રોજ્જ્વલત્તમ સિદ્ધિના શિખરે લઈ જનાર કારકિર્દીના સાહજિક ત્યાગ પાછળ પોતાની કૌટુંબિક જવાબદારીને પ્રાથમિકતા આપવાનું તેમનું વલણ જોવા મળે છે.

## સાહિત્ય સર્જન

**કવિતા ૧.** ઓડિસ્યુસનું હલેસું (૧૯૭૪; કવિના સ્વરમાં કાવ્યપઠન-સી.ડી. સાથે બીજી આવૃત્તિ = વિશેષ આવૃત્તિ, ૨૦૦૯), **૨.** જટાયુ (૧૯૮૬; ત્રીજી વિશેષ આવૃત્તિ, પુનર્મુદ્રણ ૨૦૧૭), **૩.** વખાર (૨૦૦૯; કવિના સ્વરમાં કાવ્યપઠન-સીડી સાથે વિશેષ આવૃત્તિ), **૪.** મોંએ-જો - દડો (શ્રાવ્ય કેસેટ, ૧૯૯૦)

**નાટકો : મૌલિક : ૧.** આ માણસ મદ્રાસી લાગે છે (૧૯૯૯), **૨.** કેમ મકનજી કયાં ચાલ્યા ? (૧૯૯૯), **૩.** ખગ્રાસ (૧૯૯૯), **૪.** અખાની ઓળખાણો (સી.ડી., ૨૦૦૯), **૫.** અશ્વત્થામા આજે પણ જીવે છે (અને હણે છે) (અપ્રકાશિત), **૬.**નકામો માણસ છે નરસિંહ મહેતા (અપ્રકાશિત); **રૂપાંતરિત : ૭.** લેડી લાલકુંવર (૧૯૯૯) : ઈટાલિયન નાટ્યકાર એદુઆર્દોદ ફિલિપો કૃત 'ફિલ્ડમિના'નું નાટ્યરૂપાંતર, **૮.** તોખાર અને માર્ગદર્શન (૧૯૯૭; તોખાર : પિટર શેફર કૃત 'એકવસ' અને માર્ગદર્શન (પૃ. ૧૨૯-૧૭૬) યુજીન ઈયોનેસ્કો કૃત લે લેંસો (અંગ્રેજી : ધ લેસન)- નું રૂપાંતર), **૯.** છબીલી રમતી છાનું માનું (૧૯૯૯), **૧૦.** એક સપનું બડું શૈતાની (૧૯૯૯), **૧૧.** વૈશાખી વાયરા (૧૯૯૯) : ટોમર્સ હાર્ડીની વાર્તાનું નાટ્ય રૂપાંતર (અપ્રકાશિત), **૧૨.** વૈરી (રૂપાન્તરિત) (અપ્રકાશિત)

**વિવેચન** : **૧.** સીમાંકન અને સીમોલ્લંઘન (૧૯૭૭), **૨.** રમણીયતાનો વાગ્વિકલ્પ (૧૯૭૯), (**નોંધ** : અહીં આગળ ઉપર દર્શાવેલા કવિતા, નાટક અને વિવેચનના ગ્રંથો આર. આર.શેઠ એન્ડ કંપની, મુંબઈ, અમદાવાદ દ્વારા પ્રકાશિત કરવામાં આવ્યા છે.) **૩.** અસ્યા: સર્ગવિધૌ

(૨૦૦૨), ૪. 'From Hemchandra to Hind Svaraj : Religion and Power in Gujarati Literary Culture' In : Literary Cultures in History : Reconstuction from South Asia / ed. by Sheldon Pollock, University of California Press, ૨૦૦૩.

**પટકથા :** **૧.** હિન્દી ફિલ્મ 'માયા મેમસાબ', Based on Gustave Flaubert's 'Madame Bovery', ૧૯૯૩.

**સંપાદન :** **૧.** નાટ્ય કેસૂડાં, **૨.** રંગ છે : સ્વાતંત્ર્યોત્તર ગુજરાતી નાટક (૨૦૧૧), **૩.** ફાર્બસ ગુજરાતી સભા ત્રૈમાસિક (૨૦૦૬ થી) ૪. હંસા મહેતા કૃત 'કેટલાક લેખો' (સહસંપાદક, ૧૯૭૭), **૫.** Forms of Knowledge in India : Critical Revaluations (૨૦૦૮; co-editor)

**પ્રકાશ્ય :** **૧.** પસંદગીની કવિતાઓના હિન્દી અનુવાદો. સંપા. કેદારનાથસિંહ. નવી દિલ્હી : વાણી પ્રકાશન. **૨.** પસંદગીની કવિતાઓના બંગાળી, મરાઠી અને અંગ્રેજી અનુવાદો. નવી દિલ્હી : સાહિત્ય અકાદેમી. **૩.** વિવેચન લેખોના હિન્દી અનુવાદો. નવી દિલ્હી : રઝા ફાઉન્ડેશન. ૪. Language on the Move : Historicity of Gujarati Literature. New Delhi : India International Centre.

## પ્રાપ્ત અવોર્ડ્સ / માન-સન્માન

પ્રાપ્ત કેટલાક અવોર્ડ્સની યાદી નીચે મુજબ છે

### આંતરરાષ્ટ્રીય

૧૯૬૮ ફુલબ્રાઈટ સ્કોલરશિપ. અમેરિકામાં એમ.એ. પીએચ.ડી. માટે.

૧૯૭૧ ફોર્ડ વેસ્ટ યુરોપિયન ફેલોશિપ. પેરિસમાં તુલનાત્મક સાહિત્યમાં સંશોધન હેતુ

### રાષ્ટ્રીય

૨૦૦૬ પદ્મશ્રી (ભારત સરકાર)

૧૯૮૭ સાહિત્ય અકાદેમી અવૉર્ડ (નવી દિલ્હી). 'જટાયુ' કાવ્યસંગ્રહ માટે.

૧૯૮૭ નૅશનલ લેક્ચરર (યુજીસી, નવી દિલ્હી)

૧૯૯૬ રામકૃષ્ણ જયદયાલ રાષ્ટ્રીય સદ્ભાવના એવોર્ડ (નવી દિલ્હી)

૧૯૯૮ રાષ્ટ્રીય કબીર સમ્માન (મધ્યપ્રદેશ સરકાર)

૧૯૯૮ ગંગાધર મહેર સમ્માન (સંભલપુર યુનિવર્સિટી, ઓરિસ્સા)

૨૦૦૪ પ્રોફેસર ઇમે 'રિટ્સ' (યુ.જી.સી., નવી દિલ્હી)

૨૦૧૩ કવિ કુસુમાગ્રજ રાષ્ટ્રીય અવૉર્ડ (મહારાષ્ટ્ર)

### રાજ્યસ્તર

૨૦૧૪ ગુજરાત ગૌરવ પુરસ્કાર

૨૦૦૬-૨૦૧૧ 'Writer in Residence' એમ. એસ. યુનિવર્સિટી ઑફ બરોડા

૨૦૧૧

૨૦૦૨ નર્મદ સુવર્ણચંદ્રક (સુરત)

૧૯૮૭ રણજિતરામ સુવર્ણચંદ્રક (અમદાવાદ) મહાકવિ ન્હાનાલાલ અવૉર્ડ મહામહિમોપાધ્યાયરામપ્રસાદ બક્ષી એવોર્ડ સી.સી. મહેતા અવૉર્ડ, આઈ.એન.ટી. - ગુજરાત સમાચાર અવૉર્ડ વગેરે.

૧૯૬૫ બી. કે. ઠાકોર ગોલ્ડ મેડલ, મુંબઈ યુનિવર્સિટીમાં એમ. એ. (ગુજરાતી) માં પ્રથમ ક્રમે ઉત્તીર્ણ થવા માટે

## ભાવકોની કલમે

'કાવ્ય તત્ત્વના જિજ્ઞાસુને શ્રી સિતાંશુ યશશ્ચંદ્રનો ગ્રંથ 'રમણીયતાનો વાગ્વિકલ્પ' વિલક્ષણ ચારુતાવાળો લાગશે. કૌતુક પ્રેરે એવી વિષયની અણધારી વ્યવસ્થા, તર્કવિષયક વિચાર-ધારાઓનો સંગમ, કવિકર્મ અને કાવ્યત્વ-અનુભવ એ બેઉનો સહવિચાર પુસ્તકને આ વિષયનો એક પ્રકરણ ગ્રંથ બનાવે છે. ગુજરાતીમાં આ સ્વરૂપનો કોઈ ગ્રંથ નથી.'

**વિષ્ણુપ્રસાદ ર. ત્રિવેદી**

'અનેક બાબતમાં, અનેક સ્થળે સિતાંશુની અત્યંત ભિન્ન લાગતા વિભાગો વચ્ચે સંબંધ જોવાની એક પ્રકારની વિરલ સમન્વયસાધકતા જોવા મળે છે. તેમની સંવાદસાધક, વિધાયક કલ્પના મેળ વગરનાં લાગતાં દ્રવ્યોમાંથી એક સુબદ્ધ ઇમારતનું નિર્માણ કરે છે. સહેજે જણાશે કે તેમનાં અર્થઘટનોમાં અસંમત થવાય તેવું, વિવાદાસ્પદ ઓછું નથી. 'આકાર' અને 'સમાધિ'

વચ્ચેનો સંબંધ  અને તેમનો ‘ક્રીડનીયતા’ અને ‘રમણીયતા’ સાથે વિરોધ, એ બંને પ્રકારનાં તત્ત્વોની વળી ‘ફૉર્મ’ અને ‘ફ્લો’ સાથે સંબંધસ્થાપના, વ્યવહારની વાણી સાથે સંકળાયેલાં ઉપનિબંધનના ખ્યાલનો સૌંદર્યમીમાંસામાં અધિક્ષેપ વગેરેનો આ દૃષ્ટિએ ઉલ્લેખ કરી શકાય. પણ વિવિધ તત્ત્વ-વિચારણાના મહત્ત્વના વિભાવોની સાથે જે સજ્જતાથી સિતાંશુએ કામ પાડ્યું છે, તુલના અને વિશ્લેષણની જે વિશિષ્ટ પદ્ધતિનો સૂઝ અને લાઘવપૂર્વક વિનિયોગ કર્યો છે, અને સમગ્ર પ્રયાસની પાછળ જે મૌલિક દૃષ્ટિનું વૈચારિક આયોજન પ્રતીત થાય છે, તે આપણે ત્યાં વિરલ છે. એટલું જ નહીં, સૌંદર્ય વિચારના વિષયમાં તો એકાદ ‘આનંદમીમાંસા’ ને બાદ કરતાં અનન્ય કહી શકાય તેવું છે.’

**હરિવલ્લભ ભાયાણી**

‘....જેમાં મનુષ્ય સ્વયં પોતાથી પણ છૂટો - વિખૂટો હોય છે, જેમાં કવિ શબ્દમાં કંઈક શોધે, જેમાં કવિ કરુણ યુગનાટકમાં પાત્ર હોય તે અદ્યતન કવિતા આ અર્થમાં લાભશંકર ઠાકર અને સિતાંશુ યશશ્ચંદ્રની કવિતા એ અતિ આધુનિક કવિતા છે. અદ્યતન કવિતા છે. આ કવિતા એ આઠમા દાયકાના ગુજરાતી સાહિત્યની સર્વશ્રેષ્ઠ સિદ્ધિ છે.

**નિરંજન ભગત**

‘સિતાંશુ તો મિલન કુન્દેરાએ જે ‘વિલંબનનો આહ્‌લાદ’ (The pleasure of slowness) ઓળખાવ્યો છે એ કુળનો કવિ છે. એણે લિરિકલ મોડ છોડી બીજો મોડ પસંદ કર્યો છે. જાડા મનોરંજનમાં અને તાત્કાલિક ઉપયોગમાં લેવાનારી (ready to consume) વસ્તુઓ જેવી રચનાઓમાં પોતાનો સમય ખર્ચતા મોટાભાગના વાચકોને પોતાના ધૈર્યની કસોટી કરાવનારી, નિદિધ્યાસનમાં પમાનારી, વાચકો માટે સર્જનાત્મક અવકાશ છોડતી, માત્ર અર્થ નહીં પણ પ્રાણપ્રદ વિવક્ષા (unport) આપતી સિતાંશુની રચનાઓ ક્યાંથી કોઠે ઊતરી હશે એ એક સવાલ છે. આ કવિ ભાવકના હૃદયસિંહાસને ન વિરાજે એ સ્વાભાવિક છે.’

**ચન્દ્રકાન્ત ટોપીવાળા**

‘કવિતા થવા માટે ધસી આવતા કે ફૂટી નીકળતા શબ્દોને અવરોધરૂપ પોતે ન થાય તેમ એ શબ્દો પોતાની સ્પૃહણીય અવસ્થાને અવરોધરૂપ ન બને એ માટેની એક સૂક્ષ્મ વિનમ્રતા દાખવવા સિતાંશુ સતત સક્રિય રહેતો લાગે છે. આ એક એની કવિ-ટેવ છે, અને તેથી બહુમૂલ્ય લાભ તેને કવિતાક્ષેત્રે મળતો રહ્યો છે. જડ વિધિનિષેધોની ચુંગાલમાં ફસાઈ પોતાની ચૈતસિક અવસ્થાનાં સત્યોનો દ્રોહ કરવાની બેવકૂફી વિરલ નથી. એ બેવકૂફીથી સિતાશું ત્રાસતો - ભાગતો રહ્યો છે. ને તક આવી છે ત્યારે, મગન-કાવ્યોમાં બન્યું છે તેમ, તેની ઠેકડીયે ઉડાવતો રહ્યો છે. પ્રશિષ્ટતાને ઠાવકાઈ, પાંડિત્ય ને ડહાપણ, આવી આવી ‘સંસ્કારી’ ને ‘સુ-સંસ્કૃત’ થવા - ગણાવા માટેની સામગ્રીના કોઈ પણ જાહેર વ્યાખ્યાનપીઠ પરથી આંગળીને વેઢે ગણાવી શકાય એવા ગુણધર્મો તે જાણે છે અને એ જાણકારી તેને સદ્‌ભાગ્ય, જીવનમાં બંધનકારક ન થતાં મુક્તિપ્રેરક થતી જણાય છે. જેટલે અંશે આ પરિસ્થિતિમાં એ ટકી શકે છે, એટલે અંશે કવિતામાં પોતાની આગવી મનોમુદ્રા પ્રગટ કરી શકે છે.’

**ચંદ્રકાન્ત શેઠ**

‘અરધી સદીની વાચનયાત્રા’ના પહેલા ને બીજા ભાગની મળીને પોણો લાખ નકલો બે એક વરસ દરમિયાન છપાઈ છે. આ ત્રીજો ભાગ ઉમેરાતાં લગભગ ૨૦૦૦ પાનાંનું વાચન ‘અરધી સદીની વાચનયાત્રા’માં સમાવેશ પામ્યું છે.... ત્રણેય ભાગનાં લગભગ તમામ લખાણો ટૂંકાવેલાં છે. તેમાં એક અપવાદ આ વખતે આવે છે. સેંકડો લખાણોના સંક્ષેપ કર્યા છતાં શ્રી સિતાંશુ યશશ્ચંદ્રના ‘વખાર’ (પાનું ૭૧)માં કશો સંક્ષેપ હું કરી શકયો નથી. સિતાંશુભાઈને સલામ ! એવાં લખાણો આપણને વધુ ને વધુ મળતાં રહો.’

**મહેન્દ્ર મેઘાણી**

‘Professor Sitanshu has been serving Gujarati literature in particular and Indian literature in general as an eminent poet, dramatist, critic and thinker for many decades. His corpus of writings reveals his perspicuity, horizontality of concerns, verticality of exploring into these concerns with a subtle and delicate sense of language with which he constructs a new

world, to take recourse to his own metaphor 'as a poet, not as a sailor in search for pearls'. No surprise that he has earned admiration and love of creative and critical fraternity within and beyond shores of Gujarati. Fortunate are we that we are living in his age.'

**Avadhesh Kumar Singh**

'સિતાંશુ એક સર્જક તરીકે, આધુનિકતાનાં મૂળ સત્ત્વને ગ્રહણ કરીને પણ સતત પરિવર્તનશીલ બલકે ગતિશીલ રહેલા, સર્જકતાનાં નવાં પરિણામો ધરતા રહેલા, ને ગુજરાતીની ઉત્તમ કવિતાના પ્રવાહમાં દરેક તબક્કે પ્રસ્તુત રહેલા સંપ્રજ્ઞ અને વિચક્ષણ કવિ છે. આપણા સ્પૃહણીય સમકાલીન સર્જક છે.... વિદગ્ધ સર્જકતાએ એમની પાસેથી - વાચનનો તેમજ રંગભૂમિ બંનેનો ઉત્સવ બની રહે એવાં મૌલિક અને રૂપાન્તરિત નાટકો પણ સાંપડાવ્યાં છે.'

**રમણ સોની**

'સિતાંશુભાઈ પાશ્ચાત્ય કાવ્યશાસ્ત્રના અઠંગ અભ્યાસી છે. ઉપરાંત ભારતીય કાવ્યશાસ્ત્રનો પણ એમણે ગહન અભ્યાસ કર્યો છે. પરંતુ એમની સૌથી મોટી વિશેષતા એ છે કે તેઓ કોઈ એક 'બ્રાન્ડ' ના કેદી નથી. એમની દૃષ્ટિએ કાવ્ય અને સૌંદર્ય : બંને સાહસના પર્યાય છે. એ રીતે એમની વિવેચનામાં વિદ્રોહનો અમુખર સ્વર વ્યંજિત છે. એમની દૃષ્ટિએ 'કમ્ફર્ટ ઝોન'માં બેસનારને નહીં, પરંતુ સાહસપૂર્ણ દીર્ઘ યાત્રા કરનારને જ આ શક્તિ પ્રાપ્ત થાય છે. સિતાંશુભાઈ વિલક્ષણ સર્જક છે. એમની કલા-વિભાવના સમજવા માટે તથા એમની કૃતિઓના આસ્વાદન, મૂલ્યાંકન માટે પાત્રતા કેળવવી જરૂરી છે.'

**તુલસીભાઈ પટેલ**

## સિતાંશુભાઈ વિષયક અભ્યાસ-ગ્રંથો


૧૯૯૫ સોલંકી, ભરત. *સિતાંશુ યશશ્ચંદ્રની કવિતા.* વિક્રેતા : અમદાવાદ : પાર્શ્વ પ્રકાશન.

૨૦૧૦ ઉપાધ્યાય, દર્શના. *સિતાંશુ યશશ્ચંદ્ર : કાવ્યસર્જન વિશેષ.* અમદાવાદ : ડિવાઈન પ્રકાશન.

૨૦૧૩ શ્રોફ, અમીતા. *આલ્બેર કામૂ અને સિતાંશુ યશશ્ચંદ્રના સાહિત્યમાં 'સ્વ' નાં વિવિધ પરિમાણો.* વિક્રેતા : અમદાવાદ : આર. આર. શેઠની કંપની.


મૂકેશ વૈદ્ય-વિનીત શુક્લ અને આરાધના ભટ્ટ સાથેના સંવાદો


સરનામું : ૩૦૨ ટાવર બી, શ્રવણ રેસિડેન્સી, કોસ્મિક એન્કલેવ, સમા રોડ, સમા, વડોદરા-૩૯૦૦૨૬. મો. ૯૨૨૮૧૮૭૪૩૬.

Email : sitanshuy@gmail.com

**મણિભાઈ પ્રજાપતિ**


મુનશીની પ્રતિભા ઉત્તમ ધારાશાસ્ત્રી, બંધારણવિદ, વહીવટકર્તા તરીકે પ્રગટ થઈ તેમ છતાં તેઓ ગુજરાતમાં હંમેશાં સાહિત્યકાર તરીકે અને દેશમાં આધુનિક ભારતના એક સાંસ્કૃતિક નેતા તરીકે ઓળખાશે. પ્રણાલિકાભંજક તરીકે કારકિર્દીનો આરંભ કર્યો, પણ ભારતની પરંપરામાં જે કંઈ જીવંત છે તેના સબળ પુરસ્કર્તા તે બની રહ્યા. ગુજરાતની અસ્મિતા અને 'ગુજરાતીતા'ની જીવનના આરંભે ઘોષણા કરી, પણ જીવનની સંધ્યાએ ભારતની અંતરતમ એકતાના ઉદ્‌ગાતા બની રહ્યા. કોઈ સંકુચિત અર્થમાં નહીં, ભારતનું જે ભાવનાસ્વરૂપ છે – અધ્યાત્મસ્વરૂપ છે તેના, ભારત – 'એક સાંસ્કૃતિક વ્યક્તિ'–ના પૂજારી બની રહ્યા. મુનશીજી, એમની ઉંમર વધતી ગઈ તેમ વૃદ્ધ મુંજાલના આદર્શથી ખસતાં ખસતાં યુવક કીર્તિદેવના આદર્શ તરફ ઢળતા ગયા. મુંજાલે કીર્તિદેવને સંભળાવ્યું હતું કે તું તો ભારતના મહેલની વાતો કરે છે. મારે ગુજરાતની મઢૂલી સંભાળવી છે. મુનશી ઉત્તરવયમાં ઉમળકાભેર ભારતના મહેલની સતત ચિંતા અને માવજતમાં રચ્યાપચ્યા રહ્યા, તે ભારત માટેના સાંકડા મમત્વ કે અભિનિવેશને કારણે નહીં, પણ એમને મન ભારતનો સપ્તતલપ્રાસાદ, કહો કે એવરેસ્ટ-ઊંચો પ્રાસાદ, એ માનવીએ ઉપજાવેલી સંસ્કૃતિનો એક મહાપ્રાસાદ છે એવી એમની આંતરપ્રતીતિને કારણે.

**– ઉમાશંકર જોશી**

# પ્રાસંગિક

**'વિધુશ સોમાણી ઇન્સ્ટિટ્યૂટ ઑફ ટેક્નોલૉજી ઍન્ડ રિસર્ચ, કડી'નો ખાતમુહૂર્ત વિધિ તથા, સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી-ગાંધીનગર અને કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળ, કડી (સંક્ષિપ્ત ઇતિહાસ), નો લોકાર્પણ સમારોહ.**

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી-ગાંધીનગર, કડવા પાટીદાર કેળવણી ઉત્તજક મંડળ, કડી તથા કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગરના સંયુકત ઉપક્રમે 'વિધુશ સોમાણી ઇન્સ્ટિટ્યૂટ ઑફ ટેક્નોલૉજી ઍન્ડ રિસર્ચ, કડી'નો ખાતમુહૂર્ત વિધિ સર્વ વિદ્યાલય પરિસર, કડીમાં તા. ૧૦ નવેમ્બર, ૨૦૧૭ ના રોજ આયોજિત કરવામાં આવ્યો. પ્રારંભમાં દાતા પરિવારના પ્રતિનિધિઓ સર્વશ્રી રાજેશભાઈ બી. શાહ (CFO) અને શ્રી પુરોહિતજીના વરદહસ્તે સંપૂર્ણ શાત્રોક્તવિધિ અનુસાર ખાતમુહૂર્તવિધિ કડીના સુવિખ્યાત શાત્રજ્ઞ શ્રી લંકેશ બાપુ (જેમણે બનારસ હિંદુ યુનિવર્સિટી તથા એમ.એસ. યુનિવર્સિટી ઑફ બરોડામાં સંસ્કૃતનો અભ્યાસ કરીને લંકાપતિ રાવણ ઉપર Ph.D. કર્યું છે.) દ્વારા સંપન્ન કરાવવામાં આવી હતી. આ ઐતિહાસિક ઘટનાના અવસરે સર્વ વિદ્યાલય પરિવારની હૃદયોલ્લાસ સાથે મોટી સંખ્યામાં ઉપસ્થિતિ રહી હતી.

ખાતમુહૂર્ત પૂર્ણ કર્યા બાદ 'એ. એચ. પટેલ ઇન્ડોર સ્પોર્ટસ કોમ્પ્લેક્ષ એન્ડ મલ્ટીપર્પઝ'હૉલ' માં દાતા પરિવારના પ્રતિનિધિઓનું સન્માન અને ગ્રંથ લોકાર્પણ સમારોહ યોજવામાં આવ્યો હતો. કાર્યક્રમના પ્રારંભમાં દીપપ્રાકટ્ય અને પ્રાર્થના બાદ મંડળની ગાંધીનગર શાખાના પ્રમુખ અને શતાબ્દી ઉજવણી સમિતિના અધ્યક્ષ ડૉ. કનુભાઈ પટેલ દ્વારા માનવંતા મહેમાનશ્રીઓ, દાતાશ્રીઓ અને આમંત્રિતોનું હૃદયના ઉમળકાભેર સ્વાગત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે તેમણે મંડળની પ્રગતિની આછેરી ઝલક પ્રસ્તુત કરીને મંડળ દ્વારા શતાબ્દી ઉજવણી નિમિત્ત નિર્ધારિત કરવામાં આવેલ રૂપિયા ૧૦૦ કરોડ એકઠા કરવાના લક્ષ્યાંકની સ્મૃતિ અપાવીને આ નિમિત્તે આ પૂર્વે મળેલ / નોંધાયેલ દાનની વિગતો જાહેર કરીને ગર્વભેર જણાવ્યું હતું કે સેરા પરિવાર દ્વારા કડીમાં એન્જિનિયરિંગ કૉલેજ શરૂ કરવા માટે આપણને આપવામાં આવેલ રૂપિયા ૬.૫૦ કરોડનું દાન સર્વ વિદ્યાલયના ઇતિહાસમાં સૌથી મોટું દાન છે. આ માટે તેમણે આ ઉમદા દાન માટે સેરા પરિવારનો હૃદયપૂર્વક આભાર માની આ જ્ઞાનયજ્ઞમાં દાતાશ્રીઓને ઉદારચેતા હૃદયે દાન આપવા અપીલ કરી હતી. આ ગૌરવવંતા પ્રસંગે સેરા પરિવારના પ્રતિનિધિઓ સર્વશ્રી કોઠારીજી, શ્રી રાજેશભાઈ શાહ અને શ્રી અતુલભાઈ સંઘવીને વૃક્ષ-છોડ અને શાલથી સન્માનિત કર્યા બાદ મંડળના પૂર્વ-દાતાશ્રીઓ અને મંચસ્થ મહાનુભાવો સર્વશ્રી વિષ્ણુભાઈ પટેલ (નારદીપુર), શ્રી જયંતીભાઈ પટેલ જોસેફ (આખજ), શ્રી રાજેન્દ્રભાઈ પટેલ, શ્રી નારાયણભાઈ પટેલ (ડીંગુચા), શ્રી દિલીપભાઈ પટેલ (કડી), ડૉ. વિઠ્ઠલભાઈ પટેલ (શેરથા), શ્રી ઈશ્વરભાઈ પટેલ (ઊંટવા), શ્રી સૌરિનભાઈ પરીખ, શ્રી પ્રવીણભાઈ પટેલ, શ્રી હિમાંશુભાઈ ખમાર, શ્રી આત્મારામભાઈ પટેલ, શ્રી કનુભાઈ પટેલ - જેપી, શ્રી રાજેન્દ્રકુમાર પટેલ, શ્રી નંદુભાઈ પટેલ, શ્રી શંકરભાઈ પટેલ, શ્રી રસિકભાઈ પટેલ અને શ્રી વિક્રમભાઈ પટેલ (ઊંઝા)ને સન્માનિત કરવામાં આવ્યા હતા.

દાતા સેરા ગ્રૂપના પ્રતિનિધિ શ્રી કોઠારીજી (C.E.O) એ સન્માનનો પ્રતિભાવ આપતાં ભાવવિભોર હૈયે જણાવ્યું હતું કે આ દાન સેરા ગ્રૂપના માલિક શ્રી વિક્રમભાઈ દ્વારા તેમના યુવા સુપુત્ર સ્વ. વિધુશની સ્મૃતિમાં આપવામાં આવ્યું છે. આ દાન સ્વીકારવા માટે સર્વ વિદ્યાલય કેળવણી મંડળનો સેરા ગ્રૂપ હૃદયપૂર્વક આભાર માને છે. વધુમાં શ્રી કોઠારીજીએ સેરા ગ્રૂપ દ્વારા શિક્ષણના પ્રચાર-પ્રસાર માટે કડી અને અન્યત્ર હાથ ધરવામાં આવેલ પ્રવૃત્તિઓની માહિતી આપીને આ

દાનની પ્રેરણા માટે પરમકૃપાળુ પરમાત્માની વંદના કરતાં વિનમ્રતાપૂર્વક જણાવ્યું હતું કે સમાજનાં ગરીબ અને મધ્યમ વર્ગનાં બાળકોને પૂરતું શિક્ષણ મળી રહે તે હેતુ સેરા કંપની શિક્ષણ કાર્યને વેગ આપવા આ કામ કરી રહી છે, પ્રભુએ આપ્યું છે ત્યારે 'તારું' તને અર્પણ'ની ભાવનાથી કંપનીના ચેરમૅન શ્રી વિક્રમ સોમાણી સેવા કાર્યો કરી રહ્યા છે.

શરૂ કરવામાં આવનાર કૉલેજનું PPT થી વિસ્તારપૂર્વક પ્રેઝન્ટેશન કરતાં મૅનેજમેન્ટ વિદ્યાશાખાના ડીન પ્રો. ડૉ. ભાવિન પંડ્યા એ જણાવ્યું હતું કે આ કોલેજને વિશ્વસ્તરની કોલેજ તરીકે પ્રસ્થાપિત કરવાનું મંડળનું ધ્યેય રહયું હોવાથી માળખાગત સુવિધાઓ પણ ઉચ્ચસ્તરીય ગુણવત્તાસભર પૂરી પાડવામાં આવશે, જેમાં સિરામિક ટૅક્નોલૉજી, કમ્પ્યૂટર એન્જિનિયરિંગ, કમ્પ્યૂટર સાયન્સ એન્ડ એન્જિનિયરિંગ, ઇન્ફરમેશન ટૅક્નોલૉજી, મિકેનિકેલ એન્જિનિયરિંગ અને સિવિલ એન્જિનિયરિંગની વિદ્યાશાખાઓમાં શિક્ષણ આપવામાં આવશે. વધુમાં તેમણે ગ્રંથાલય, પ્રયોગશાળાઓ, શૈક્ષણિક સાધનસામગ્રી, એરકન્ડિશનિંગ, વર્ગખંડો, સ્ટાફ વગેરે અંગે વિગતવાર માહિતી આપતાં જણાવ્યું હતું કે આ હેતુ પ્રારંભમાં ત્રણ માળનું અને ત્યારબાદ કુલ ૭ માળનું અદ્યતન સુવિધાઓથી સજજ ભવનનું બાંધકામ કરવામાં આવશે, જેનો અંદાજિત રૂપિયા ૩૭ કરોડ જેટલો ખર્ચ થશે. ખાસ ઉલ્લેખનીય બાબત એ કે આ કૉલેજ વિશ્વની જોર્જીયન યુનિવર્સિટી, કેનેડા, યુનિવર્સિટી ઑફ એલ્બર્ટ, કેનેડા., યુનિવર્સિટી ઑફ લીમ્કોકિવંગ, મલેશિયા, નોર્થ અમેરિકન યુનિવર્સિટી, અમેરિકા, યુપીસીટી, સ્પેઈન સાથે કોલોબ્રેશન કરશે.

મંડળના ઇતિહાસ-ગ્રંથના લોકાર્પણ પૂર્વે સર્વ વિદ્યાલયના સેવા-નિવૃત્ત આચાર્ય, મંડળના મંત્રીશ્રી અને જાણીતા કેળવણીવિદ્ શ્રી મનુભાઈ પટેલે સર્વ વિદ્યાલયના સેવા-નિવૃત્ત આચાર્ય, કડવા પાટીદાર કેળવણી ઉત્તજક મંડળ, કડીના પ્રમુખ તથા જાણીતા સર્જક અને કેળવણીવિદ્ શ્રી મોહનલાલ પટેલ કૃત 'સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી - ગાંધીનગર અને કડવા પાટીદાર કેળવણી ઉત્તજક મંડળ, કડી (સંક્ષિપ્ત ઇતિહાસ)'નું મહાત્મ્ય ઉજાગર કરતાં જણાવ્યું હતું કે આજે આપણો ગૌરવવંતો ઇતિહાસ ભુલાતો જાય છે ત્યારે શ્રી મોહનભાઈસાહેબે તેને શબ્દબદ્ધ કરીને આપણને તેમના ઋણી બનાવ્યા છે. અહીં સંસ્થાના પ્રારંભથી પ્રાયઃ ૯૫ વર્ષની સુખદ - દુઃખદ ઘટનાઓનું પૂરી તટસ્થતા સાથે આધિકારિક આલેખન કરવામાં આવ્યું છે. આ ઇતિહાસ લેખનનું કાર્ય સૌથી અઘરું કાર્ય છે, જે તેમણે ભારે ચીવટથી સંપન્ન કરી આપ્યું છે. આજે આપણી વચ્ચે સાહેબ જ એક માત્ર એવી વ્યક્તિ છે કે જેમના સ્મૃતિપટલ ઉપર સંસ્થાની રજેરજની માહિતી તાજી જ રહી છે તથા હયાત વ્યક્તિઓ પૈકી તેઓશ્રી સૌથી વધુ લાંબા સમય સુધી સંસ્થા સાથે જોડાયેલા રહ્યા છે. તેઓશ્રી ખરા અર્થમાં સર્વ વિદ્યાલયનો એન્સાઇકલોપીડિયા છે. વધુમાં, તેમણે મંડળની સંક્ષેપમાં ઇતિહાસ-રેખા વર્ણવતાં ઉદા. તરીકે કોઈ જાતના ભેદભાવ સિવાય મેરીટના આધારે પ્રવેશ તથા આર્થિક રીતે ગરીબ વિદ્યાર્થીઓને અભ્યાસ માટે ખાસ પ્રોત્સાહન પૂરું પાડવાની નીતિ, ઋષિપરંપરાના પૂર્વ-આચાર્યશ્રીઓ શ્રી બાપુભાઈ ગામી, શ્રી પોપટલાલ પટેલ, શ્રી નાથાભાઈ દેસાઈ અને શ્રી મોહનલાલ પટેલ તથા શિક્ષક શ્રી છગનભાઈ કા. પટેલે પોતાની કારકિર્દીની પરવા કર્યા સિવાય તેમણે કરેલ નૈતિક મૂલ્યોની પ્રસ્થાપના અને મંડળ માટેની ત્યાગભાવનાની ઋણસ્વીકાર સાથે નોંધ લઈ મંડળની કેટલીક આગવી વિશેષતાઓ પણ રેખાંકિત કરી આપતાં જણાવ્યું કે આવી ઉમદા નીતિઓના કારણે આ સંસ્થા શતાબ્દીના આરે ઊભી હોવા છતાં વાર્ધક્યના સ્થાને યૌવનમસ્ત બની વિકાસ પામી રહી છે, જે એક ગર્વ લેવા જેવી બાબત છે.

પ્રસ્તુત ગ્રંથનું લોકાર્પણ જ્ઞાનપીઠ અવૉર્ડ વિજેતા અને ગુજરાતી સાહિત્યના લબ્ધપ્રતિષ્ઠ સર્જક ડૉ. રઘુવીર ચૌધરી અને મંચસ્થ મહાનુભાવોના વરદહસ્તે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે શ્રી રઘુવીર ચૌધરી અને શ્રી મોહનલાલ પટેલને સન્માનપત્ર અને શાલ અર્પણ કરીને સંસ્થા પરિવાર તરફથી સન્માનિત કરવામાં આવ્યા હતા. સન્માનનો પ્રતિભાવ આપતાં શ્રી મોહનલાલ પટેલે જણાવ્યું કે એકાદ દસક પૂર્વે આપણા સદ્ગત ચેરમૅન શ્રી માણેકલાલભાઈએ મને સંસ્થાનો ઇતિહાસ લખવા આગ્રહપૂર્વક જણાવ્યું ત્યારે આ ઇતિહાસમાં શું પસંદ કરવું અને શું છોડવું તે અંગે ભારે દ્વિધા અનુભવી હતી. આમ છતાં સંસ્થાના પ્રાપ્ત જૂનાં દફતરો અને અન્ય

સમસામયિક સાહિત્ય તપાસી જઈને આ ઇતિહાસનું આલેખન કરવા પ્રયાસ કર્યો છે. વળી, ઈ.સ. ૧૯૫૦થી આજદિન સુધી આ સંસ્થા સાથે પૂરાં ૬૭ વર્ષથી સીધો જ સંકળાયેલો રહ્યો હોવાથી સ્વાભાવિક રીતે જ સંસ્થાના તાણા-વાણાથી સુપરિચિત રહ્યો છું. મારે કહેવું જ રહ્યું કે આ ઇતિહાસના સર્જનનું શ્રેય સ્વ. માણેકલાલભાઈને જાય છે. તેમની પ્રેરણાનું જ આ પરિણામ છે. આ ઉપરાંત આપણા પૂર્વ-આચાર્ય અને મંડળના મંત્રી શ્રી મનુભાઈ પટેલની પણ આ ઇતિહાસ માટે સતત માગણી અને લાગણી પણ જવાબદાર છે. આ મંડળ / વિદ્યાલયની સ્થાપનાના પાયામાં વીરમગામના પુરુષોત્તમદાસ લલ્લુભાઈ તથા નગીનભાઈ વૃજલાલ પટેલ અને સ્વામી કેશવાનંદ દ્વારા બીજ સ્થાપન અને પૂ. છગનભાનો પુરુષાર્થ રહ્યો છે. વધુમાં તેમણે સ્વ. માણેકલાલ પટેલ અને મંડળના અન્ય કર્ણધારોની દૂરંદેશિતાપૂર્ણ કેળવણી દ્રષ્ટિ અને પુરુષાર્થની પણ સરાહના કરી હતી.

શ્રી રઘુવીરભાઈએ પોતાના સુચિંતનીય ઉદ્‌બોધનના પ્રારંભમાં સર્વ વિદ્યાલયના દૃષ્ટિવંત ઈતિહાસ-લેખન માટે દર્શક અવૉર્ડથી વિભૂષિત એવા જાણીતા સર્જક અને પોતાના દાદાગુરુ શ્રી મોહનભાઈ સાહેબનો તથા પોતાનું સન્માન કરવા બદલ તેમજ પોતાને 'સર્વ વિદ્યાલયના સ્વજન' તરીકે ગણવા બદલ સર્વ વિદ્યાલય પરિવારનો હૃદયપૂર્વક આભાર માન્યો હતો. વધુમાં તેમણે ઉત્તર ગુજરાતની કર્મશીલ પટેલ જ્ઞાતિની સેવાપરાયણતાની નોંધ લઈને સમાજના બધા જ વર્ગોના વિકાસ માટે શિક્ષણની સવલત પૂરી પાડવા માટે પણ પટેલસમાજની મુક્તકંઠે પ્રશંસા કરી હતી. કેશવાનંદસ્વામીએ છગનભાને સન્યાસી તરીકેની દીક્ષા ન આપતાં પોતાના સમાજમાં પ્રવેશેલ અંધકારને દૂર કરવા સમાજ સુધારણાનું કાર્ય કરવા આપેલ પ્રેરણાને પરિવર્તનની ક્ષણ ગણાવીને છગનભાનો ધ્યેયનિષ્ઠ પુરુષાર્થ, સરસેનાધ્યક્ષ સમાન માણેકલાલ પટેલનાં કર્મઠતા, શૈક્ષણિક દૃષ્ટિ, ઉદારચેતા વ્યક્તિત્વ, સંસ્થાભક્તિ તથા અન્ય ઉત્તરાધિકારીઓ, ગુરુકૂળ પરંપરાના આચાર્યશ્રીઓ વગેરેના પ્રયાસોને આ સંસ્થાના વિકાસ માટે શ્રેયના અધિકારી ગણાવ્યા હતા.

સમારોહના અંતમાં મંડળના ચેરમૅન અને કડી સર્વ વિશ્વવિદ્યાલયના પ્રેસિડેન્ટ શ્રી વલ્લભભાઈ પટેલે નવીન શરૂ કરવામાં આવનાર એન્જિનિયરિંગ કૉલેજના સેરા ગ્રૂપના દાતાશ્રીઓ, પૂર્વ-દાતાશ્રીઓ, શ્રી રઘુવીરભાઈ, શ્રી મોહનભાઈસાહેબ, કારોબારી સમિતના સભ્યશ્રીઓ વગેરે મંચસ્થ મહાનુભાવો અને સૌ આમંત્રિતોનો હૃદયસ્થભાવે આભાર માન્યો હતો. આ ઉપરાંત આજે ઘણી એન્જિનિયરિંગ કૉલેજોમાં મંજૂર કરવામાં આવેલ બેઠકો પૈકી ૫૦% થી ૧૦૦% જેટલી ખાલી રહેતી હોય છે, ત્યારે નવી કૉલેજ શરૂ કરવાની જરૂરિયાત કેમ ? તેવા સંભવિત પ્રશ્નનો પ્રતિભાવ આપતાં તેમણે જણાવ્યું કે ગુણવત્તાશીલ શિક્ષણ માટે સર્વ વિદ્યાલય આગવી ઓળખ ધરાવે છે. આપણી ગાંધીનગરની એન્જિનિયરિંગ કૉલેજમાં પ્રાયઃ બધી જ શાખાઓમાં ૧૦૦% બેઠકો ભરાઈ જાય છે. વળી, આપણે આ નવી કૉલેજ ઉચ્ચ ગુણવત્તાના ધોરણે એક શ્રેષ્ઠ કોલેજ તરીકે શરૂ કરવા જઈ રહ્યા છીએ તેથી કૉલેજમાં નિર્ધારિત બેઠકો ભરાવા અંગે કોઈ સંશયને સ્થાન રહેશે નહીં. વધુમાં તેમણે જણાવ્યું હતું કે શ્રી મોહનભાઈ સાહેબ કૃત ઇતિહાસગ્રંથ કેટલાક સમય પૂર્વે મુદ્રિત થઈ ગયો હતો પરંતુ તેના લોકાર્પણ માટે સુયોગ્ય તકની રાહ જોઈ રહ્યો હતો. કારણ કે આપણી સંસ્થાનો આ ઇતિહાસ એ એક ઐતિહાસિક ઘટના સમાન છે. સેરા ગ્રૂપનું દાન એ પણ એક ઐતિહાસિક ઘટના સમાન છે. અર્થાત્ આજસુધી આપણને મળેલાં દાન પૈકી સૌથી મોટી રકમનું આ દાન છે, તેથી આ બંને ગૌરવવંતા પ્રસંગોને એક સાથે વણી લેવામાં મને ઔચિત્ય જણાયું છે. આ સાથે જ તેમણે સંસ્થાના બદલાતા જતા સ્વરૂપની, આર્થિક રીતે જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને મદદરૂપ નીવડવાની સંસ્થાની ભાવના વગેરે બાબતો વિશે પણ જણાવ્યું હતું, તેમજ આ નવીન કૉલેજ યથાસંભવ ૨૦૧૮/૧૯ કે ૨૦૧૯/૨૦ માં શરૂ કરવાનો નિર્ધાર પણ વ્યકત કર્યો હતો.

ખાસ ઉલ્લેખનીય બાબત એ છે કે સેરા સેનેટરીવેરના ચેરમૅન શ્રી વિક્રમભાઈ સોમાણી પરિસ્થિતિવશાત્ ખાતમુર્હૂત પ્રસંગે તા. ૧૦ નવેમ્બર ના રોજ ઉપસ્થિત રહી શક્યા ન હતા. પરંતુ તા. ૧૨ નવેમ્બરના રોજ તેમનાં ધર્મપત્ની શ્રીમતી સ્મિતિ સોમાણી, પુત્રવધૂ શ્રીમતી દીપશિખા વિધુશ સોમાણી, પુત્રી કુ. પૂજા સોમાણી, તથા સેરા ગ્રૂપના કેટલાક ઉચ્ચ

અધિકારીઓ સર્વશ્રી શ્રી વિવેક તિવારી, શ્રી મોદી, શ્રી સુનીતિ કપૂર, શ્રી સંઘવી વગેરે સાથે સર્વ વિદ્યાલય પરિસર, કડીની તથા ખાતમુહૂર્ત કરવામાં આવેલ સ્થળની ખાસ મુલાકાતે આવતાં સર્વ વિદ્યાલય પરિવારના કર્ણધારો દ્વારા તેમનું હાર્દિક સ્વાગત કરવામાં આવ્યું હતું. આ સૌએ કેળવણી મંડળની વિદ્યાકીય પ્રવૃત્તિઓને બિરદાવીને હરિયાળું પરિસર જોઈ પ્રસન્નતા અભિવ્યક્ત કરી હતી.

## પૂજય છગનભા વ્યાખ્યાન-પર્વ

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી-ગાંધીનગર દ્વારા પૂ. છગનભાની સ્મૃતિમાં **'પૂજ્ય શ્રી છગનભા સ્મૃતિ વ્યાખ્યાન-પર્વ'**નું આયોજન પ્રતિવર્ષ કરવામાં આવે છે. શ્રી સરઢવ કેળવણી ઉત્તજક મંડળ, સરઢવના અમૃત મહોત્સવની ઉજવણીને ધ્યાને લઈ આ મંડળના ખાસ આમંત્રણથી સર્વ વિદ્યાલય કેળવણી મંડળના સંયુકત ઉપક્રમે સદર વ્યાખ્યાન-પર્વના વર્ષ ૨૦૧૭-૨૦૧૮ ના વ્યાખ્યાનનું આયોજન સરઢવમાં સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, ગાંધીનગર શાખાના પ્રમુખ ડૉ. કનુભાઈ પટેલના અધ્યક્ષસ્થાને તા. ૧૭ નવેમ્બર, ૨૦૧૭ ના રોજ યોજવામાં આવ્યું હતું. આ સમારોહના મુખ્યમહેમાન અને તજજ્ઞ વક્તા તરીકે સર્વ વિદ્યાલયના સેવાનિવૃત્ત આચાર્ય, જાણીતા સર્જક તથા કડવા પાટીદાર કેળવણી ઉત્તજક મંડળના પ્રમુખ શ્રી મોહનલાલ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે ખાસ આમંત્રિત શ્રી વલ્લભભાઈ પટેલ, ડૉ. મોતીભાઈ પટેલ, ડૉ. કનુભાઈ નાયક ઉપરાંત પૂ. છગનભાના પૌત્ર શ્રી કનુભાઈ પટેલ, પ્રો. ડૉ. વિઠ્ઠલભાઈ પટેલ, નોર્વે નિવાસી શ્રીમતી તરુબહેન અમીન અને ડૉ. અમીન, સર્વ વિદ્યાલય કેળવણી મંડળના વરિષ્ઠ મંત્રીશ્રીઓ ડૉ. મણિભાઈ પટેલ, શ્રી જયંતીભાઈ પટેલ, વિશ્વવિદ્યાલયના ડાયરેકટર શ્રી ટી.ડી.કાપડિયા, શ્રી વાડીભાઈ પટેલ, શ્રી કે.ટી.પટેલ, સરઢવ કેળવણી મંડળના અને ગામના સૌ અગ્રણીઓ સર્વશ્રી ગિરીશભાઈ પટેલ, ડૉ. કે. કે. પટેલ, શ્રી શંકરભાઈ પટેલ, શ્રી કનુભાઈ પટેલ, સરપંચ બહેનશ્રી, સર્વ વિદ્યાલયનાં પરિવારજનો, સરઢવ શાળા- પરિવાર તથા ગ્રામજનો વગેરે મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં.

અમૃત મહોત્સવ ઉજવણી સમિતિના કન્વીનર શ્રી નવીનચંદ્ર પી. પટેલે સ્વાગત - પ્રવચન કરતાં સૌ આમંત્રિતોનું હૃદયના ઉમળકારભેર સ્વાગત કરી આગમન બદલ સૌનો આભાર માન્યો હતો. ડૉ. બળદેવભાઈ પટેલે મંચસ્થ મહાનુભાવોનો પરિચય કરાવ્યો હતો.

શ્રી મોહનભાઈ પટેલે પૂ. છગનભાના કેળવણી-ક્ષેત્રે પ્રદાન વિશે વિગતસભર અધ્યયનશીલ ઝાંખી કરાવવાના પ્રારંભમાં છગનભા વિશે કોઈ ખાસ દસ્તાવેજી સામગ્રી ઉપલબ્ધ નહીં હોવા વિશે વસવસો વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે આ વિભૂતિ પ્રતિ આપણે આદર ધરાવીએ છીએ પરંતુ તેમના વિશે કોઈએ કશું લખ્યું નથી. છગનભાના સમકાલીનો કે જેમણે છગનભા સાથે કાર્ય કર્યું હતું. તેઓ પૈકી ફક્ત પ્રો. રણજિત પટેલ 'અનામી', પીતામ્બરદાસ પટેલ અને પુરુષોત્તમદાસ પટેલ 'દાસકાકા'એ થોડીક જ માહિતી તેમનાં કાવ્યો / લેખો / સંસ્મરણોના માધ્યમથી નોંધી છે. વળી, આપણે તેમના વિશે જે કંઈ થોડુંક જાણીએ છીએ અથવા તેમના વિશે કહેવામાં આવે છે તે પણ કર્ણોપકર્ણ. પરિણામે તેમના વિશેની પ્રાપ્ત માહિતીમાં ઘણું સંમિશ્રણ જોવા મળે છે. એક ઉદાહરણ તરીકે જણાવું છું કે અમે ૧૯૯૮માં ફંડ માટે અમેરિકા ગયા હતા ત્યારે શ્રી ચિત્તરંજનભાઈના નિવાસસ્થાને અમે સૌ મળેલા ત્યારે એક ભાઈએ પ્રશ્ન કર્યો કે છગનભાએ સરઢવ માટે શું કર્યું ? શ્રી માણેકલાલભાઈ આ વિધાન કઈ રીતે સ્વીકારી શકે અને સહન કરી શકે ? તેમના ભાલપ્રદેશની રેખાઓ તંગ થતી જોતાં તેમના વતી મેં તે સદગૃહસ્થને છગનભાએ સમગ્ર પ્રદેશના શૈક્ષણિક - સામાજિક વિકાસ માટે કરેલાં કાર્યોની વાત કરી ત્યારે તેઓ ખુદ આ સેવાકાર્યોથી પ્રભાવિત થઈ ગયા હતા. આ જ રીતે ત્રણેક વર્ષ પૂર્વે છગનભા વિશે દોલત ભટ્ટે પણ તેમની સાપ્તાહિક કૉલમમાં છગનભા વિશે આધારહીન માહિતી વર્ણવી હતી. છગનભા એક વિચારશીલ પુરુષ હતા, જેની પ્રતીતિ 'કડવા વિજય', 'કેળવણી' વગેરે સામયિકોમાં પ્રગટ થયેલા તેમના લેખોના આધારે થાય છે. વળી, તેઓશ્રી ઉત્તમ વક્તા હતા પણ હતા, જેની નોંધ લેતાં સવાયા ગુજરાતી કાકાસાહેબ કાલેલકરે તેમને પોતે સાંભળેલ

પાંચ ઉત્તમ વક્તાએ પૈકીના એક વક્તા તરીકે તેમને ઓળખાવેલ છે. છગનભાનો એક લેખ 'હું ભૂલ્યો, સૌ ચેતજો' કે જે મેં અક્ષરશઃ 'પ્રજ્ઞાદીપ છગનભા'માં તેના ૧૫મા પ્રકરણ 'આત્મનિવેદન અને કેફિયત' અંતર્ગત પુનર્મુદ્રિત કર્યો છે તે વાંચીને જાણીતા કેળવણીવિદ્ કુલીનચંદ્ર યાજ્ઞિકસાહેબે તેની લેખનશૈલી અને વિચારગાંભીર્યથી પ્રભાવિત થતાં મને ફોન કરીને પોતાની પ્રસન્નતા જણાવી હતી. છગનભાના કુટુંબનું ભક્તિભાવભર્યું વાતાવરણ, પિતા કબીરપંથી અને સ્વામિનારાયણ સંસ્કારોથી પરિપ્લાવિત. પોતે 'બ્રહ્મસૂત્ર', 'પંચીકરણ', 'વૃત્તિપ્રભાકર', 'પાતંજલ યોગસૂત્ર' વગેરે ધાર્મિક - દાર્શનિક ગ્રંથોના અભ્યાસુ હોઈ તેમનો આતમરામ જાગૃત થતાં સંન્યાસ લેવા કાશી ગયા હતા. પરંતુ સ્વામી કેશવાનંદે સંન્યાસી થવાની દીક્ષા ન આપતાં કેળવણીના માધ્યમથી સમાજસેવા કરવાની દીક્ષા આપીને વતન પરત મોકલ્યા હતા. સમાજોદ્ધારના ધખારાથી તપ્ત એવા આપણા છગનભાને તેમના સમકાલીનો પૈકી સ્વામી કેશવાનંદ, વીરમગામના નગીનદાસ વૃજલાલ પટેલ, સર સયાજીરાવ ગાયકવાડ, ડૉ. ઠાકોરભાઈ દેસાઈ અને મહાત્મા ગાંધીએ પૂરેપૂરા ઓળખી લીધા હતા અને આ સૌએ તેમનાં કાર્યોની ભારે સરાહના કરી હતી.

છગનભાના આગવા વ્યક્તિત્વની ઓળખ કરાવવા માટે મોહનભાઈએ અસ્તિત્વવાદના પુરસ્કર્તા જ્યાં પોલ સાત્ર કૃત 'Asking for Themes of Emotions'માં લાગણી, અંતઃકરણની વાતો વગેરે વિશે અભિવ્યકત તાર્કિક ચિંતનનો હવાલો ટાંકતાં જણાવ્યું હતું કે છગનભાની પ્રતિભાના ઘડતરમાં જીવનના વ્યાપક ફલક ઉપરના બહુવિધ અનુભવો ઉદા. તરીકે ભણવાની ઉંમરે નિશાળના બદલે આઠ વર્ષની વયે જરી-કિનખાબના કારખાનમાં મજૂરીએ જવું, પિતાશ્રી દ્વારા શરૂ કરેલ લાકડાંની લાટીના ધંધાનો અનુભવ, શરાફી પેઢીમાં કામ કરવું, કાલાં-કપાસનો ધંધો કરવો, ખેતી કરવી વગેરે, આત્મજ્ઞાન થતાં ૧૮ વર્ષની ઉંમરે પાઠશાળામાં ભણવા બેસવું વગેરે બાબતો ઉત્તરદાયી જણાય છે. તેઓશ્રી આપ અનુભવમાંથી પોતાની ઓળખ ઊભી કરી શક્યા છે. આ બધા અનુભવોના કારણે જ ૧૮૫૪ના વુડના ખરીતાથી ૧૯૬૪-૬૬ ના કોઠારી શિક્ષણપંચ સુધીના અહેવાલોમાં શિક્ષણ સુધારણા માટે મસ્તક, હાથ અને હૈયાની કેળવણી વિશે જ કહેવામાં આવતું રહ્યું તે તેમણે પાટીદાર વિદ્યાલય (હવે સર્વ વિદ્યાલય)માં ૧૯૨૨થી અમલીકૃત કર્યું હતું. શાળા પહેલાં છાત્રાલયની આવશ્યકતા પિછાણી અને ભવિષ્યની જરૂરિયાતો ધ્યાને લઈ મોટા પાયે બાંધકામ કરાવડાવ્યું. આ માટે તેમણે બબ્બે વખત ભીષ્મ પ્રતિજ્ઞાઓ પણ લીધી હતી. ખેડૂતોના હિત કાજે સર સયાજીરાવને મળીને જમીન વ્યવસ્થાપન વિશે સમજાવ્યું અને ગૌશાળા શરૂ કરાવીને ખેતી માટે જરૂરી બળદો પૂરા પાડવા માટે જાનનું જોખમ વહોરીને પણ ખસીકરણ શરૂ કરાવ્યું હતું. ગામડે ગામડે જઈ શાળાનાં બાળકો પાસે ગ્રામોદ્ધાર માટેના કાર્યક્રમો કરાવી શાળા સમાજના વિકાસ માટે શું કરી શકે તે પ્રસ્થાપિત કરી આપ્યું. આમ તેમણે કેળવણીની સંસ્થાને સામુદાયિક કેન્દ્ર બનાવવાના સ્થાને સમાજને જ સામુદાયિક કેન્દ્ર બનાવ્યું. વધુમાં, તેમણે પાયાની ખરી કેળવણીની શરૂઆત કરાવી આપી નાનાભાઈ ભટ્ટ વગેરે જે ન કરી શક્યા તે તેમણે સવાઈ કેળવણીકાર તરીકે ઘણાં કાર્યો કરી બતાવ્યાં. મારે કહેવું જોઈએ કે છગનભાએ કોઈ કેળવણીશાત્રના ગ્રંથો વાંચ્યા ન હતા. આ બધું તેમના હૈયાની - પોતીકી નીપજ હતી. તેમની આ ધખનાની આપણે કલ્પના પણ ન કરી શકીએ. તેમણે કેળવણીની ભૂખ પેદા કરવાનું ભારે મોટું કાર્ય કર્યું, જેને સંતોષવાનું કાર્ય આપણા માણેકલાલભાઈએ નર્સરીથી વિશ્વવિદ્યાલય સ્તર સુધીની બહુવિધ સંસ્થાઓની ઉચ્ચગુણવત્તાનાં ધોરણો સાથે સ્થાપના કરીને કર્યું. સમાપન કરતાં તેમણે કહ્યું કે છગનભા વિશે વાત કરવી મને ગમે, તેમના વિશે બોલવું એ મારું સૌભાગ્ય ગણું છું. એક કલાક તો શું ત્રણ-ત્રણ કલાક સુધી ઊભો રહી ભા વિશે વાતો કરી શકું તેમ છે. પણ, હવે આટલું બસ. આપ સૌનો આભાર.

આ પ્રસંગે જાણીતા શિક્ષણવિદ્ ડૉ. મોતીભાઈ પટેલે સર્વ વિદ્યાલય કેળવણી મંડળની પ્રવૃત્તિઓ અને છગનભાના પ્રદાન વિશે જણાવતાં કહ્યું કે શ્રી મોહનભાઈનું આજનું વ્યાખ્યાન યુનિવર્સિટીના પદવીદાન સમારંભ પ્રસંગે અપાતા વ્યાખ્યાનસ્તરનું સુચિંતનીય વ્યાખ્યાન છે. વધુમાં તેમણે જણાવ્યું કે છગનભા વિશે

વિવિધસ્તરનાં ઉદા. તરીકે બાળકોના છગનભા, શિક્ષકો માટે છગનભા, વાલીઓ માટે છગનભા વગેરે જેવાં પુસ્તકો તૈયાર કરાવવાં જોઈએ. ગાંધીજીવન શૈલી જેમના જીવનનો અંતરંગ હિસ્સો બની ગઈ છે તેવા ગૂજરાત વિદ્યાપીઠના સેવાનિવૃત્ત પ્રાધ્યાપક-આચાર્ય ડૉ. કનુભાઈ નાયકે સરઢવ ગામ સાથેનાં પોતાનાં બાલ્યવયનાં સંસ્મરણો વર્ણવવાની સાથે 'પૂજ્ય છગનભા'ના કેળવણી ક્ષેત્રે પ્રદાન વિશે પણ જણાવ્યું હતું.

સર્વ વિદ્યાલય કેળવણી મંડળના ચેરમૅન અને કડી સર્વ વિશ્વવિદ્યાલયના પ્રેસિડેન્ટ શ્રી વલ્લભભાઈ પટેલે પ્રાસંગિક ઉદ્‌બોધનમાં જણાવ્યું કે સરઢવ કેળવણી ઉત્તજક મંડળ એ સર્વ વિદ્યાલયનો એક અંતરંગ હિસ્સો જ છે. અહીંની શાળાનાં બાળકોને સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શાળા-કૉલેજોમાં ભણતાં બાળકો જેટલો જ પ્રવેશનો સમાનાધિકાર છે. પૂ. ભાએ વિકાસ માટે એક ગામ પસંદ ન કરતાં - પોતાના ગામનું મમત્વ ન રાખતાં આખો પ્રદેશ પસંદ કર્યો - તત્કાલીન સમયના ગાયકવાડી રાજ્યના કડી પ્રાન્તના મુખ્ય નગર કડીને પસંદ કરીને વ્યાપક સમાજની - સીમાડાવિહીન સમાજની ભારે મોટી સેવા કરી છે. મારે સ્વીકારવું રહ્યું કે કેટલાંક વર્ષો પૂર્વે સરઢવના કોઈ સદ્‌ગૃહસ્થ તેમના પાલ્યને શાળામાં પ્રવેશ અપાવવા માટે મને મળેલા. મેરિટને ધ્યાને લેતાં તે બાળકને પ્રવેશ મળેલો નહીં, છતાં તેમનો પ્રવેશ માટે આગ્રહ હતો. મેં જણાવ્યું કે અમારી શાળાનાં બાળકોનો પ્રવેશનો પહેલો અધિકાર છે, જગ્યા વધે તો અન્યોને મેરિટ મુજબ પ્રવેશ મળે. ત્યારે તે ભાઈએ મને કહ્યું હતું કે 'સાહેબ જરા જુઓ તો ખરા કે હું કયા ગામ અને શાળામાંથી આવું છું ?' આ શબ્દો સાંભળતાંની સાથે જ બાળકના શાળા છોડ્યાના પ્રમાણપત્ર ઉપર જોઉં છું અને મારો અંતરાત્મા જાગી ઊઠે છે અને પોકારે છે કે આ તો સર્વ વિદ્યાલયના પરિવારની જ શાળા છે. તેનો પણ સમાન અધિકાર છે. આ ઘટનાથી હું ઘણો જ વ્યથિત થઈ ગયો અને પૂ. છગનભા પ્રાથમિક શાળા, સરઢવનાં બાળકોને ગાંધીનગરની તમામ શાળાઓમાં સર્વ વિદ્યાલય કેળવણી મંડળની શાળાઓ પ્રમાણે માતૃસંસ્થા ગણીને પ્રવેશ આપવાનો રહેશે તે પ્રકારે મંડળ દ્વારા ઠરાવ પણ કરી દેવામાં આવ્યો છે. આ સાથે મારે એ પણ કબૂલ કરવું જોઈએ કે આજે હું સરઢવમાં પ્રથમ વખત આવ્યો છું. તીર્થસ્થળ સ્વરૂપ પૂ. ભાનું નિવાસસ્થાન, તેમનાં પરિવારજનો - પૂજ્ય બાપુજી કનુભાઈ પટેલ વગેરે, સરઢવ કેળવણી મંડળના સૌ કર્ણધારો શ્રી ગિરીશભાઈ પટેલ વગેરે સભ્યશ્રીઓ, ગ્રામજનો, આ શાળાનાં બાળકો વગેરેને મળીને - મારા પરિવારને મળીને મારું હૈયું ભારે પ્રસન્નતા અનુભવે છે. આ ગામનો નિવાસી હોઉં એવો જ ભાવ મેં આપ સૌમાં જોયો છે, એવો ઉષ્માપૂર્ણ પ્રેમ આપે આપ્યો છે, અમને સૌને હૃદયના ઉમળકાભેર આવકાર આપ્યો છે તે માટે આપ સૌનો હૃદયપૂર્વક અભાર માનું છું. આજનું મારું અહીંનું આગમન એક તીર્થસ્થળની યાત્રા સમાન અનુભવી રહયો છું. પુનઃ આ કેળવણી મંડળ, આ ગામ સર્વ વિદ્યાલયથી અલગ હોઈ જ ન શકે. આ તો સર્વ વિદ્યાલય કેળવણી મંડળનો એક હિસ્સો જ છે અને રહેશે. આમંત્રણ માટે આપ સૌનો ઋણી છું.

અધ્યક્ષીય ઉદ્‌બોધનમાં ડૉ. કનુભાઈ પટેલે મુ. શ્રી મોહનભાઈસાહેબ અને શ્રી સરદારભાઈએ પોતાનાં ઉદ્‌બોધનોમાં વ્યક્ત કરેલા વિચારોમાં પોતાની સહમતિનો સૂર પુરાવીને આ પવિત્રભૂમિનાં વંદન કરી સૌનો આભાર માન્યો હતો.

શ્રી સરઢવ કેળવણી ઉત્તજક મંડળના ઉપપ્રમુખ શ્રી શંકરભાઈ પટેલે મંચસ્થ મહાનુભાવો અને ઉપસ્થિત સૌ કેળવણી પ્રેમીજનો, વિદ્યાર્થીઓ, વગેરેનો હૃદયપૂર્વક આભાર માન્યો હતો. આ સાથે સરઢવ કેળવણી મંડળના પ્રમુખ શ્રી ગિરીશભાઈ પટેલની ઉદાત્ત દાનભાવના, શિક્ષણના પ્રચાર-પ્રસાર માટેનાં કાર્યો અને ગામના વિકાસ માટેની ન્યોછાવરી ભાવનાનો પરિચય આપતાં જણાવ્યું કે તેમણે દવાખાના માટે એક કરોડ રૂપિયાનું દાન આપ્યું છે, તેમજ સ્વનિર્ભર ધોરણે ચલાવવામાં આવતી પ્રાથમિક શાળાનાં બાળકોની ફી પેટે પ્રતિ વર્ષ અંદાજિત પાંચ-છ લાખ રૂપિયા પોતે સ્વેચ્છાએ ભરી રહ્યા છે. આ ઉપરાંત આ પૂર્વે આ કેળવણી મંડળને રૂપિયા ૨૫ લાખનું દાન આપ્યું છે. વધુમાં તેમણે જણાવ્યું કે પૂ. ભાના પૌત્ર શ્રી કનુભાઈ પટેલે પણ આજે રૂ. ૫.૫૫ લાખના દાનનો ચેક આપ્યો છે. આ માટે આપ સૌનો આભારી છું. કાર્યક્રમનું સંચાલન ડૉ. બી. આર. પટેલે સુચારુ રીતે કર્યું હતું.

# સર્વવિદ્યાલય કેળવણીમંડળ ઈતિહાસની અટારીએથી

[છગનભાઈને સાઈઠ વર્ષ પૂરાં થયાં એ પછી એમનો એક આત્મવિશ્લેષણાત્મક લેખ સં. ૧૯૭૮ના 'કડવા વિજય' માસિકના આસો મહિનાના અંકમાં 'હું ભૂલ્યો; સૌ ચેતજો' શીર્ષકથી પ્રગટ થયો હતો. એ લેખ છગનભાના વ્યક્તિત્વનાં અનેક પાસાં વિશે ઘણું ઘણું કહી જાય છે. એટલે એ લેખ મૂળ રૂપમાં જ અહીં પ્રસ્તુત કર્યો છે :]

## હું ભૂલ્યો; સૌ ચેતજો'

### છગનભા

મારું શરીર વૃદ્ધ થયું છે. મને આ વર્ષે સાઠ વરસ થયાં. રસ્તે જતાં સૌ કોઈ ભા અથવા કાકા કહે છે. મેં આ જીવનમાં ઘણા તડકાછાંયા જોયા છે. હિન્દુસ્તાનમાં જુદા-જુદા નિમિત્તે હું દૂર દૂર ફર્યો છું. જુદા-જુદા ધંધાના, જુદા-જુદા પ્રકારના, જુદી-જુદી જ્ઞાતિઓના જુદા-જુદા અનેક માણસોનો મેં અનુભવ કર્યો છે. કેટલાક લોકો મને અનુભવી અને પાકી બુદ્ધિનો કહે છે, માને છે અને કેટલીક બાબતમાં મારી સલાહ પણ લે છે. એ પ્રમાણે ચાલતાં તેમને ધાર્યું પરિણામ પણ આવે છે. હું મારી જિંદગીમાં મારા વ્યવહારમાં પણ સાવચેતીથી મારી બુદ્ધિનો ઉપયોગ કરી દરેક કાર્ય કરે જાઉં છું. અને તે સીધે જ રસ્તે જ કરું છું એમ હું જોઉં છું અને ઘણા બુદ્ધિમાન તેની સાખ પૂરે છે. મેં આ લાંબી જિંદગીમાં ખેતી કરી, ખેતી કરાવી. ઘણા વેપાર કર્યા, ગુમાસ્તી પણ કરી. આખી જિંદગીમાં એક ઘડી પણ નિરુદ્યમી નથી બેઠો. જગત મને ઉદ્યોગી અને ઉપયોગી ગણે છે, છતાં કોણ જાણે શું થાય છે કે હું સાત સાંધું છું ત્યાં તેર તૂટે છે. મારી સાથેના કાંઈક લખપતિ થયા. મારે બતાવેલે રસ્તે ચાલતાં ઘણા સારી સ્થિતિ ઉપર આવી ગયા અને મારો ઘણી વાર ઉપકાર માને છે. મેં પણ ઘણા ઘણા ઊથલધડા કર્યા. કોઈ દિવસે કોઈ ધંધામાં અનીતિ નહીં કરેલી તેમ કોઈનું બૂરું પણ નહીં ઇચ્છેલું અને ઘણા પ્રયત્નોના પરિણામે નજરે આભલાડુ જોયેલ અને ઓ આવ્યા, ઓ આવ્યા થતાં આંગળીનાં ટેરવાં સુધી આવી પાછા પડેલા. માત્ર હાથમાં જ ન આવેલા અને પરિણામે દરેક વખતે હું તો હોઉં ત્યાંનો ત્યાં. સારી રાત દળ્યું ત્યારે કોડિયામાં વાળ્યા જેટલુંયે ભેગું થયું ન હોય. પ્રયત્નોથી હું હાર્યો-થાક્યો શાંત થઈ બેઠો. શાંતિમાં પ્રભુનું સ્મરણ થાય.

એક દિવસ હું હરિનું નામ-સ્મરણ કરતો, શાસ્ત્રોમાંથી મારા આશ્વાસનના દાખલા-દલીલો ખોળતો, મારી આ સ્થિતિનું કારણ શું તેનું ચિંતન કરતો ઊંઘ્યો. પાછલી રાતનું મને સ્વપ્ન થયું. જાણે હું કયાં ગામ જવા નીકળેલો રસ્તે ચાલ્યો જાઉં છું. રસ્તામાં કોઈ સાધુ-મહાત્માને દીઠા. મારી હંમેશની ટેવ માફક સાધુ દેખી હું તેમની પાસે ગયો. મહાત્મા કોઈ તેજસ્વી જણાતા હતા. તેમની પાસે જઈ નમસ્કાર કરી મહાત્માની પ્રતિભાશાળી મૂર્તિ નિહાળતો હું એક તરફ સામો બેઠો. મહાત્મા વિચક્ષણ બુદ્ધિના. થોડી વારે બોલ્યા : 'ક્યું ભગત તેરે ભીતર શોચ કૈસા ? તુમ પ્રસન્ન ચિત્ત ક્યું નહીં હો ?' મેં મારી આખી જિંદગીની વાત અથઇતિ મહાત્માજીને કહી. તે સાંભળી તે ખડખડ હસ્યા અને બોલ્યા : 'ક્યા દિયા વિના કોઈ પાતા હય ?' આપ્યા વિના કોઈને મળે છે ? 'ચલ મેરી સાથ. મેં તેરેકુ કુછ બતલાઉં.' કહી મહાત્મા ઊઠ્યા. શી ખબર ક્યાં ગયા અને કેટલું ચાલ્યા. જરા વારમાં કોઈ મોટું શહેર. તેમાં એક મોટા રસ્તા ઉપર એક ઊંચા અને મોટામાં મોટા મકાન આગળ અમે આવી પહોંચ્યા. કોઈ મહાન ધનાઢ્યનું એ ઘર હશે એમ ચોક્કસ લાગ્યું. જરા પાસે ગયા તો દરવાજાના બારણે ડાઢુ બાંધી એક પઠાણ પહેરેગીર બેઠેલો જોયો. આગળ ચાલી અંદર

જતાં ફડકી મરીએ એવી રીતે જોરથી ઘાંટો પાડી તે બોલ્યો, 'કીધર જાતા હૈ, અંદર જાનેકા શેઠકા હુકમ નહિ.'

મહાત્માએ જવાબ આપ્યો : 'હમ સાધુ કો હુકમ ક્યાં ? ક્યા હમ લેને કે લીયે થોડા આયા હૈ ?' જમદૂત જેવો પેલો પઠાણ બોલ્યો : 'ન તો કુછ દેને કે લીયે આયા હો, ચલે જાઓ, શેઠ જાનેગા તો માર કહાડેગા.' એટલામાં તો એક માણસ અંદર હવેલીમાંથી બેબાકળો બૂમ પાડતો ધસમસતો આવ્યો. 'અરે પઠાણ, શો આ ધાંધલ મચાવ્યો છે ? શાં આ ભિખારી ભેગાં કર્યાં છે ? અને બુમરાણ કરી રહ્યા છે ? અંદર શેઠ લડે છે. કહાડો બહાર નકર હમણાં આવશે તો તમારીય થશે વલે ભેગી.' આટલું કહી પેલો માણસ અમારા તરફ ફરી વધારે ઉશ્કેરાઈ બોલ્યો : 'જાવ અહીંથી, મૂકી ગયા છો તમારા ભાનું અહીં કાંઈ ? હરામી જાવ, નહિતર હમણાં ખાશો તો બત્રીશીએ તૂટી જશે.' મહાત્મા બોલ્યા : 'ભાઈ, ગુસ્સા કાયકુ કરતા હૈ ? તેરી પાસ હમને કુછ ન માંગા ઓર ન હમ કુછ બોલે. હમ તો એ (વહ) અચ્છે ભુવન દેખ કર જાતે હૈં. હમે કુછ ચઈતા નહિ.'

એક તુંડમિજાજી અવાજ ધીરો ધીરો હવેલીની અટારીએથી આવ્યો : 'ચઈતા નહીં તો આયા જખ મારને કે લીએ ? ચલે જાવ ગરબડ છોડ કર, ભુવન દેખને કા મન હોતા હોવે તો કમર પે કાંકરા રખ કર રળો ઓર ભુવન બનવા કર ફીર દેખો. અરે પઠાણ, ઝાલી બોચી કહાડો બહાર એ હરામખોરોને.' કહી શેઠ અંદર ચાલતા થયા. તેમના મોંના શબ્દો પૂરા થતાં પહેલાં તો પેલો નોકર અને પઠાણ જાણે વાઘરીના કૂતરાની માફક અમારા તરફ તૂટ્યા. અમે ચેતી ખસી ગયા તો ખરા તો પણ થોડી થોડી પ્રસાદી ભાગ તો આવી જ. અમને એવા ને એવા સત્કારે ધક્કા મારતા તેમના મકાનની બહાર પણ થોડે સુધી તેઓ વળાવવા આવ્યા. રસ્તે જતા-આવતા લોકો ઊભા રહેતા અને ઠપકો આપતા કહેવા લાગ્યા : 'અરે ત્યાં તે શું ખાવા ગયા હતા ? જાણતા નથી...'

બીજા કહે : 'મોટું હવેલું જોઈને... !'

ત્રીજો : 'બળ્યું એનું કહેલું. એણે કદી કોઈને થોડું જ કંઈ આપવું છે કે પાણીયે પાવું છે, હડધૂત કર્યા વિના રહે તોય ઠીક છે ! બળી આ હવેલીની પ્રસાદી !'

ચોથો - 'અરે આ કંજૂસ આ શહેરમાં ક્યાંથી પાક્યો ? આખા શહેરનું નામ બોળ્યું, બધાને લજવ્યા.'

આ પ્રકારે અનેક અભિપ્રાયો સાંભળતા અમે દૂર ગયા. બેઠા; પણ મારા ચિત્તમાં કાંઈ જુદું જ કુતૂહલ જામી રહ્યું હતું.

મહાત્મા બોલ્યા : 'ક્યા ભગત, કૈસા હુવા ?'

મેં કહ્યું : 'મહારાજ, થવામાં તો કંઈ ઊણપ નહિ પણ મારું ચિત્ત તો કાંઈ બીજી જ ગૂંચવણમાં પડ્યું છે, તેનું કાંઈ સમાધાન કરો. અટારીમાંથી પેલો શેઠ બોલ્યો તેને જોઈ હું ભ્રમમાં પડ્યો છું. તેણે હીરામોતી તથા સોનાના દાગીના પહેર્યા હતા, તેમ જ મૂલ્યવાન રેશમી કપડાં પહેર્યાં, તેને બદલે જો મારાં લૂગડાં પહેર્યાં હોત તો જાણે તે હું જ. તેને જોયો ત્યારે મને ભાસ થયો કે હું દર્પણમાં સામે ઊભેલી મારી પ્રતિમા જોતો હોઉં, પણ ફેર માત્ર એટલો કે હું ગરીબ તેથી માદરપાટ અને ખાદીથી ઢંકાયેલો, જ્યારે તે શ્રીમંત એટલે રેશમી અને કીમતી આભૂષણ પહેરેલાં, શું દુનિયામાં એક જ નમૂનાના બે માણસ હોતા હશે ?'

મહાત્મા બોલ્યા : 'ના, તે જ તું. છગન ભગત !'

હું જાગ્યો.

બહારથી કોઈ બૂમ મારતું હતું : 'છગન ભગત ! છગન ભગત !'

ઊઠી જોયું તો મારા પરિચિત એક સ્વામીજી મને બોલાવી રહ્યા હતા.

હું ઊઠ્યો. તેમની સાથે બેઠો. પણ પેલી વાત મારા મનમાંથી ખસે નહિ. વારંવાર તેનું ચિંતવન કરું, એક તરફ આત્મસ્વરૂપ મહાત્માના ઉદ્‌ગારનું સ્મરણ કરું, બીજી તરફ પેલા શેઠને જોયા કરું. મહાત્માએ મને કહ્યું છે, 'ના, તે શેઠ તે તું જ.' તે મહાત્મા પહેલાં બોલ્યા હતા : 'ક્યા દિયા વિના કોઈ પાતા હૈ ?'

અરે, આ શું ? છેવટે મારી બુદ્ધિમાં બેઠું. મહાત્માજીના શબ્દો તે ખરા જ. અને પેલો નોકરચાકરવાળો લખપતિ કે કરોડપતિ ધનવાન તે પૂર્વ જન્મે હું જ. પણ, 'ક્યા દિયા વિના કોઈ પાતા હૈ ?' એ લાખો કરોડોની સમૃદ્ધિથી મેં કોઈને કંઈ જ આપ્યું નથી તે જાતે અનુભવ્યું. અને પેલા નગરવાસીઓએ તેની

સાહેદીઓ પૂરી, ખરેખર મેં કોઈને કંઈ આપ્યું નહીં ને ઊલટું મદ અને ગર્દથી જેનું તેનું અપમાન કર્યું. અહો એટલી સમૃદ્ધિ મળ્યા છતાં હું સાથે કંઈ ન લઈ શક્યો. તે ધનનો યથોચિત ઉપયોગ કરી હું દાનવાન ન થયો. પણ માત્ર તેનું રક્ષણ કરી રાખી થોડા વખત માટે ધન પાછળ જ રહ્યો, તે જગ્યાએથી ઊઠતાં, દેહ છૂટતાં કોડી સાથે ન આવી. કોઈને આપેલું નહીં તેથી આ જન્મે ઘણા પ્રયત્ન કરતાં છતાં હાથ ખાલી ને ખાલી. કર્યું તેવું પામીએ તેમાં શોચ શાનો ?

પાછળથી સંભારી બેસી રહેવું તે મને પસંદ નહિ તેથી જાગ્યા ત્યાંથી સવાર ગણી હવે શો ઉપાય કરું કે ગુમાવેલી રિદ્ધિ-સિદ્ધિ પ્રાપ્ત થાય એ વિચારમાં ને વિચારમાં પાછું સાંભર્યું કે 'ક્યા દિયા વિના કોઈ પાતા હૈ ?' શું આપું ? ધન તો ગુમાવી બેઠા છીએ. અંતરથી જવાબ મળ્યો - જે હોય તે આપ. મેં તપાસ્યું, મારી પાસે શું છે ? જોતાં માલમ પડ્યું કે થોડા દહાડા નભનારું, સામાન્ય ઓછી શક્તિનું ઘરડું શરીર અને મારી સામાન્ય પણ અનુભવી બુદ્ધિ મારે અર્પવાં; આ વિચાર કર્યા બાદ મને વધારે પરિચિત, જેમાં મારી કંઈ લાગવગ પહોંચે, જેને હું વધારે ઓળખું છું અને તેથી જેનાં દુ:ખ-દર્દો વધારે જાણી શકું અને તે ઉપર તેના ઉપાય પણ સારા અને સચોટ કરી શકું એવી મારી વિશાળ જ્ઞાતિ જે દેશનું એક મોટું અને મુખ્ય આધારરૂપ અંગ છે તેની ઉન્નતિના માર્ગમાં મારી અવશેષ મૂડી રૂપ મારું વૃદ્ધ શરીર અને બુદ્ધિ અર્પી છે. આવતે અવતાર કદાચ ધન નહિ મળે, પરંતુ ખાતરી છે કે સુદૃઢ શરીર અને અજબ બુદ્ધિ મેળવીશ જ, કારણ કે એક ગણા દાનનું ફળ સહસ્ર હજાર ગણું શાસ્ત્રમાં કહ્યું છે. ભવિષ્યની આ સમૃદ્ધિ માટે આ જન્મે આ ભોગ જ - બલિદાન જ આપવા નક્કી કર્યું છે. પસ્તાઉં છું કે, લખપતિ અને કરોડપતિ થયો પણ પાઈ વાપરી નહિ આ આ ભિખારી અવસ્થા વહોરી લીધી. હું તો ભૂલ્યો પણ, ખરેખર ખૂબ ભૂલ્યો પણ મારા દેશના, જ્ઞાતિના બીજા ભાઈઓને પોકારી પોકારીને કહું છું કે ભાઈઓ-બેનો, તમે ચેતજો અને પરમ કૃપાળુ પરમાત્માએ તમને બક્ષેલાં તન-મન-ધન કે જ્ઞાન જે હોય તે લોભ-મોહ-મદ, અહંકાર તજી પરાર્થે જ હિતના કાર્યમાં જરૂર વાપરજો નહિ તો મારા જેવી કંગાલ અવસ્થા ભોગવવી પડશે અને સમય જતાં હંમેશને માટે પસ્તાવું પડશે. માટે ચેતજો.

('કડવા વિજય' વિ. સ. ૧૯૭૮, આસો માસ)
(મોહનલાલ પટેલ કૃત 'પ્રજ્ઞાદીપ છગનભા'
(૨૦૦૭) પૃ. ૧૨૩-૧૨૮માંથી સાભાર)

## મડિયારાજા

એક દિવસ ટપાલમાં મને એક અજાણ્યા વિદ્યાર્થીનો – વાણિજ્યના વિદ્યાર્થીનો કાગળ મળ્યો. ખાસો પ્રેમપત્ર હતો. લાંબું લાંબું લખ્યું હતું. કાંઈક આ પ્રકારનું : તમારા બંને વાર્તાસંગ્રહો ખરીદીને લઈ આવ્યો છું. ભણવામાં કાંઈ આનંદ નથી. ગોખેલું હોય તેનું પરીક્ષાખંડમાં વમન કરવાનું – એ આપણી શિક્ષણપદ્ધતિની બલિહારીને કારણે કૉલેજના પ્રથમ વર્ષના અભ્યાસને અંતે પરિણામ સારું આવ્યું નથી, પણ સાહિત્ય અને તેમાંયે વાર્તા તરફ આકર્ષણ ઘણું છે. તમારા 'શ્રાવણી મેળો'નો આનંદ માણ્યો, પણ એ વાર્તાઓના આસ્વાદથી લોભાઈને બીજો સંગ્રહ વાંચવા લીધો ત્યારે ખૂબ નિરાશા સાંપડી. એટલી બધી કે સેકન્ડ હૅન્ડ પુસ્તકોની દુકાનમાં ઝટઝટ એ વેચીને દોઢ રૂપિયામાંથી અગિયાર આના પાછા મેળવી લીધા ! હું વાર્તા લખવામાં રસ ધરાવું છું. સમય આપશો ? મારે તમને મળવું છે.

ભાષા અત્યારે યાદ નથી, પણ ભાવ બધા એ વિદ્યાર્થીના છે. કૉમર્સ કૉલેજમાં વરસેક ગાળનારા વિદ્યાર્થીની મુગ્ધ સાહિત્યપ્રીતિ, નિખાલસતા, કટાક્ષવિનોદ જતો ન કરવાની વૃત્તિ – એ બધું તરત અસર કરે એવું હતું. હું એ પણ જોઈ શક્યો કે સાહિત્યલગનીથી પ્રેરાઈને કાગળ લખાયો હોવા છતાં એની પાછળ મુખ્ય વસ્તુ હતી પ્રેમભૂખ. જરીક આક્રમકતા હતી તે કાગળનો જવાબ મળ્યા વિના ન રહે તેની ત્રેવડરૂપ હતી.

વિદ્યાર્થીનું નામ હતું ચુનીલાલ મડિયા. ઈસુનું વરસ ૧૯૪૦.

**– ઉમાશંકર જોશી**

# વિચારશૂન્યતા

**ઉમાશંકર જોશી**

વિચારશૂન્યતા એ આપણા અત્યારના સમાજજીવનનું એક મુખ્ય લક્ષણ લાગે છે.

વિજ્ઞાન કહે છે કે કુદરતને શૂન્યતા પસંદ નથી, કાંઈ ને કાંઈ આવીને શૂન્યતાને ભરી દેવા પ્રયત્ન કરે છે. અત્યારની વિચાશૂન્યતાને ભરી દેવા મથતી બે વસ્તુઓ જોવા મળે છે : એક તો, આપણે જૂના સમયથી મળેલાં ધાર્મિક સત્યોનું પોપટની પેઠે સહેલાઈથી કશા જ સંકોચ વગર રટણ કર્યે જઈએ છીએ. બીજું, જેઓના હાથમાં સત્તા અને ધન એ મોટાં સાધનો છે તેઓ પછી ગમે તેવા વિચારોનો રગડો પ્રજાને પાઈ દે છે.

આજની આપણી સ્થિતિમાં મહાન ધાર્મિક સત્યોનું પોપટિયા ઉચ્ચારણ કદરૂપું લાગે છે. પ્રાચીન અને મધ્યકાળના મહાન ધર્મપુરુષોએ ઉપદેશેલાં મૂલ્યોની વાતો – હૃદયના ધબકારા વિનાની નરી વાતો – આપણને હાસ્યાસ્પદ બનાવે છે. આધ્યાત્મિકતાનો આ ખોટો અંચળો જેટલો વહેલો ફગાવી શકાય તેટલું સારું. જે પ્રજા ખોરાકની ચીજોમાં ભેળસેળ કરી શકે છે અને જાહેર વહીવટમાં જેના ગોટાળા કરોડના હિસાબે હોય છે તે આધ્યાત્મિક હોવાનો દાવો કઈ છાતીએ કરી શકે ? વિચારશૂન્યતાને આવા ખોટા આધ્યાત્મિક નશાથી ભરવા કરીએ છીએ એમાંથી આપણે ઝટઝટ બચવાની જરૂર છે.

બીજી બાજુ ધન અને સત્તાનાં સાધન દ્વારા રજૂ થતા ગમે તેવા વિચાર-રગડાના ભોગ બનવાનું થાય છે તેને બદલે, સ્વતંત્ર વિચારશક્તિ પ્રજાએ ખીલવવી જોઈએ. આજે જો બધા વિચારો રાજકીય નેતાઓ પાસેથી મેળવવા ટાંપી રહીશું તો ચાલવાનું નથી. ૧૯૪૭ સુધી એ ચાલ્યું. '૪૭ સુધી કેવળ રાજકારણ (પોલિટિક્સ) ન હતું, રાષ્ટ્રપ્રેમ (પૅટ્રિઑટિઝમ) હતો. પરરાજ્યને કાઢવું એ જ એક સર્વોપરી વિચાર હતો. હવે '૪૭ પછી લોકશાહી સ્થિર કરવાની છે. '૪૭ સુધી રાષ્ટ્રજાગૃતિનો કાળ હતો, હવે રાષ્ટ્રનિર્માણ લોકશાહી ઢબે કરવાનું છે. દરેક નાની નાની વસ્તુ વિચાર માગી લેવાશે. લોકશાહીમાં એકથી વધુ રાજકીય પક્ષો હોય. રાજકીય પક્ષોના નેતાઓની નજર પક્ષબળ ટકાવવા-વધારવા ઉપર વિશેષ હોય તો એ સ્વાભાવિક છે. એમના વિચારોમાં સત્ય-વાદ કરતાં પક્ષ-વાદ વધારે આવી જાય તો તે બનવાજોગ છે. સમગ્ર રાષ્ટ્રના, બલકે આખા જગતસમાજના, હિતની દૃષ્ટિથી પ્રેરાયેલા વિચારોનો સતત સંચાર દરેક જીવતી પ્રજા માટે આવશ્યક છે. પ્રજામાં વિચારોની પ્રયોગશાળારૂપ અનેક કેન્દ્રો હોવાં જોઈએ : તે વ્યક્તિઓ હોય, મંડળો-સંસ્થાઓ હોય, સાપ્તાહિકો કે સામયિકો હોય. પક્ષીય રાજકારણથી પર જઈને – પર રહીને – સ્વસ્થપણે વિચારો રજૂ કરી શકનાર આવાં કેન્દ્રો જે પ્રજામાં હોય, તે પ્રજાનું કાળજું ઠેકાણે છે એમ કહી શકાય. પ્રજાને પચેલા વિચારોમાંથી પ્રજાની માગણી પ્રમાણે પછી રાજકીય પક્ષો ઘડાય, અને નહિ કે રાજકીય પક્ષો પ્રજાના વિચારો ઘડે. જે પ્રજા રાજકીય પક્ષોને ત્યાં મગજ ગીરો મૂકે તેનો જયવારો થાય નહીં.

આપણે આજે લોકશાહીનો એકડો ઘૂંટીએ છીએ, ત્યારે સત્ય અને અહિંસા જેવા મોટા મોટા શબ્દો વાપરવાને બદલે લોકશાહી વર્તન માટે વધુ ચીવટ રાખીએ તો શુભ શરૂઆત થાય. વ્યક્તિપૂજાનો આપણને વળગાડ લાગેલો છે, જે લોકશાહીને ઘાતક છે. કોઈ પણ – પછી ગમે તેવી – વ્યક્તિને નહિ એના વિચારને ફેંકી દેતાં ખંચકાઈએ નહિ એવા એવા લોકશાહીની બારાખડીના પહેલા આંકડા પર વેળાસર હાથ જમાવવા માંડીએ.

**સપ્ટેમ્બર, ૧૯૫૬** **(ઉઘાડી બારી)**

# એક દિલેરી આંદોલન

**મોહનલાલ પટેલ**

ઈ. સ. ૧૯૮૧માં અમેરિકાની હાર્વર્ડ યુનિવર્સિટીમાં થયેલા એક વિદ્યાર્થી આંદોલન વિશે વાત કરવા જેવી છે. આ યુનિવર્સિટી મેસેચ્યુસેટ્સ રાજ્યના બોસ્ટનમાં આવેલી છે. એનું સ્થાન જગવિખ્યાત M. I. T. (મેસેચ્યુસેટ્સ ઇન્સ્ટિટ્યૂટ ઑફ ટેક્નોલૉજી)ની લગભગ અડોઅડ છે. હાર્વર્ડ યુનિવર્સિટી પણ ઘણી જાણીતી છે.

હાર્વર્ડ યુનિવર્સિટીના એ વિદ્યાર્થી-આંદોલન વિશે કંઈ કહીએ એ પહેલાં ઘરના આંદોલનની એક ઝાંખી કરી લઈએ. આપણા દેશની કૉલેજો, યુનિવર્સિટીઓ અને ક્યારેક હૉસ્ટેલોમાં થતાં આંદોલન જોઈએ છીએ અથવા એના વિશે વાંચીએ છીએ ત્યારે આપણું મન દુઃખી થયા વિના રહેતું નથી. અવારનવાર થતાં આ આંદોલનને કારણે એમના વિશેની એક ચોક્કસ છાપ આપણા ચિત્તામાં દઢ થઈ છે. ક્યારેક તો આપણો વિદ્યાર્થી ક્ષુલ્લક કારણોસર અથવા તો જે કદી પોતાનું કારણ નથી એવા પ્રશ્ન ઉપર કોઈ રાજકીય પક્ષનો હાથો બનીને આંદોલન જગાવે છે અને શેરીઓ કે રસ્તાઓ સુધી લઈ જાય છે. પથરા વીણીને બસમાંનાં નિર્દોષ ઉતારુઓનાં માથાં ફોડે છે. અથવા બસોને આગ ચાંપીને ઊતરનારાઓને રઝળતાં કરી મૂકે છે. આંદોલનમાં રાજકારણ અને રાજકારણીઓ ભળેલા હોય છે એટલે પછી આંદોલન વિદ્યાર્થીઓ પૂરતું મર્યાદિત ન રહેતાં એ આખા સમાજને આભડે છે. શાંતિમાં દિવસ પસાર કરવા ઇચ્છતા નાગરિકોને કે પછી આખો દિવસ પરસેવો પાડીને રાત્રે ઘેર રાહ જોઈને બેઠેલા બાળકોને રોટલો ખવડાવવા ઇચ્છતા કોઈ ગરીબ માણસનાં અરમાન ધૂળધાણી થઈ જતા આપણે જોઈએ છીએ. ઊંચા જીવે બજારમાં ફરતો ખરીદાર ક્યારે અને ક્યાં અટવાઈ જશે એ કશું કહી શકાતું નથી...

હાર્વર્ડ યુનિવર્સિટીના વિદ્યાર્થીઓનું આંદોલન એ ઈવી(IVY) આંદોલન તરીકે જાણીતું છે. ઈવી એક પ્રકારની વેલ છે. એ મંડપો, મકાનો વગેરે પર ભરપટ્ટે ફેલાય છે. ૬૦ ફૂટ જેટલી ઊંચાઈ સુધી એ સહેલાઈથી ચઢે છે. એનાં પાંદડાં ત્રણ પાંખિયાંવાળાં હોય છે. ઇંગ્લૅન્ડની ઈવીનાં પાંદડાં બારેમાસ લીલાં રહે છે. બોસ્ટન ઈવીનાં પાંદડાં પાનખરમાં ખરી પડે છે.

હાર્વર્ડ યુનિવર્સિટીના સત્તાવાળાઓ યુનિવર્સિટી કેમ્પસમાંનાં કેટલાંક મકાનોમાં સુધારા વધારા કરવા માગતા હતા. તેથી એ મકાન ઉપર ફેલાયેલી ઈવીને એ કાઢી નાખવા માગતા હતા. એ કાઢી નાખવા માટેનો એમણે નિર્ણય પણ લીધો. સત્તાવાળાઓની દૃષ્ટિ ઈવી અનેક રીતે ઉપદ્રવકારી હતી એટલે મકાનોના સુધારાવધારાનું કામ પૂરું થયા પછી એ લોકો કાઢી નાખેલી ઈવીને ફરીથી રોપીને તૈયાર કરવા માગતા નહોતા. સત્તાવાળાઓના આ નિર્ણયની જાણ વિદ્યાર્થીઓને થઈ એટલે એમનામાં એક પ્રકારનો અસંતોષ ઊભો થયો અને એમના રોષનું કારણ મળ્યું. મકાનોના સુધારાવધારા માટે ઈવીને કાઢી નાખવી પડે એ વાત વિદ્યાર્થીઓ સમજતા હતા અને સ્વીકારતા પણ હતા. પણ એમનું કહેવું એવું હતું કે મકાનોના સુધારાવધારાનું કામ પૂરું થાય એટલે યુનિવર્સિટી સત્તાવાળાઓએ ઈવીની રોપણી ફરીથી કરીને અગાઉની જેમ એને ફરી વિકસવા દેવી જોઈએ. પણ યુનિવર્સિટી સત્તાવાળાઓ આ માટે તૈયાર નહોતા. એમને તો યુનિવર્સિટી કેમ્પસમાંથી જ ઈવીને સદંતર કાઢી નાખવી હતી. સત્તાવાળાઓનું કહેવું હતું કે ભીંતો ઉપર ઈવીના અસ્તિત્વથી એના ભેજને લીધે ભીંતોનાં પ્લાસ્ટર અને રંગો ઉપર ખરાબ અસર થાય છે. લાકડું બગડે છે. વળી ઈવી ભીંતો ઉપર સીમિત રહેતી નથી. એ તો

બારીબારણાનાં ચોકઠાં અતિક્રમીને અંદર ઘૂસે છે.

આની સામે વિદ્યાર્થીઓની દલીલ હતી કે હાર્વર્ડ યુનિવર્સિટીમાં ઈવીની રોપણી યુનિવર્સિટીના ઉગમકાળથી છે. એનો લીલો રંગ રમણીય લાગે છે. એને લીધે ઠંડક રહે છે. એનાં પાંદડાં ઉપર પતંગિયાં બેસે છે. ઈંડાં મૂકે છે. પતંગિયાં ઝૂમતાં રહે છે. પક્ષીઓ આવે છે. આખું વાતાવરણ પ્રકૃતિની શોભાથી ભર્યું ભર્યું રહે છે.

હાર્વર્ડ યુનિવર્સિટીના ઉગમકાળથી જ કૅમ્પસમાં ઈવી હોવાની વિદ્યાર્થીઓની દલીલના જવાબમાં યુનિવર્સિટી સત્તાવાળાઓનું કહેવું હતું કે બોસ્ટનમાં ઈવીનું આગમન ઈ. સ. ૧૮૭૬માં થયું અને હાર્વર્ડ યુનિવર્સિટીના કૅમ્પસમાં તો એણે ઈ. સ. ૧૮૮૬માં જ પ્રવેશ કર્યો. એ પહેલાં હાર્વર્ડમાં ઈવી હતી જ નહીં.

આમ આક્ષેપો, પ્રતિઆક્ષેપો, રદિયા અને વિવિધ વિધાનો થતાં રહ્યાં અને યુનિવર્સિટી સત્તાવાળાઓએ પોતાનો નિર્ણય બદલવાની તૈયારી ન બતાવી.

અને શરૂ થયું વિદ્યાર્થીઓનું આંદોલન.

'ઈવી બચાવો'. 'ઈવીને મરવા નહીં દઈએ' એ એમના આંદોલનના મુખ્ય નારા.

'ઈવી બચાવો' આંદોલન માટે એક કમિટિ રચાઈ. કમિટિના ચેરમૅન અને સહચેરમૅન ચૂંટાયા.

વિદ્યાર્થીઓનાં સરઘસ નીકળવા લાગ્યાં. શાંત અને શિસ્તબદ્ધ સરઘસ. કોઈ ધમાલ, ધાંધલ કે બૂમબરાડા પણ નહીં, ગગનભેદી, સૂત્રોચ્ચાર પણ નહીં. શાંત સરઘસમાં વિવિધ લખાણવાળાં બેનર ખરાં, જેવાં કે,

''Ivy does not harm, Harvard will do harm''

''Don't kill lvy', Save lvy league''

પ્રચારરૂપે એક મોટી સભાનું આયોજન થયું. સભાના સમયે હાર્વર્ડ યુનિવર્સિટીની સ્થાપનાના મૂળ પુરુષ જ્હોન હાર્વર્ડની પ્રતિમાના કંઠમાં અને શિર પર ઈવીના હાર આરોપાયા અને ગોઠવાયા.

આશ્ચર્યની વાત તો એ હતી કે જેમની સામે આ આંદોલન ચાલતું હતું એ હાર્વર્ડ યુનિવર્સિટીના પ્રેસિડેન્ટ ડેરેક બેક ખુદ આ સભામાં શ્રોતા તરીકે ઉપસ્થિત રહ્યા. વિદ્યાર્થીઓ તરફથી એમને માનભર્યું સ્થાન આપવામાં આવ્યું. (હુરિયા બોલાવવાની, ધરણાં કરવાની, ધક્કે ચઢાવવાની, ગડદાપાટુ કરવાની, સળગતી સિગારેટનું ઠૂંઠું ચાંપવાની તો વાત ક્યાં રહી ?)

સભામાં પ્રવચનો થયાં, સૌએ પોતપોતાનાં મંતવ્યો રજૂ કર્યાં. સભા ખૂબ જ શાંતિથી ચાલી અને પૂરી થઈ.

આંદોલન ઠીક-ઠીક સમય સુધી લંબાયું. આખરે સત્તાવાળાઓએ નમતું મૂક્યું અને ઉભય પક્ષે સંતોષકારક સમાધાન થયું.

સત્તાવાળાઓ તોફાન અને હિંસા સિવાય કદી નમતા નથી, એવો ભ્રામક ખ્યાલ દૂર કરવામાં આવાં શાંત અને સફળ આંદોલનો મોટો ફાળો આપી શકે.

અમેરિકામાં હિંસક આંદોલનો થતાં જ નથી એવું પણ નથી. ઈ. સ. ૧૯૬૨-૬૩ના અરસામાં હબસી વિદ્યાર્થીઓને પ્રવેશ આપવા બાબતે એક યુનિવર્સિટીમાં લોહિયાળ આંદોલન પણ થયેલું. આમ છતાં એક વાત મોટા ભાગે સ્પષ્ટ છે કે અમેરિકાની કૉલેજો કે યુનિવર્સિટીઓમાં છાશવારે આંદોલન થતાં નથી અને જે આંદોલન થાય છે એ આમજનતાને ઉપદ્રવકારી હોતાં નથી. આ લખનારે શિકાગોમાં રૂઝવેલ્ટ યુનિવર્સિટી, એશવિલમાં નોર્થ કેરોલિના યુનિવર્સિટી, બોસ્ટનમાં હાર્વર્ડ યુનિવર્સિટી અને એમ. આઈ. ટી. તેમ જ અન્ય કેટલીક શિક્ષણ સંસ્થાઓની રૂબરૂ મુલાકાત લીધેલી છે અને એ યુનિવર્સિટીઓ અને શિક્ષણ સંસ્થાઓમાં જવાબદાર તેમ જ અન્ય વિશ્વસનીય વ્યક્તિઓ સાથે 'વિદ્યાર્થી અજંપો' એ વિશે ચર્ચા કરેલી છે અને બધેથી લગભગ એક જ સૂર સાંભળ્યો છે : 'અહીં માથાનો દુખાવો થઈ પડે એવાં વિદ્યાર્થી, આંદોલનનો નથી. જે છે એ દિલેરી આંદોલનો છે.'

**મોહનલાલ પટેલ**
**૫૦૧/૨૧, સત્યાગ્રહ છાવણી,**
**સેટેલાઇટ, ભાવનિર્ઝર પાસે,**
**અમદાવાદ-૩૮૦૦૧૫**
**મો. ૯૯૦૪૪૮૦૫૨૨**

# નાનાભાઈ ભટ્ટનું સંસ્કૃતિચિંતન

તુલસીભાઈ પટેલ

નાનાભાઈના વ્યક્તિત્વનાં અનેક પાસાં છે, પરંતુ તેઓ કેળવણીકાર તરીકે વિશેષ પ્રતિષ્ઠિત છે. કેળવણી અને સંસ્કૃતિ ગાઢ રીતે સંલગ્ન છે. નાનાભાઈએ સંસ્કૃતિ વિશે સ્વતંત્ર રીતે પણ ચિંતન કર્યું છે. સન ૧૯૬૧માં 'ભારતીય સંસ્કૃતિ શું છે ?' એ શીર્ષકથી એક પરિચય પુસ્તિકા એમણે લખી છે. જાણીતા અર્થશાસ્ત્રી અને પરિચય પુસ્તિકાના સંપાદક વાડીલાલ ડગલીએ નાનાભાઈને સંસ્કૃતિ વિશે કેટલાક પ્રશ્નો પૂછ્યા. નાનાભાઈએ એના ઉત્તર આપ્યા. પ્રસ્તુત પુસ્તિકા પ્રશ્નોત્તરરૂપે પ્રગટ થઈ છે. નાનાભાઈનાં અન્ય પુસ્તકોમાં પણ પ્રકારાંતરે સંસ્કૃતિ વિશે ચર્ચા કરવામાં આવી છે, પરંતુ પ્રસ્તુત પુસ્તિકા સંસ્કૃતિને સીધી સ્પર્શે છે. સંસ્કૃતિ વિશે નાનાભાઈની વિભાવનાનું એ સાક્ષાત્ પ્રમાણ છે. એટલે એને કેન્દ્રમાં રાખીને વિશ્વસંસ્કૃતિ અને ભારતીય સંસ્કૃતિ વિશે એમની માન્યતાઓને આલોકિત કરવાનો ઉપક્રમ રાખ્યો છે. ઉપરાંત એમનાં અન્ય પુસ્તકોમાં સંસ્કૃતિ સંદર્ભે જે ચિંતન પ્રાપ્ત થાય છે, એ વિશે પણ વિચાર કરીશું.

## 'સંસ્કૃતિ' એટલે શું ?

સ્વાભાવિક રીતે જ પ્રથમ પ્રશ્ન એ થાય કે 'સંસ્કૃતિ' કોને કહેવાય ? સંસ્કૃતિની વ્યાખ્યા શી છે ? વ્યુત્પત્તિની દૃષ્ટિએ જોઈએ તો 'સં' ઉપસર્ગ + 'કૃ' ધાતુ પરથી 'સંસ્કૃતિ' શબ્દ બન્યો છે. અર્થાત્ 'સારી રીતે કે સમ્યક્ રીતે કરવું, તે સંસ્કૃતિ કહેવાય. 'સંસ્કૃતિ' શબ્દ વ્યાપક અર્થચ્છાયા ધરાવે છે. નાનાભાઈ 'સંસ્કૃતિ શું છે ?'નો ઉત્તર આ પ્રમાણે આપે છે : ''માણસો જ્યારે સાથે મળીને રહે છે ત્યારે સમૂહ તરીકે પોતાનું એક વિશિષ્ટ પ્રકારનું જીવનદર્શન કેળવે છે. આ જીવનદર્શનના મૂળમાં તે સમાજનો ભૂતકાળ તેમ જ તેની ભૌગોલિક સ્થિતિ બહુ મોટો ભાગ ભજવે છે.''

આ વ્યાખ્યા મુજબ સંસ્કૃતિનો ઉદ્ભવ સમૂહજીવનમાં થાય છે. માણસો વચ્ચેના પરસ્પર આંતરિક વ્યવહાર (Interaction)ના પરિણામે એક ખાસ જીવનદર્શન અસ્તિત્વમાં આવે છે. ભૌગોલિક પરિબળો અને ભૂતકાલીન પરંપરા એમાં મહત્ત્વપૂર્ણ ભાગ ભજવે છે. સમાજને ટકી રહેવા માટે જીવન-દર્શન જરૂરી છે. એનું મહત્ત્વ બતાવતાં તેઓ કહે છે : ''લોકોનું માનસિક બળ અને વિચારશક્તિ જેટલા વધારે કેળવાયેલા તેટલું તેમનું જીવનદર્શન વધારે ઊંચું. આવા જીવનદર્શન વિના સમાજ ટકી શકે નહિ.

જીવનદર્શન સમાજના ધારણ-પોષણ માટે આવશ્યક બને છે.''

મનુભાઈ પંચોળી 'દર્શક' 'આપણો વૈભવ અને વારસો'માં લખે છે કે, '' 'સંસ્કૃતિ' શબ્દ આપણે ઘણી વાર વાપરીએ છીએ, પણ એનો સ્પષ્ટ અર્થ આપણને પુછાય તો આપણે ઝટ લઈને જવાબ ન આપી શકીએ. અમુક માણસ સંસ્કારી છે કે અમુક લોકોએ સંસ્કૃતિ ખીલવી છે તેમ આપણે કહીએ છીએ તેનો અર્થ આપણે શું કરતાં હોઈએ છીએ ?''

સરળ શબ્દોમાં કહીએ તો 'સંસ્કૃતિ'ની ક્ષતિરહિત વ્યાખ્યા આપવી અઘરી છે. કેમ કે એ વિશેષરૂપે ભાવાત્મક (Abstract) બાબત છે. એની અનુભૂતિ થઈ શકે, પરંતુ એને વ્યાખ્યાની સીમામાં બાંધી શકાય નહીં.

## સંસ્કૃતિ-વિભાવના ઘડનાર પરિબળો

નાનાભાઈના સંસ્કૃતિ-ચિંતન વિશે ચર્ચા કરતાં પૂર્વે સંસ્કૃતિ વિશેની એમની વિભાવના–માન્યતા (Concept) ઘડનાર પરિબળો વિશે વિચાર કરવો અતિ આવશ્યક છે. મનોવિજ્ઞાન કહે છે કે કોઈ પણ વ્યક્તિના વ્યક્તિત્વ અને માન્યતાઓ પર એને વારસામાં મળેલા સંસ્કાર અને ઉછેર સૌથી વધુ અસર કરે છે. 'ઘડતર અને ચણતર'માં નાનાભાઈ લખે છે : ''હું પોતે પ્રશ્નોરા જ્ઞાતિનું ફરજંદ, અગ્નિહોત્રના અને વૈદિક સંસ્કૃતિના વાતાવરણમાં હું ઊછર્યો હતો, હવેલી ધર્મ, શિવાલય ધર્મ અને સ્વામીનારાયણ ધર્મના ત્રિવેણીસંગમનાં મીઠાં સ્મરણોને આજે પણ હું ભૂલ્યો નથી. અમે ભૂલથી પણ કોઈ હરિજનને અડકી ગયા હોઈએ તો તમામ કપડાં બોળાવીને મારી બા ચંદુ અમને નવરાવતાં અને એ રીતે નાહ્યા પછી આવીએ ત્યારે વળી પાછી અમારા શરીર પર થોડું ચોખ્ખું પાણી છાંટતી. મારી આસપાસ આવું સનાતની વાતાવરણ પડ્યું હતું. વિદ્યાર્થી અવસ્થામાં તો ઠીક,

પણ કૉલેજમાં પ્રોફેસર થયો ત્યારે કે દક્ષિણામૂર્તિ શરૂ કરી ત્યારે આસપાસના આ વાતાવરણ ઉપર સ્વતંત્ર દૃષ્ટિથી મેં જોયું જ નહીં. આવી પરિસ્થિતિમાં ગાંધીજીએ સમગ્ર સનાતની મંડળની વચ્ચે અસ્પૃશ્યતા નિવારણનો બૉમ્બગોળો ફેંક્યો.''

નાનાભાઈના સંસ્કૃતિ-ચિંતનનું વિવેચન-વિશ્લેષણ કરતી વખતે એમને વારસામાં અને વાતાવરણમાં મળેલા આચાર-વિચારને નજરઅંદાજ કરી શકાય નહીં. યુગ-અનુરૂપ એમનામાં આચાર-પરિવર્તન, વિચાર-પરિવર્તન અને મૂલ્ય-પરિવર્તન જોવા મળે છે. તેઓ પોતે કહે છે કે, 'આજનો યુગ આપણી પાસેથી જો કોઈ પણ એક વસ્તુ માગતો હોય તો તે જીવનનું મૂલ્યપરિવર્તન માગે છે. અખિલ કચ્છ-શિક્ષણ-સંમેલન, ભૂજમાં (તા. ૪-૧-૧૯૪૭) શિક્ષકોને સંબોધન કરતાં એમણે કહ્યું કે, ''તમે સૌ કેળવણીમાં નવો પ્રકાશ મેળવવા માટે તલસી રહ્યા છો. જો તમે સાચેસાચ જ સમાજમાં પરિવર્તન લાવવા માગતા હો તો આવું મૂલ્ય-પરિવર્તન એ જ તમને સાચે રસ્તે લઈ જશે.''

આમ નાનાભાઈના સંસ્કૃતિ-ચિંતનમાં સ્થગિતતા નથી. એમણે સમય સાથે વિવેકપૂર્વક કદમ મિલાવ્યા છે. 'સામ્પ્રત' (જૂન-સપ્ટેમ્બર, ૨૦૦૫)માં શ્રી રવીન્દ્ર અંધારિયા લખે છે : ''દક્ષિણામૂર્તિમાં જ્યારે હરિજન-પ્રવેશનો મુદ્દો ખડો થયો ત્યારે નાનાભાઈનો અન્ય ધર્મોથી બડો માનવધર્મ છે, એની દ્રઢસ્વીકૃતિ પ્રગટ થાય છે. આ મુદ્દે સદ્‌ગુરુનો ત્યાગ કરતાં પણ એ ખચકાતા નથી. નાનાભાઈની પ્રગતિશીલતાની પાછળ મહાત્મા ગાંધીનું પ્રેરકબળ હતું તેની ખાતરી આ સ્વીકૃતિથી થાય છે. 'એમને (ગાંધીજીને) મેં પહેલવહેલા જોયા ત્યારે શ્રીમાન નથુરામ શર્મા એ મારું આખરી શરણ હતું, પણ ગાંધીજીને જોયા ત્યારથી મારા અંતરમાં નવાં તત્ત્વોનો સંચાર શરૂ થયો અને તેના પરિણામે મેં આજ સુધી જીવનમાં જે જે મૂલ્યો આંક્યાં હતાં તે બધાં હું ન સમજું તેવી રીતે બદલાવા લાગ્યાં.''

### સંસ્કૃતિ-ભેદ

'કોઈ એક દેશની સંસ્કૃતિ બીજા કોઈ દેશની સંસ્કૃતિથી જુદી કઈ રીતે પડે ?' : આ પ્રશ્નના જવાબમાં નાનાભાઈએ ભૌગોલિક અને ઐતિહાસિક સ્થિતિને નિર્ણાયક પરિબળ ગણાવ્યાં છે. વ્યક્તિ અને સમાજના ઘડતરમાં ભૌગોલિક પરિસ્થિતિ મહત્ત્વપૂર્ણ ભાગ ભજવે છે. ઉપરાંત ઐતિહાસિક પરંપરાથી એકદમ ઉચ્છેદ સંભવિત નથી. તેઓ કહે છે : ''એક દેશના લોકોએ પોતાની ભૌગોલિક પરિસ્થિતિ પ્રમાણે તેમ જ પોતાની ઐતિહાસિક સ્થિતિ પ્રમાણે અમુક પ્રકારનું જીવનદર્શન ઊભું કર્યું હોય અને તે જીવનદર્શનને અમુક પ્રકારનો ઘાટ આપ્યો હોય તો તે એ દેશની સંસ્કૃતિ કહેવાય.

પણ એ પ્રમાણે બીજા દેશમાં વસતા સમાજે પોતાના દેશની આબોહવા, ઇતિહાસ વગેરેને ધ્યાનમાં રાખીને બીજા પ્રકારની સંસ્કૃતિ ઊભી કરી હોય એમ બનવાજોગ છે.''

સામાન્ય રીતે દરેકને પોતાની સંસ્કૃતિ ઊંચી અને બીજાની નીચી એવું લાગતું હોય છે, પરંતુ નાનાભાઈ કહે છે કે કોઈ પણ સંસ્કૃતિને આપણે ઊંચી યા નીચી ન કહી શકીએ. અર્થાત્ સાંસ્કૃતિક ઉચ્ચાવચતા એમને માન્ય નથી. ઉદાહરણ આપીને તેઓ સમજાવે છે કે આપણે ત્યાં કોઈ વિધવા પુનર્લગ્ન કરે તો તે અસભ્ય ગણાય છે. જ્યારે સભ્ય-અસભ્યના આવા ભેદ પશ્ચિમમાં છે જ નહિ. કયો સમાજ સભ્ય ગણાય ને કયો ન ગણાય એ વિશે મતભેદ હોઈ શકે. તેઓ કહે છે : ''આપણે આદિવાસીઓને અસભ્ય કહીએ છીએ તે બરાબર નથી, કારણ કે એમનાં જીવનમૂલ્યો ઘણાં ઊંચાં હોય છે, તે આપણે સમજતા નથી.'

હું ગુજરાતી, હું બંગાળી, હું મહારાષ્ટ્રી એવા ભેદ પણ નાનાભાઈને માન્ય નથી. એ બધા મૂળે તો ભારતીય છે. સંસ્કૃતિના આવા સ્થાનિક ભેદભાવ આપણા દેશની એકતામાં ઘા કરે છે. આવા ભેદ પાછળ તો આપણો રાજકીય ભેદ છુપાયેલો છે. ભલે સ્થળભેદ એકાદ રિવાજમાં કે એકાદ આચારમાં થોડોઘણો તફાવત હોય, પણ અંદરથી તો આપણે સૌ એક જ છીએ.

### સંસ્કૃતિ, સભ્યતા અને સંસ્કાર

આપણે દૈનિક જીવનમાં સંસ્કૃતિ, સભ્યતા, સંસ્કાર વગેરે શબ્દોનો અવારનવાર પ્રયોગ કરીએ, ત્યારે એમની વચ્ચે તફાવત વિશે આપણે ખાસ સભાન હોતા નથી. આ શબ્દોને આપણે લગભગ પર્યાયવાચી માનીને ચાલીએ છીએ, પરંતુ નાનાભાઈ કહે છે કે, ''એ શબ્દો એકબીજાની વધારે નજીક છે ખરા; પરંતુ તેમને ભેળસેળ કરી દેવાનું કોઈ કારણ નથી.'

**સંસ્કૃતિ** : નાનાભાઈ 'સંસ્કૃતિ'નો અર્થ જણાવતાં કહે છે : ''સંસ્કૃતિનો ખરો અર્થ તો એ છે કે જે સમાજના લોકોએ જગતનાં સનાતન તત્ત્વોને ઓળખવાનો પ્રયત્ન કર્યો હોય તે લોકો વધારે સભ્ય ગણાવા જોઈએ. કલ્ચરનો અર્થ પણ એ છે કે સમાજના માણસોનું મન એટલું ઊંચું ગયું હોય કે તે જગતના નાના-નાના ભેદો કે ઝઘડાઓથી પર થઈ શકે, ને

આખો માનવસમાજ તેમ જ સમગ્ર વિશ્વ એક જ તત્ત્વમાંથી ઉદ્‌ભવ્યું છે એ વાત જીવનમાં ઉતારે, તેઓની સંસ્કૃતિ ઊંચી ગણાય.''

**સભ્યતા :** નાનાભાઈ 'સભ્યતા' વિશે વિચાર કરતાં કહે છે કે માત્ર બાહ્ય સંપત્તિનો વિકાસ એ સિવિલિઝેશન કહેવાય. સિવિલિઝેશન કરતાં તેઓ શીલને ચડિયાતી વસ્તુ માને છે. શીલ અથવા સંસ્કૃતિને અધ્યાત્મ સાથે સંબંધ છે; જ્યારે સભ્યતાનો સંબંધ ભૌતિકતા સાથે છે. સભ્યતા બાહ્ય છે. સંસ્કૃતિ આંતરિક છે. સંસ્કૃતિ માટે અંગ્રેજીમાં કલ્ચર (Culture) અને સભ્યતા માટે સિવિલિઝેશન (Sivilization) શબ્દ સામાન્ય રીતે પ્રયોજાય છે.

**સંસ્કાર :** આપણા દૈનિક જીવનમાં સંસ્કૃતિનાં તત્ત્વોનું આચરણ થાય તો તે સંસ્કાર કહેવાય. નાનાભાઈ કહે છે : ''જે માણસ સંસ્કૃતિને જીવનમાં ઉતારે તે સાચો સંસ્કારી ગણાવો જોઈએ. સંસ્કૃતિને માત્ર મોંઢાની વાતો સાથે સંબંધ નથી.''

### ધર્મ અને સંસ્કૃતિ

'ધર્મ અને સંસ્કૃતિ વચ્ચે કોઈ અનિવાર્ય સંબંધ છે ?' એ પ્રશ્નના ઉત્તરમાં નાનાભાઈ કહે છે કે, ''ધર્મ એટલે જીવનદર્શન હોય, તો આવા જીવનદર્શનમાંથી સંસ્કૃતિ ઊભી થાય.''

આમ નાનાભાઈની દૃષ્ટિએ સંસ્કૃતિનો પાયો જીવનદર્શન છે. અને જીવનદર્શનનો પાયો ધર્મ છે. આ દૃષ્ટિએ ધર્મ અને સંસ્કૃતિ વચ્ચે અભિન્ન સંબંધ છે. બંનેને એકબીજાથી અલગ રીતે વિચારી શકાય નહીં. હવે 'ધર્મ'ની વ્યાખ્યાનો સવાલ ઉપસ્થિત થાય છે. જાણીતી વ્યાખ્યા છે. **धारयति इति धर्म.** ધર્મ એ જીવનને ધારણ કરનારું અને પોષનારું અંતરતત્ત્વ છે. ધર્મનો અર્થ માત્ર બાહ્યાચાર નથી. આ સંદર્ભમાં તેઓ કહે છે : ''જેઓ રૂઢ દૃષ્ટિએ ધાર્મિક ગણાય છે તેઓ ખરી રીતે ધાર્મિક નથી હોતા તે આપણે જાણીએ છીએ.''

સંસ્કારી કહેવાતા માણસો વિશે નાનાભાઈ સ્પષ્ટ શબ્દોમાં કહે છે :

''આજે આપણે જેને સંસ્કારી કહીએ છીએ એ લોકો ક્ષુદ્ર જેવી બાબતોમાં બહારથી સંસ્કારી દેખાય છે, પણ એમનું અંતર જરાયે સંસ્કારી હોતું નથી.''

આપણી પ્રવર્તમાન સંસ્કૃતિ વિશે તેઓ પોતાની વ્યથા રજૂ કરે છે.

''આપણે ત્યાં એક દિવસ એવો હતો કે જ્યારે ભારતવર્ષે દુનિયાના બીજા કોઈ પણ દેશ કરતાં જીવનનાં કેટલાંક સનાતન તત્ત્વોનો વહેલો સ્પર્શ કર્યો. આપણે ભારતવાસીઓ આ લોકોએ ઊભી કરેલી સંસ્કૃતિના વારસો છીએ.

પણ આ સંસ્કૃતિનો ઊંચો વારસો જો આપણે સાચવી ન શક્યા તો તેનાં ખોટાં બણગાં શા સારુ ફૂંકવાં ? મારા પિતા કરોડ રૂપિયાની થાપણ મૂકી ગયા હોય, ને તે રકમ મેં એક જ રાતમાં સાફ કરી નાખી હોય તો હું પૈસાવાળો શાનો ? એવું જ આપણી સંસ્કૃતિનું કહી શકાય.''

નાનાભાઈ કહે છે કે રૂઢ અર્થમાં ધાર્મિક ગણાતા લોકો ધર્મના માત્ર બાહ્ય ખોખાને જ સાચવે છે. ધર્મના ક્રિયાકાંડોમાં રચ્યાપચ્યા રહે છે, અને પોતાની જાતને ધાર્મિક માને છે, તેમ જ મનાવે છે. વાસ્તવમાં તેઓ ખરા ધર્મને ઓળખતા નથી. તેઓ નાસ્તિક કરતાં પણ વધારે ખરાબ છે. એના કરતાં તો સાચો નાસ્તિક વધારે ધર્મી ગણાય.

### સંસ્કૃતિ અને સંસ્કૃતિનો આભાસ

''આપણી સંસ્કૃતિ જેવી કોઈ સંસ્કૃતિ આધ્યાત્મિક નથી... બીજી બધી સંસ્કૃતિઓ માત્ર સ્થૂળ અને સુખવાદી છે. આપણો જીવનવ્યવહાર જોતાં આ માન્યતા આપને સાચવવા જેવી લાગે છે ?'' આ પ્રશ્નના ઉત્તરમાં નાનાભાઈ કહે છે કે આપણી સંસ્કૃતિ ખરેખર આધ્યાત્મિક છે કે કેમ, એ વિશે નવેસરથી વિચાર કરવો પડે તેમ છે. તેઓ કહે છે કે આધ્યાત્મિક સંસ્કૃતિ સુખવાદી સંસ્કૃતિનો તિરસ્કાર નથી કરતી, પરંતુ પોતાની અંદર એ બંનેને સમાવી લેવા માગે છે.

આપણા રોજિંદા જીવનમાં સંસ્કૃતિનાં ઉત્તમ તત્ત્વો વણાઈ જવાં જોઈએ. આપણા દૈનિક વ્યવહારમાં સંસ્કૃતિ અનુવાદિત થતી હોવી જોઈએ. નાનાભાઈ કહે છે કે જે સંસ્કૃતિ જીવનમાં ન દેખાય એને આપણી સંસ્કૃતિ કહેવાય નહીં. આપણી પ્રવર્તમાન સંસ્કૃતિ વિશે અસંદિગ્ધ ભાષામાં અભિપ્રાય આપતાં તેઓ કહે છે :

''આપણી સંસ્કૃતિ આપણને વારસામાં મળેલો ખજાનો છે. એ ખજાનો આપણે સાચવી ન શકીએ તો તે આપણી સંસ્કૃતિ શાની ? આપણે તો પરવારી બેઠા, એટલે આપણે વ્યવહાર તેમ જ આધ્યાત્મિકતા બંનેમાંથી ભ્રષ્ટ થયા. એટલે આપણી પરિસ્થિતિ અતોભ્રષ્ટઃ તતોભ્રષ્ટઃ (ધોબીનો કૂતરો નહિ ઘરનો, નહિ ઘાટનો) જેવી થઈ.''

નાનાભાઈ સ્વ. કિશોરલાલ મશરૂવાળાને આપણી ભારતીય સંસ્કૃતિના શ્રેષ્ઠ પ્રતિનિધિ માને છે. કિશોરલાલ લકીરના ફકીર ન હતા. આપણી જૂની સંસ્કૃતિના પ્રવાહમાંથી એમને જે ફેંકી દેવા જેવું લાગ્યું તે ફેંકી દેવામાં એમણે બિલકુલ

સંકોચ રાખ્યો નથી. એમણે અસ્પૃશ્યતાને ફગાવી દીધી. સ્વામીનારાયણ પરંપરામાં તેઓ ઊછર્યા હતા. તેમ છતાં એમણે એ સંપ્રદાયની અસ્પૃશ્યતાનો વિચાર છોડી દીધો. નૂતન યુગના નવા વિચારોને એમણે ખુલ્લા દિલ-દિમાગથી સ્વીકાર્યા. નાનાભાઈની દૃષ્ટિએ કિશોરલાલ ગાંધીજીના સાચા અનુયાયી ગણાય. એમની કોટિમાં બીજી કોઈ વ્યક્તિ નાનાભાઈના મનમાં જલદી વસતી નથી.

નાનાભાઈ કહે છે કે ભારતીય સંસ્કૃતિએ માત્ર માનવ-માનવ વચ્ચે એકતા સ્થાપી છે, એવું નથી. પરંતુ કુદરતનાં તમામ પ્રાણીઓ, જીવજંતુ અરે, વનસ્પતિ સાથે પણ એકતા સાધી છે.

### સંસ્કૃતિ માપવાની કસોટી

'સંસ્કૃતિ માપવાની કોઈ નક્કર કસોટી છે ?' એવા પ્રશ્નના જવાબમાં નાનાભાઈ કહે છે કે સંસ્કૃતિ પાળનારા કેટલાક એવા છે, જેમના આચરણ પરથી સંસ્કૃતિનું માપ નીકળી શકે. નાનાભાઈ ત્રણ કસોટીઓ ગણાવે છે :

૧. જેઓ પોતાના જીવતરને ઈશ્વર તરફથી મળેલ ટ્રસ્ટ માને છે. ૨. જગતના તમામ પદાર્થોમાંથી ખોટી મમતા ઊઠી જવી જોઈએ. ૩. માનવમાત્ર પરમ સત્તાનું બાળકનું છે. એની ઇન્દ્રિયો માત્ર અનંત જીવન પ્રાપ્ત કરવા માટેનાં સાધન છે.

બીજી એક મુખ્ય કસોટી તેઓ આ ગણાવે છે :

**तिपदो नैव विपदः संपदो नैव संपदः ।**
**विपद् विस्मरणं विष्णोः संपन्नारायणस्मृतिः ॥**

અર્થાત્ વિપત્તિ એ ખરી વિપત્તિ નથી, સંપત્તિ એ ખરી સંપત્તિ નથી. ઈશ્વરને વીસરી જઈએ એ જ ખરી વિપત્તિ, ઈશ્વરને યાદ કરીએ એ જ ખરી સંપત્તિ.

નાનાભાઈ ઈશ્વરના અસ્તિત્વમાં પ્રગાઢ આસ્થા ધરાવતા હતા. તેઓ જે પરંપરામાં અને વાતાવરણમાં ઊછર્યા અને મોટા થયા, એમાં એમ થવું બિલકુલ સ્વાભાવિક હતું.

### .... તો નિરીશ્વરવાદીનું સ્થાન ક્યાં ?

ધર્મ અને સંસ્કૃતિના કેન્દ્રમાં ઈશ્વરનું સ્થાન છે. ઈશ્વર એ જ સાચી સંપત્તિ છે. તો જેઓ ઈશ્વરમાં શ્રદ્ધા ધરાવતા નથી. ઈશ્વરની સત્તાનો ઇન્કાર કરે છે, એમને વિશે આપણે શું સમજવું ? તેમને અ-ધાર્મિક, અ-સંસ્કૃત કે અ-સભ્ય કહી શકાય કે, એવો પ્રશ્ન આપણને સ્વાભાવિક રીતે જ થાય. નાસ્તિક અને નિરીશ્વરવાદી કહેવાતા માણસો મોટા ભાગે માનવતાવાદી તો હોય છે. નાનાભાઈએ પોતાની પુસ્તિકામાં એની નોંધ પણ લીધી છે. માત્ર ક્રિયાકાંડમાં રચ્યાપચ્યા રહેતા લોકોને તેઓ ધાર્મિક માનવા તૈયાર નથી. તેઓ ધર્મનો મર્મ સમજતા નથી. આ સંદર્ભમાં નાનાભાઈએ આંધ્રના જાણીતા નાસ્તિક પરંતુ પ્રખર માનવતાવાદી 'ગોરા' નામના વિદ્વાનને યાદ કર્યા છે. ગોરા ઈશ્વરના અસ્તિત્વમાં માનતા ન હતા. બાકી બધી રીતે તેઓ ગાંધીવિચારમાં પ્રબળ શ્રદ્ધા ધરાવતા હતા. ગાંધીજી અને ગોરા વચ્ચે ઈશ્વરના અસ્તિત્વ વિશે જે સંવાદ થયેલો એ ''ગાંધી-નાસ્તિક સંવાદ'' પુસ્તકરૂપે પ્રગટ થયેલ છે. આમ નાનાભાઈ પોતે ઈશ્વરમાં પ્રગાઢ આસ્થા ધરાવે છે, પરંતુ એમના વિચારમાં જડતા બિલકુલ નથી. જડ ક્રિયાકાંડ કરતાં તેઓ માનવતાવાદનો વિશેષ મહિમા સ્વીકારે છે. બુદ્ધિ અને તર્કને પ્રમાણ માનનાર રેશનાલિસ્ટ વ્યક્તિઓની સંખ્યા વિજ્ઞાનયુગમાં વધતી જાય એ સ્વાભાવિક છે, તેઓ ઈશ્વરમાં માનતા ન હોવાથી પ્રચલિત અર્થમાં ભલે નાસ્તિક ગણાતા હોય, પરંતુ તેઓ માનવતામાં માનતા હોય છે. એવા લોકોને બિનધાર્મિક કહેવામાં ઔચિત્ય નથી. નાનાભાઈની દૃષ્ટિએ જડ કર્મકાંડો કરતાં સાચો નાસ્તિક વધુ સારો ગણાય.

### ભારતીય સંસ્કૃતિના હૃદયસમા ગ્રંથો

''ભારતીય સંસ્કૃતિનું હૃદય સમજવા માટે કયા મુખ્ય ગ્રંથોનો પરિચય કરવો જોઈએ ?'' એ સવાલના જવાબમાં નાનાભાઈ મુખ્ય ત્રણ ગ્રંથ ગણાવે છે : મહાભારત, રામાયણ અને શ્રીમદ્ ભગવદ્ગીતા.

નાનાભાઈની દૃષ્ટિએ આ ત્રણ ગ્રંથોમાં ભારતીય સંસ્કૃતિનું હૃદય પ્રતિબિંબિત થયું છે. મહાભારતના પરિચયથી આપણને ભલે ધર્મ કે સંસ્કૃતિના પ્રત્યક્ષ સિદ્ધાંતો ન મળે, પરંતુ એના વાચનથી આપણા મનમાં એક પ્રકારની વિવેકબુદ્ધિ પેદા થાય છે. એથી કયા પ્રસંગે કેવી રીતે વર્તવું એની સૂઝ આપોઆપ આવી જાય છે. એ જ પ્રમાણે રામાયણમાં ભારતીય આદર્શોનું આબેહૂબ વર્ણન આપણને પ્રાપ્ત થાય છે. ભગવદ્ગીતા વિશે તેઓ લખે છે : ''ભારતીય સંસ્કૃતિમાં, જુદીજુદી ભાવનાના ભેદોને ગાળી નાખીને તેમનો સાર ખેંચી સમન્વય કરવાની જે અખૂટ શક્તિ પડી છે તેનું ભાન આપણને ભગવદ્ગીતામાં થાય છે.''

'ઈશાવસ્ય ઉપનિષદ્'નો મહિમા દર્શાવતાં તેઓ ગાંધીજીનું એક અવતરણ ટાંકે છે : ''હિન્દુ ધર્મનાં બધાં પુસ્તકો નાશ પામે, પણ એકલું ઈશાવાસ્ય ઉપનિષદ્ રહે અને તેમાં પણ તેનો પહેલો મંત્ર રહે તો હિન્દુ ધર્મનો વિનાશ સંભવે જ નહિ.'' એ મંત્ર આ પ્રમાણે છે :

**इशावास्यम् इदम् सर्वम् यत् किंचित् जगत्यां जगत् ।**
**तेन त्यक्तेन भुंजीथा : मा गृध : कस्यस्विद धनम् ।**

ધર્મને ટકાવી રાખવા માટે નાનાભાઈ વિધિ-નિષેધો જાળવી રાખવામાં માને છે. એમની દૃષ્ટિએ એમાં લેશ પણ ફેરફાર કરવાનો કોઈ એક વ્યક્તિને અધિકાર નથી. સમાજની એકતા જાળવવા માટે આ વિધિનિષેધો અતિ આવશ્યક છે. સુધરેલા લોકોને એ ભલે મૂર્ખાઈ ભરેલા લાગતા હોય પણ એને હટાવી દેવાથી સમાજનાં મૂળિયાં ઊખડી જાય છે. લાંબા અનુભવો અને પ્રયોગો પછી આ વિધિનિષેધો સમાજના રક્ષણ અને પોષણ માટે નક્કી થયેલા છે. નાનાભાઈને નીચેના વિધિનિષેધ સાચવી રાખવા જેવા લાગે છે : ૧. જીવનનો પરમ ઉદ્દેશ પ્રભુ મેળવવાનો છે. સવારમાં ઊઠીને સૌથી પહેલું કામ એક યા બીજા રૂપે ભગવાનને સંભારવા એ છે. ૨. બીજો વિધિ દરરોજ ભોજન લેતી વખતે બીજાં પ્રાણીઓ માટે પણ ભોજનમાંથી ભાગ રાખવાનો છે. ૩. કુટુંબનાં બાળકો તથા વૃદ્ધો તરફ આદરબુદ્ધિ સેવવી જોઈએ.

એ જ રીતે સ્ત્રીઓ પ્રત્યેના આદરને પણ તેઓ ધર્મ અને સંસ્કૃતિનું આવશ્યક લક્ષણ બતાવે છે.

### ભારતીય સંસ્કૃતિ શાથી ટકી રહી છે ?

ઉપરોક્ત પ્રશ્નના જવાબમાં નાનાભાઈ સમજાવે છે કે, જગતની અન્ય બધી સંસ્કૃતિ ધૂળ ભેગી થઈ, કારણ કે એ સંસ્કૃતિ મુજબ જીવનમાં આચરણ કરનાર માણસો જ મરી ખૂટ્યાં હતાં. આપણી ભારતીય સંસ્કૃતિમાં એમના મત પ્રમાણે એક જ વાત ટકી રહી છે, ને તે એ કે આ જગત ઈશ્વરમાંથી આવ્યું છે. પરાતત્ત્વમાંથી ઉત્પન્ન થયું છે, ને માણસ એ ઈશ્વરનો બાળક છે. આપણા અભણ માણસો પણ આ માન્યતા ધરાવે છે.

એ ઉપરાંત આપણા દેશમાં પ્રાચીન કાળથી આજ સુધી આપણી સંસ્કૃતિને સાચવી રાખનાર, એનાં મૂલ્યો જીવનમાં ઉતારનાર અવતારી પુરુષો તથા સાધુ-સંતો પેદા થતા રહ્યા છે. આવા મહાપુરુષોના જીવનમાંથી અભણ માણસોને પણ જીવનની તાજગી મળતી રહી છે. આજે ગામડેગામડે ઘરદીવડા જેવા સાધુ-સંતો લોકજીવનમાં પ્રકાશ ફેલાવી રહ્યા છે. એમણે આપણી સંસ્કૃતિને જીવતી રાખી છે.

બીજા દેશોમાં આ પરંપરા ચાલુ ન રહી, તેથી એમની સંસ્કૃતિ ધૂળમાં મળી ગઈ. ઇસ્લામી સંસ્કૃતિમાં મહમદ પયગંબરને ખુદાના એક માત્ર પ્રતિનિધિ માન્યા છે. જ્યારે આપણે ત્યાં કોઈ એક જ વ્યક્તિ ઈશ્વરનો અવતાર છે, એવું કદી સ્વીકારાયું નથી. ઇસ્લામ જેવી જ માન્યતા ખ્રિસ્તી, યહૂદી આદિ સંસ્કૃતિમાં જોવા મળે છે. પણ ભારતીય સંસ્કૃતિએ આવો એકાધિકાર કોઈ વ્યક્તિને ન આપ્યો. બ્રાહ્મણોએ ઋષભદેવને પણ ઈશ્વરના એક અવતાર માન્યા, અને બુદ્ધને પણ આપણે અવતારી પુરુષોમાં સ્થાન આપ્યું છે. આ ઉદારતા અને ગ્રહણશીલતાને કારણે અનેક ઝંઝાવાતો વચ્ચે આપણી સંસ્કૃતિનો દીપક ઓલવાયો નથી.

### ધર્મ, અર્થ, કામ અને મોક્ષ

ભારતીય સંસ્કૃતિના પાયામાં ચાર પુરુષાર્થ, ચાર વર્ણ અને ચાર આશ્રમની યોજના છે. મનુભાઈએ નાનાભાઈને એક વાર કહેલું કે તમે તમારી શ્રદ્ધા વ્યક્ત કરો એ પૂરતું નથી. આ યુગ બુદ્ધિપ્રધાન છે. જીવનનાં બધાં પાસાંની વિચારણા કરતું 'ધર્માર્થકામમોક્ષાય' નામનું પુસ્તક લખો. નાનાભાઈએ સમયના અભાવે અંતિમ દિવસોમાં લખવાનું શરૂ કરેલું. આ પુસ્તકમાં નાનાભાઈ લખે છે કે : ''મોક્ષ એ જ જીવનનો સૌથી મોટો પુરુષાર્થ છે.''

આપણા હિન્દુ ધર્મશાસ્ત્રકારોએ મોક્ષની સિદ્ધિ માટે બીજા ત્રણ પુરુષાર્થ ગણાવ્યા છે : ધર્મ, અર્થ અને કામ.

નાનાભાઈની દૃષ્ટિએ કામ એ ઐહિક જીવનનો મુખ્ય પુરુષાર્થ છે. તેઓ લખે છે : ''કામ એટલે સ્થૂળ અર્થમાં જેને આપણે કામવાસના કહીએ છીએ તે નહિ, પણ કોઈ પણ જાતની એષણા, પરિએષણા એ જ કામ... કામ માનવીના મનમાં અંદર રહ્યો-રહ્યો ધક્કો મારતો હોય છે. આ ધક્કાને બળે માનવી જીવનમાં પ્રવૃત્તિ કર્યા કરે છે.''

કામ એ જીવનનું મુખ્ય પ્રેરણાબળ છે, પરંતુ પ્રેરણાબળને કાર્ય કરવા માટે બાહ્ય સામગ્રીની જરૂર પડે છે. એને આપણે અર્થ કહીએ છીએ.

નાનાભાઈની દૃષ્ટિએ અર્થ એ મુખ્ય પુરુષાર્થ નથી. કામ સાથે સંકળાયેલ અવાંતર પુરુષાર્થ છે. નાનાભાઈએ પોતાના જીવનમાં અર્થને કદાપિ પ્રાધાન્ય આપ્યું નથી. એમણે સ્વેચ્છાએ ગરીબાઈ સ્વીકારી હતી. એમનામાં ગરીબાઈ વચ્ચે જીવવાનું સ્વમાનનું તેજ હતું. અનેક વાર એમણે મૂલ્યોના રક્ષણ માટે ધનને ઠોકર મારી હતી. મૂળશંકર ભટ્ટ 'નાનાભાઈ' પુસ્તિકામાં લખે છે : ''ગરીબાઈ એ કાળે એવું બાધક તત્ત્વ નહોતું ગણાતું અને તેમાં પણ બ્રાહ્મણ ધર્મ સાથે તે અભિન્ન રીતે જોડાયેલું હતું. પણ ગરીબાઈ સાથે ખુમારી રાખવી, તે માટે અંતઃસત્ત્વનું બળ જોઈએ છે. નાનાભાઈમાં તે પૂરું વિકસેલું હતું.''

નાનાભાઈ સાચા અર્થમાં બ્રાહ્મણ હતા. એમનામાં બ્રહ્મતેજ હતું. ગરીબાઈને લીધે લઘુતાભાવ ન હતો, પરંતુ એનું ગૌરવ હતું. 'બ્રાહ્મણ' કોને કહેવાય ? ''जागो और जियो'' ગ્રંથમાં આચાર્ય રજનીશ ભગવાન બુદ્ધનો હવાલો

આપીને કહે છે :

"जो रूह को महसूस कर ले, वही ब्राह्मण है । जो इस अस्तित्व की अंतरात्मा को पहचान ले, वही ब्राह्मण है । जो पदार्थमें परमात्मा को देख ले, वही ब्राह्मण है । जिसके लिए स्थूल और सूक्ष्म एक हो जाए, वही ब्राह्मण है । बाहर और भीतर जिसके भेद न रहे वही ब्राह्मण है ।

બુદ્ધ દ્વારા બ્રાહ્મણની આ પરિભાષા નાનાભાઈને બરાબર લાગુ પડે છે. નાનાભાઈ જન્મે તો બ્રાહ્મણ હતા જ. ઉપરાંત કર્મ અને આત્મ-અનુભવ એમણે બ્રાહ્મણત્વને દીપાવ્યું છે. સ્થૂળ સંપત્તિ કરતાં આત્મ-સંપત્તિને એમણે ઉપર સ્થાન આપ્યું છે. લોકભારતીની સ્થાપના વખતે ઉછરંગરાય ઢેબરે યોગ્ય જ કહ્યું હતું : "આ સંસ્થા તે એક ગરીબ બ્રાહ્મણની સૌરાષ્ટ્રને ઉત્તમ ભેટ છે."

"અર્થ" બાબતે નાનાભાઈએ કબીરજીનો આદર્શ સ્વીકાર્યો છે :

**सांई इतना दीजिए, जामें कुटुम समाय ।**
**मैं भी भूखा न रहूँ, साधु भूखा न जाय ॥**

**पानी बाढ़े नाव में, घर में बाढ़े दाम ।**
**दोनों हाथ उलिचिये, यही सयानो काम ॥**

### વિશેષતા અને મર્યાદા

નાનાભાઈના ચિંતનની મુખ્ય વિશેષતા એ છે કે તેઓ 'પ્રાચીન' કે 'અર્વાચીન' 'પૂર્વ કે પશ્ચિમ' એવા શબ્દોમાં અટવાયા નથી, પરંતુ યુગ અનુસાર એમને જે ઉત્તમ લાગ્યું એ બેઝિઝક સ્વીકાર્યું છે.

નાનાભાઈએ વિદ્યા (અધ્યાત્મજ્ઞાન) અને અવિદ્યા (ભૌતિકજ્ઞાન) બંનેનું યોગ્ય મહત્ત્વ સ્વીકાર્યું છે. એટલે તો વીતરાગી બની જવાને બદલે જીવનભર કર્મઠ બનીને સંસ્કૃતિના સંવર્ધન માટે અનેક શૈક્ષણિક પ્રયોગો કર્યા છે, ને નમૂનેદાર કેળવણી-સંસ્થાઓ સ્થાપી છે. આદર્શ અને વ્યવહારનો એમણે કરેલ સમન્વય દૃષ્ટાંતરૂપ છે.

પરિચય પુસ્તિકામાં સંસ્કૃતિ વિશે નાનાભાઈનું જે ચિંતન છે, એ કંઈક ઉપલક લાગે છે. પ્રાશ્નિકના પ્રશ્નોમાં ક્યાંક બૌદ્ધિક ધાર છે, પરંતુ નાનાભાઈના ઉત્તરો પ્રાશ્નિકની અપેક્ષા પૂરેપૂરી સંતોષી શક્યા હોય એમ લાગતું નથી. એના કરતાં એમનાં અન્ય પુસ્તકો : જેમ કે : "રામાયણનાં પાત્રો", "મહાભારતનાં પાત્રો', 'હિન્દુ ધર્મની આખ્યાયિકાઓ' વગેરેમાં પ્રસંગોપાત્ત એમણે જે સંસ્કૃતિચિંતન કર્યું છે, ઘટનાઓનું આધુનિક અર્થઘટન કર્યું છે, એમાં સંસ્કૃતિનું મૌલિક અને ઊંડાણભર્યું વિશ્લેષણ પ્રાપ્ત થાય છે. ઊંડાણના અભાવ માટે પુસ્તકની પૃષ્ઠમર્યાદા પણ જવાબદાર છે : "नानाभाई भट्ट" શીર્ષક પુસ્તકમાં શ્રી ઈશ્વર પરમાર લખે છે :

"नानाभाई के इस (संस्कृति) विषय के चिंतन को आत्मसात् करने के लिए परिचय पुस्तिका के संपादकने उनका संपर्क किया । गागरमें सागर भरने की चेष्टा की सफलता के लिए लेखक से १८ प्रश्न पूछे । नानाभाईने इन प्रश्नो के संक्षिप्त किन्तु ठोस उत्तर देकर भारतीय संस्कृतिकी झांकी प्रस्तुत कराने का स्तुत्य और सफल प्रयास किया । अन्यथा, केवल ३२ पन्नों में इस विषय को न्याय देना असंभव नहीं तो आसान भी नहीं है ।"

નાનાભાઈએ ધર્મ, અધ્યાત્મ અને સંસ્કૃતિ વચ્ચે ગાઢ સંબંધ સ્વીકાર્યો છે અને એની સંપ્રાપ્તિનું પ્રમુખ સાધન કેળવણીને માન્યું છે. આમ એમના કેળવણીના પ્રયોગો પણ એક રીતે ધર્મ-સાધના યા સંસ્કૃતિ-સાધના હતી. જીવનનું શ્રેષ્ઠ લક્ષ્ય મોક્ષપ્રાપ્તિ યા ઈશ્વર-દર્શન માન્યું છે. ઈશ્વરદર્શન માટેની એમની તડપન જુઓ : "જેની પાંખ હજી ફૂટી નથી એવાં (પક્ષીનાં) પિલ્લાં જે ઉત્કંઠાથી માની વાટ જુએ છે; ભૂખ્યાં વાછરું જેમ માના દૂધ માટે અધીરાં થાય છે, પત્ની જે ઉત્કંઠાથી પતિની પ્રતીક્ષા કરે છે, તેવી જ ઉત્કંઠાથી હે કમલનયન ! હવે મારું મન તારા દરશનને સારુ અધીરું બન્યું છે !"

આ કાવ્યમય વાણી એક સાધકની નાભિમાંથી ફૂટી છે જાણે !

ને મૂળશંકર ભટ્ટ યોગ્ય જ કહે છે : "અને આમાં જ આ 'નાના'ની ઊંચાઈનું તથા ઊંડાઈનું રહસ્ય દેખાય છે."

### આધાર સાહિત્ય


૧. ભારતીય સંસ્કૃતિ શું છે ? : નાનાભાઈ ભટ્ટ
૨. નાનાભાઈ : મૂળશંકર ભટ્ટ
૩. ઘડતર અને ચણતર : નાનાભાઈ ભટ્ટ
૪. કેળવણીની પગદંડી : નાનાભાઈ ભટ્ટ
૫. આપણો વૈભવ અને વારસો : મનુભાઈ પંચોળી
૬. 'સામ્પ્રત' વિશેષાંક : જૂન-સપ્ટેમ્બર : ૨૦૦૫
૭. विशिष्ट साहित्यकार : नानाभाई भट्ट ईश्वर परमार
८. जागो और जियो : आचार्य रजनीश



**તુલસીભાઈ પટેલ**
**૧, ઉદયનગર સોસાયટી, મહેસાણા-૩૮૪૦૦૨**
**મો. ૯૯૯૮૦૮૯૬૩૩**

# અનુસંધાનપૂર્વક જીવવું એટલે કેટલું કઠિન... કેટલું...

ડૉ. ગંગાધર એચ. પ્રજાપતિ

ગુજરાતી ભાષાના જ્ઞાનપીઠ પુરસ્કાર વિજેતા મૂર્ધન્ય કવિશ્રી ઉમાશંકર જોષી એમના યુવાકાળમાં જીવન ઉપાસનાની કેડી શોધવાના મનોવિહારમાંથી જીવનવિકાસનો વિવિધ ક્ષેત્રો જેવાં કે સાહિત્ય, સમાજ, ધર્મ, દર્શન, શિક્ષણ-અર્થકારણ, રાજકારણ તેમ જ વિજ્ઞાનના ધબકાર ઝીલવા અને, અભિવ્યક્તિ સાધવા માટે **'सत्यम् परम धीमहि'**ના મુદ્રાલેખથી ૨૬મી જાન્યુઆરી ૧૯૪૭થી ''સંસ્કૃતિ'' સામયિક શરૂ કરે છે. કવિએ એના પ્રથમ અંકમાં નોંધ્યું છે તે પ્રમાણે અનુસંધાનપૂર્વક જીવવાની તક મળે એના ભાગરૂપે સામયિકનું સંપાદનકાર્ય સ્વીકાર્યું. સમયના તકાજા પ્રમાણે જીવનક્ષેત્રોના વિવિધ સંકેતો ઝીલવાનો એ પ્રયત્ન માટે સંતર્પક અને યથાર્થ નીવડશે એવી હામ એમને ઉત્તેજિત રાખે છે અને આ ઉત્તેજના સાથે ગુજરાતી ભાષાનું અગ્રપૂજા આધિકારિક ''સંસ્કૃતિ'' શરૂ થાય છે.

૨૬મી જાન્યુઆરી, ૧૯૪૭થી શરૂ કરી ડિસેમ્બર, ૧૯૮૪ સુધી આડત્રીસ વર્ષ સુધી સતત પ્રકાશિત ''સંસ્કૃતિ'' અપમૃત્યુને પામે છે. ગુજરાતી ભાષાના આ નીવડેલા અને બૌદ્ધિકો માટે ''ઓપન ફોરમ'રૂપ સામયિકની ઉપાદેયતા બૌદ્ધિક સજ્જતા અને વૈવિધ્ય નિશંક રીતે માર્ગદર્શકસ્વરૂપ હતાં. ઉમાશંકરે એના સમાપન અંકમાં નોંધ્યું એ પ્રમાણે સમયની સાથે ગાઢ અનુસંધાનપૂર્વક જીવવાની તક મળે.'' એ પ્રેરણાતત્ત્વ હતું ! અનુસંધાનપૂર્વક જીવવાની અભીપ્સા કેટલી ગાઢ અને વ્યાપ્ત હશે ? કવિશ્રીએ અનુસંધાનપૂર્વક જીવવા ઉપર મોટો ભાર રાખ્યો છે. અહીં એમની દૃષ્ટિએ અનુસંધાન એટલે સર્વક્ષેત્રોનો યુગબોધ.

કોઈ પણ સર્જકની સર્જકતા સમાજના વિવિધ સંદર્ભોમાંથી યુગબોધથી ઉત્પ્રેરિત થતી હોય છે. યુગબોધ નિપજાવતા મહત્ત્વનાં ઘટકોમાં ધર્મક્ષેત્ર પ્રથમ આવે છે. જીવનનું પ્રથમ અનુસંધાન હોય છે ધર્મ. પણ ધર્મની વિભાવના ગમે તેટલી રૂપાળી, રોમાંચિત કરે તેવી હોય તો પણ દુનિયા બધા જ ધર્મો 'સુવર્ણજડિત ગર્ભગૃહો અને કળશોમાં કેદ છે. દુનિયાના બધા જ ધર્મોએ માનવીનું વિભાજન કર્યું છે. શોષણ કર્યું છે સવિશેષપણે હિન્દુ ધર્મ જ્ઞાતિપ્રથાની સજ્જડ બેડીઓથી માનવીને ઉચ્ચ નિમ્ન કક્ષામાં બાંધી દીધો છે. હિન્દુ ધર્મનો દલિત સમાજ 'આજે પણ' મૂછો રાખવાની સજા રૂપે મારી નખાય છે. પરણવા માટે ઘોડી ઉપર નહીં બેસવાના આદેશ અપાય છે. ગૌરક્ષકોનાં ટોળેટોળાં સરેઆમ દલિતોને સજા આપવા ઘૂમી રહ્યાં છે. સૌથી મહાન, પ્રાચીન અને શ્રેષ્ઠ સંસ્કૃતિ હોવાનું ગૌરવ લેતા હિંદુઓ માનવીઓની શ્રેષ્ઠ અસ્મિતાનો અસ્વીકાર કરે છે. ધર્મના નામે અંધશ્રદ્ધા, કર્મકાંડને વિજ્ઞાનનો આધાર આપી 'વિજ્ઞાનનું સત્ય' જાહેર કરાય છે. યજ્ઞ, હોમ, હવનથી પર્યાવરણ દૂષિત થાય એવું સ્વીકારવાને બદલે હવા શુદ્ધ થઈ એવો પ્રચાર થાય છે. સાચો વૈજ્ઞાનિક અભિગમ ધરાવતો નાગરિક ધર્મસત્તા આગળ લાચાર બની મૌન ધારણ કરે છે. આવી બધી અસહ્ય વિસંગતતાઓનો વિવાદ અને વિકૃતિઓના કારણે મનોક્ષુબ્ધતા અનુભવતા ઉચ્ચ કસોટીના સર્જક પ્રતિભા ધરાવનાર સહૃદય કવિશ્રીએ જ્યારે સાંપ્રત સાથે અનુસંધાન ખોરવાઈ જવાનો, કલેશ અનુભવવો પડ્યો હશે એટલે સહસા 'સંસ્કૃતિ'ને અટકાવી દેવા વિવશ થવું પડ્યું હશે ?

સાંપ્રતકાળમાં ધર્મસત્તા અને રાજસત્તા એક

બીજાનાં પૂરક બની ગયાં છે. તાજેતરમાં હરિયાણામાં બનેલી ઉદાહરણરૂપ ઘટના, કાંડ આનું તાજું ઉદાહરણ છે. સત્તાનું પલ્લું જ્યારે ભારે હોય બીજાને બોલવાનો કોઈ અધિકાર નથી અને કોઈ પણ ધોરણો, મૂલ્યો જાળવવાં જરૂરી નથી એવા અભિમાનથી પ્રેરાઈ ચારેકોર મનસ્વિતા ફાલી રહી છે. વિચારધારાની કટ્ટરતા વિકસાવાય છે અને સમાજને ઉચિત માર્ગ, વિચાર, વાત કરતા વિચારકો જેવા કે પાનસરે નરેન્દ્ર દાભોલકર, કુલબુર્ગી અને છેલ્લે ગૌરી લંકેશ ગોળીએ દેવાય છે. રાજકારણથી શિક્ષણ આજે ક્યારેય ન હતું એટલું પ્રભાવિત છે. સરકાર ધર્મનિરપેક્ષતાનાં મૂલ્યો વિસારીને પોતપોતાના તરંગતુક્કા અને ઇતિહાસ, સંસ્કૃતિના ખ્યાલ ભણતરમાં ભેળવતી રહે છે. આપણે શિક્ષણની પરંપરા ખોઈ બેઠા છીએ અને શિક્ષણનું વ્યાપારીકરણ થવાથી ગુણવત્તા ખોઈ બેઠા છીએ. શિક્ષણ માટે ભવ્ય મહાલયો બનાવી લીધાં છે પણ જેના માટે આ તામઝામ છે તે અસલ વસ્તુ ખોઈ બેઠા છીએ. કોઈ પણ પ્રકારની શૈક્ષણિક શ્રેષ્ઠતા વગરના કુલપતિઓ સરકારી પ્રતિનિધિઓ બની શિક્ષણની ઘોર ખોદી રહ્યા છે. જ્યાં સર્વત્ર રાજકારણ પ્રભાવી હોય ત્યાં સમાજકારણ જીવી શકતું નથી. શકુનિ નીતિ ને ચાણક્ય નીતિ તરીકે બિરદાવી મૂલ્યો અને માનવીના મૂલ્યનો છેદ ઉડાવાય છે.

શોષણ, ગરીબી, અસમાનતા, અત્યાચાર અને અસ્મિતા હનન જ્વાળાઓથી ઝીણી બનેલી આંખોમાં વિરાટ સ્વપ્નો આંજવામાં આવી રહ્યાં છે પણ આજ સુધી નિષ્ફળ સ્વપ્નાંનો ભાર વેઢારીને આમ આદમી કેડથી ઝૂકી ગયો છે. જેમના નામે વિકાસના 'જુમલા' રચાય છે તે જનસામાન્ય ક્ષતવિક્ષત છે. આવી સહન ન થઈ શકે એવી સ્થિતિ વારસાગત છે અને તેથી સહૃદયી કવિ-હૃદય પોકારી ઊઠે છે. **'ભૂખ્યાજનોનો જઠરાગ્નિ જાગશે; ખંડેરની ભસ્મકણીન લાધશે!'** કવિનું આ આર્ષદર્શન કેટલી વેદના પછી શબ્દોરૂપે પ્રગટ્યું હશે ? આવી સ્થિતિ જીરવવાની શક્તિ ત્યારે ખૂટી જાય છે, હદ વટાવી જાય છે ત્યારે સંવેદના, કારુણ્ય અને સૌહાર્દથી ધબકતું હૃદય સમતોલ, સંતુલિત અને સ્વસ્થ કઈ રીતે રહી શકે ? સમાજ, સંસ્કૃતિ અને જીવન સાથે અનુસંધાન કેવી રીતે જાળવી શકે ? જ્યારે હૃદય પોકારી ઊઠ્યું હશે કે ઠાલા શબ્દો લખીને શું ? ''સંસ્કૃતિ'' એ આત્મહત્યા કરવી જ રહી ? સંસ્કૃતિ કેવી વ્યાપક અર્થછાયા ધરાવતું નામ છે ? ''સંસ્કૃતિ'' નામે વ્યાપક વિકૃતિઓ જ વિકાસ પામતી હોય ત્યાં ''સંસ્કૃતિ''ને જીવવાનો અધિકાર નથી. એવા ભારે મનોમંથન પછી ''સંસ્કૃતિ''નું પ્રકાશન અટકાવી દેવોનો આકરો નિર્ણય લીધો હશે ? જ્યાં જીવન કોઈ કેન્દ્રબિંદુ ઉપર સ્થિર નથી રહી શકતું ત્યાં શિક્ષણ, સમાજ, ધર્મ, અર્થકારણ, રાજકારણ સાથેનું અનુસંધાન કેવું દુરારાધ્ય છે એ-તો ઉમાશંકર જોષી જ પામી શકે.

અને અંતે સાહિત્યજીવનનું માધ્યમ પણ શબ્દો, ભાષાથી સાહિત્યનું ઘડતર થાય છે, સર્જન થાય છે. આપણી ભાષાના નિવડેલા સર્જક વીનેશ અંતાણી જણાવે છે તેમ 'શબ્દોની ગરિમાની પ્રતિષ્ઠા સાહિત્યનું લક્ષ્ય છે. માત્ર રાજકારણના ક્ષેત્રની વાત નથી. પરંતુ જ્ઞાનના સર્વક્ષેત્રો, મીડિયામાં શબ્દો લોહીલુહાણ છે, શબ્દો સડેલા ટામેટા જેવા થતા જાય છે. આજે સાહિત્યનું ભવિષ્ય અસુરક્ષિત છે. ટેક્નોલૉજીના પ્રભાવથી સંવેદના મરી પરવારી છે. હિંસાનું રાજકારણ વ્યાવસાયિક સ્વરૂપ બની ચૂક્યું' અનાગતના આવા અણસાર પામી મનોગત મંથનની વિવશતા અનુભવી અનુસંધાનપૂર્વક જીવવાનો પોતાનો પ્રયાસ હકારાત્મક નહીં રહે તેમ લાગતાં આપણી ભાષાનું શ્રેષ્ઠતમ સામયિક અપમૃત્યુને પામે છે એમ કહેવું નિશંક યથાર્થ બની રહેશે.

**ડૉ. ગંગાધર એચ. પ્રજાપતિ**
એ/૧૦૧, અર્થ આઈકોન,
કારેલી બાગ, વડોદરા, મો. ૯૯૨૫૬૩૬૭૮૭

જવાહરલાલજી સાચા અર્થમાં ધર્મ જીવનારા હતા, ધર્મની આળપંપાળ કે ટીલાંટપકાંથી એ દૂર ભાગતા, પણ સૌ ધર્મોની પ્રાણભૂત અને સૌ ધર્મોથી પર એવી ધાર્મિકતા એમના જીવન દ્વારા ફોરતી. 'સમૂળી ક્રાન્તિ'માં યોગ્ય રીતે જ સદ્‌ગત કિશોરલાલભાઈએ જવાહરલાલજીને આધ્યાત્મિક પુરુષ તરીકે ઓળખાવ્યા છે.

**– ઉમાશંકર જોશી**

# લેટર ટુ માય ફાધર

**ડૉ. રંજના હરીશ**

[વિશ્વ વિખ્યાત જર્મન લેખક ફ્રેન્જ કાફકા (૧૮૮૩થી ૧૯૨૪)ને લગ્ન ફોબિયા હતો. પોતાની ૧૮ વર્ષની ઉંમરથી તે સતત સ્ત્રીઓના પ્રેમમાં પડતો, હરતો-ફરતો, તેમને ઉત્કટપણે ચાહતો, પરંતુ સંબંધમાં સ્થિરતા લાવવાના અણસાર હોય કે તરત તે બેચેન બની જતો અને છેવટે સંબંધ ફોક કરીને ભાગી છૂટતો. તેણે ત્રણ-ત્રણ વાર સગપણ કરેલાં અને તોડેલાં. એક વાર તો એક જ સ્ત્રી (ફેલિસ) સાથે તેણે ત્રણ વાર સગપણ કરેલાં.

ત્રીજી વારનું સગપણ તોડતાં પહેલાં કાફકાને ટી. બી. છે તેવું ડૉક્ટરી નિદાન થતાં તેણે એ સંબંધને રોગના બહાના તળે તોડી નાખેલું. ફેલિસ સાથે અંતિમ વારનું સગપણ તોડવાનો કાફકાનો નિર્ણય તેની પ્રેમિકા માટે અત્યંત દુઃખદ હતો અને તેથી તેણે પોતાની બહેનપણી ગ્રેટી બ્લોચને પોતાના પ્રેમીને સમજાવવા તે જ્યાં વસતો હતો ત્યાં પ્રાગ મોકલી. ગ્રેટી સાથેની કાફકાની મુલાકાતોનું પરિણામ વિચિત્ર હતું. તેને સમજાવવા માટે ગયેલી ગ્રેટી તેના પ્રેમમાં પડી ગઈ અને થોડા મહિના કાફકા સાથે રોકાઈ ગઈ. અને ત્યાર બાદ કોઈ જાતના આગ્રહ વગર ચાલી ગઈ. સુખદ સ્વપ્નની જેમ કાફકા તેને જીવનભર સ્મરતો રહ્યો.

ઉપરોક્ત પ્રસંગ બાદ કાફકાના જીવનમાં એક નાનકડા રેસ્ટોરન્ટમાં વેઇટ્રેસનું કામ કરતી લગભગ અશિક્ષિત જેવી જુલી વ્હોરીજેક પ્રવેશી. કાફકાને ઉતાવળ હતી. ઘડિયાં લગ્ન લેવા માટે તેણે દોડાદોડ કરવા માંડી, પરંતુ આ વખતે કાફકાના પિતાએ આ સંબંધનો જોરદાર વિરોધ કર્યો. પરિણામે જીવનભર કોઈ પણ સ્ત્રીની જવાબદારી લેવાના વિચારમાત્રથી ગભરાઈ જતો ભાગેડુ કાફકા પિતા તથા સમગ્ર પરિવારથી વિરુદ્ધ થઈ ગયો. વિખવાદના આ ગાળામાં તેણે પોતાના પિતાને સંબોધીને જર્મન ભાષામાં ૮૬ પૃષ્ઠનો એક દીર્ઘપત્ર લખ્યો (લેટર ટુ માય ફાધર-૧૯૧૯). આ પત્ર કદાચ વિશ્વનો એકમાત્ર પત્ર હશે જેમાં પિતા-પુત્રના નકારાત્મક સંબંધોની તલસ્પર્શી છણાવટ થઈ છે. પિતાના દબદબાપૂર્ણ, આતતાયી વ્યક્તિત્વને આ પત્રમાં કાફકાએ પોતાના એબ્નોર્મલ જીવન માટે જવાબદાર લેખ્યું.

પોતાના કૃતિત્વ દ્વારા સાહિત્યવિશ્વમાં પોતાની અમીટ છાપ છોડી જનાર ફ્રેન્ઝ કાફકાના ઉપરોક્ત દીર્ઘ પત્રના અંશો પ્રસ્તુત છે.]

પ્રિય પિતાજી,

થોડા વખત પહેલાં તમે મને પૂછેલું કે, હું તમારાથી આટલો બધો કેમ ગભરાઉ છું ? આવો વિચિત્ર કેમ થઈ ગયો છું ? તેનો જવાબ તે વખતે મારી પાસે નહોતો. કદાચ એ જવાબ શોધવા માટે મારે મારા જીવનની જૂની સ્મૃતિઓ અને વિગતોમાં જવું પડે તેમ હતું... વળી જવાબ આપું તો આપણા સંબંધો વધુ વણસે તેવી શક્યતા પણ ખરી... પણ હવે ઘણું વિચારતાં હું શોધી શક્યો છું કે, તમારી ધાક અને મારી તમારા પ્રત્યેની બીકનાં મૂળ, મારી સમજણ તથા સ્મરણશક્તિથી પણ ઊંડાં છે....

તમારે મન આખા કુટુંબમાં તમે એકમાત્ર સાચા હતા, સફળ હતા, પરિશ્રમી હતા અને તેથી તમને મારા જેવા નબળા બાળકને દબડાવતા રહેવાનો પૂરો અધિકાર હતો. તમારો દીકરો હોવા છતાં હું તમારાથી તદ્દન વિરુદ્ધ પ્રકૃતિનો હતો. તમે ઉગ્ર તો હું શાંત, તમે બળવાન તો હું નિર્માલ્ય, તમે સાક્ષાત્ સ્વાસ્થ્યનું પ્રતીક તો હું અસ્વસ્થતાનો નમૂનો. ટૂંકમાં આપણો કોઈ મેળ જ નહોતો. તેમાં વળી તમારું હૃદયપુષ્ટ શરીર જોઈને મને બીક લાગતી... નાનપણમાં ડાઇનિંગ ટેબલ પર પરિવારના બધા સભ્યો હરફેય બોલતા નહીં. તમે જે વાનગીને અડો તેને સ્પર્શવાની હિંમત સુધ્ધા તેઓ કરતાં નહીં... મને તો એમ જ થયા કરતું કે, આ રાક્ષસી પુરુષ મારા જેવા મગતરાને ક્યાંય કચડી નાખશે... હાશ, એવું

કંઈ ન બન્યું પણ જે બન્યું તે તમારા પગ તળે કચડાવા કરતાં પણ વધુ ખરાબ હતું. તમારા ભારે અહંકારે મારો 'હું' મિટાવી દીધો !

મને યાદ છે, હું નાનકડો ત્રણ વર્ષનો હોઈશ. રાત્રે મને પુષ્કળ તરસ લાગી અને મેં રડવા માંડ્યું. મારો રડવાનો અવાજ સાંભળીને તમે આવ્યા. મને માના ખોળિયામાંથી ઉપાડીને શિયાળાની કડકડતી ઠંડી રાતમાં તમે મને ભોંય પર મૂકીને દરવાજો બંધ કરી દીધો. તમારા આવા વર્તને મને આજ્ઞાંકિત બનાવી દીધો. તમે જીતી ગયા. હવે હું પાણી માગતો નહોતો, રડતો નહોતો. મને તમારી એવી તો બીક લાગતી કે હું ભગવાનને પ્રાર્થના કરતો કે આ રાક્ષસી પડછંદ માણસ, જે મારો પિતા છે તેને મારા રૂમમાં ન મોકલીશ. તે મને બારીમાંથી બહાર ફેંકી દેશે.

તમારા પ્રત્યેની મારી આવી ભાવના વર્ષો સાથે ઉત્તરોત્તર વધતી ગઈ અને હું સાવ બીકણ, અશક્ત, દબ્બુ અને એબ્નોર્મલ બનતો ગયો. મને જરૂર હતી એક થોડા અમથા પ્રેમની, સહાનુભૂતિની, ધીરજની, મૈત્રીની પરંતુ મારું સારું ઇચ્છવાના બહાના હેઠળ તમે મને તદ્દન વિપરીત દિશામાં ધકેલતા ગયા... પોતાનાથી દૂર, દૂર, દૂર... મારા શરીરની સાથોસાથ મારા મન અને બુદ્ધિ પર પણ તમારો જાપ્તો હતો.

તમે જાણે મારા સમગ્ર જીવનના એકચક્રી રાજા હતા અને હું તમારી નજરમાં તદ્દન પાંગળો, મૂર્ખ અને ગાંડો હતો... જીવનભર કોઈ પણ બાબતે તમારી સાથે અસંમત થવાનું તો મારું ગજું જ ક્યાંથી હોય ? અરે હું તો તમારી હાજરીમાં સરખું બોલી શકતોય નહીં. મારી જીભ થોથવાતી. વખત જતાં બોલવાનું લગભગ બંધ જ થઈ ગયું. મને તમારાથી દૂર ભાગી જવાનું મન થતું. જ્યારે તમે તમારા આવા વર્તનને પૈતૃક લાગણીમાં ખપાવતા. મારા જેવો માણસ શું પરણવાનો હતો તેમ તમે માનતા... મેં પસંદ કરેલ બંને કન્યાઓ ખૂબ સારી હતી, પરંતુ તમારા ભય તળે વિકસેલા મારા વિચિત્ર વ્યક્તિત્વને લીધે મેં તે બંનેને નિરાશ કરી. હવે ત્રીજી માટે તમે ના પાડો છો. મારે શું કરવાનું ?

હું કેમ ન પરણ્યો ? ઘણા મને પૂછે છે. ન પરણવાનાં ઘણાં કારણ હતાં. પણ મુખ્ય કારણ હતું તમારી ધાક તળે કચડાઈ ગયેલ મારા વ્યક્તિત્વનું. હું સમજતો હતો કે લગ્ન એટલે એક એવી જેલ કે જે તોડીને માણસ સતત ભાગવા પ્રયત્ન કરતો હોય છે. સાથોસાથ હું એ પણ જાણતો હતો કે જો સફળ થાય તો લગ્ન એટલે એવો આવાસ જેમાં વસી જઈને કારાવાસ પણ આનંદમહેલમાં પરિવર્તિત થઈ શકે... પરંતુ તમારી સાથેના મારા દુઃખદ સંબંધોએ મને ભાગેડુ બનાવી દીધો છે. હું જાણું છું આ પણ એક ગાંડપણ જ છે... આ પત્રનો મુખ્ય હેતુ આપણા, પિતા-પુત્ર વચ્ચેના, સંબંધોનું પૃથક્કરણ અને તેનો મારા જીવન પર પડેલો ખોટો પ્રભાવ જ છે.

**લિ. તમારો પુત્ર ફ્રેન્ઝ કાફકા**

પોતાના જીવન પૃથક્કરણ સાથે લખાયેલ આ દીર્ઘ પત્રે કાફકાનો ઘણો સમય લીધો, પરંતુ તેણે આ પત્ર પિતાને પહોંચતો જ ન કર્યો ! હિંમત હોય તો ને ? તેને તો એટલીય શ્રદ્ધા નહોતી કે તેણે સર્જેલ અમર કૃતિઓ પ્રકાશિત થવાને લાયક હતી ! કેવું દુર્ભાગ્ય કે કાફકાની કૃતિઓ તેના મૃત્યુ બાદ પ્રકાશિત થઈ ! અને આ કૃતિઓએ લેખકને અમર બનાવી દીધો. આ બધી કૃતિઓની જેમ ૧૯૧૯માં લખાયેલ ઉપરોક્ત પત્ર કાફકાના મૃત્યુ બાદ એક પુસ્તિકારૂપે પ્રગટ થયો.

**(કેળવણી વિમર્શ, ઑક્ટોબર-નવેમ્બર ૨૦૧૭, પૃ. ૧૮-૧૯માંથી સાભાર)**

નરસિંહ પછી બીજા કોઈએ મહાન ઊર્મિકવિતા આપી હોય તો તે ન્હાનાલાલે અને સમગ્ર ગુજરાતી સાહિત્યમાં ઊર્જિતતા (Sublimity)નું મનભર દર્શન તો માત્ર આ બે કવિઓમાં જ મળે છે. 'નીરખને ગગનમાં કોણ ઘૂમી રહ્યો', 'બ્રહ્મ લટકાં કરે બ્રહ્મ પાસે' એ ભવ્યચિત્રમાળા ફરી ન્હાનાલાલ મોટા પાયા ઉપર આગળ ચલાવી શકે છે : 'વિરાટનો હિંડોળો ઝાકમજોર; કે આભને મોભે બાંધ્યા દોર', 'બ્રહ્માંડ બ્રહ્મે પાથર્યું સુખકુંજ સમ ઊંડું, ત્યાં એકલો ઊડું'....દૃષ્ટાંતો શોધવાં પડે એમ નથી. ભવ્યતા ન્હાનાલાલની કલ્પનાની હડફેટમાં આવ્યા જ કરે છે.

**– ઉમાશંકર જોશી**

# પરમેશ્વરના પરોપકારને પારખો

રણછોડ શાહ

સમગ્ર જીવન ક્યારેય એક સીધી લીટીમાં પસાર થાય તેવું શક્ય નથી. ઉતાર-ચઢાવ જિંદગીનો ક્રમ છે. સુખ કે દુ:ખની ઘટમાળ વચ્ચે જીવનસરિતા વહેતી રહે છે. ચલચિત્રમાં દર્શાવાતી ઘટનાઓ કાલ્પનિક લાગે છે, પરંતુ પટકથાના લેખકો લોકજીવનમાં બનેલા પ્રસંગોનું સંકલન કરી તેનો ઘટનાક્રમ બનાવી પ્રેક્ષકો સમક્ષ રજૂ કરવામાં માહેર હોય છે. ચલચિત્ર જોતી વખતે વ્યક્તિ પટકથા સાથે એટલા માટે પોતપ્રોત થઈ જાય છે કે તેના જીવનમાં પણ આવી પરિસ્થિતિ ક્યારેક ઉત્પન્ન થઈ જ હોય છે. ચલચિત્ર કે નવલકથામાં ચાલતી વાર્તાનો કોઈક વળાંક આવતાં દિલ આંચકો અનુભવે છે. જીવનમાં આવા વળાંકો આવતા હોય ત્યારે વાર્તા સાથે જાણે-અજાણે વ્યક્તિ જોડાઈ જાય છે.

જીવનની તમામ બાજુઓ સાથે વિશ્વાસ અને અવિશ્વાસ સંલગ્ન હોય છે. કોઈની ઉપર મૂકેલ વિશ્વાસભંગ થાય ત્યારે આપણે પણ અવિશ્વાસુ બનવું જોઈએ તેવો વિચાર આવવો સ્વભાવિક છે. ક્યારેક કોઈના ઉપર મૂકેલ વિશ્વાસ સફળતાના શિખરે પહોંચાડે ત્યારે ''શ્રદ્ધા વિહોણી જિંદગી જગમાં કદી ફળતી નથી'' જેવી કાવ્યપંક્તિ યાદ આવે. શ્રદ્ધા અને શંકા સિક્કાની બે બાજુ જેવાં છે.

એક સગર્ભા સ્ત્રી એક વૃક્ષ નીચે આરામ કરી રહી હતી. તેને તરસ લાગી, પરંતુ આજુબાજુમાં ક્યાંય પાણી નજરે પડતું નહોતું. તરસ વધતાં તેનું ગળું સુકાવા લાગ્યું. અચાનક જ તેને ઝાડ ઉપરથી પાણીનાં ટીપાં નીચે પડતાં હોય તેવું દૃશ્ય નજરે પડ્યું. તે ખુશીથી નાચી ઊઠી. તેણે પોતાની પોટલીમાંથી નાનકડો ગ્લાસ કાઢ્યો. જ્યાંથી ટીપાં ટપકતાં હતાં ત્યાં જઈને પાણીનાં ટીપાં ઝીલી લેવાનો પ્રયત્ન કરવા માંડી. લગભગ અડધો ગ્લાસ પાણીથી ભરાઈ ગયો. તેણે પાણીનો ઘૂંટડો ભરવાની શરૂઆત કરી ત્યાં તો અચાનક એક પક્ષીએ આવી તેની પાંખથી ગ્લાસને ધક્કો મારી પાણીને જમીન ઉપર ઢોળી નાખ્યું. સ્ત્રીને પક્ષી ઉપર ખૂબ ગુસ્સો આવ્યો. પરંતુ પક્ષી તો ઊડી ગયું. તેણે ફરીથી પાણીનો ગ્લાસ ભરવા પ્રયત્ન કર્યો. પુનઃ પક્ષીએ આવી પાણી ઢોળી નાખ્યું. આવું ત્રણ-ચાર વાર બનતાં સ્ત્રીએ અત્યંત ક્રોધિત બનીને એક પથ્થર લઈને તે પક્ષી ઉપર જોરથી ફેંક્યો. પક્ષી લોહલુહાણ થઈ ત્યાં જ મૃત્યુને આધીન થયું.

પક્ષીના મરણ બાદ સ્ત્રીએ જોયું કે ઝાડ ઉપરથી એક કાળો લાંબો ઝેરી સાપ નીચે ઊતરી રહ્યો હતો. તે ભયભીત થઈ ગઈ, પરંતુ ધીરજ રાખી તેણે તપાસ કરી તો જાણવા મળ્યું કે જે પાણી સમજીને ગ્લાસમાં ભેગું કરતી હતી તે તો સાપ દ્વારા ઓકાયેલું ઝેર હતું. તેને સમજાયું કે જે પક્ષીને તેણે પથ્થર મારીને મારી નાંખ્યું તે તો તેનો જીવ બચાવવાના પ્રયત્નો કરતું. હવે તે પોતાની જાતને દોષિત માની ખૂબ પસ્તાવો કરવા લાગી. તેને પોતાની જાત તરફ ઘૃણા થવા લાગી. તેના પસ્તાવાનો પાર ન રહ્યો.

ક્યારેક પ્રભુ પક્ષીરૂપે જીવનમાં આવી આપણો પ્રાણ બચાવી લે છે. પ્રભુ જીવનમાં આવેલ સમસ્યાનો ઉકેલ લાવી આપણને સદાય મદદરૂપ થાય છે. તેણે જે વિચાર્યું હોય તે આપણા ભલા માટે જ હોય છે. દુ:ખને ફંગોળી દો, કારણ કે પ્રભુ વધારે સારું આપવાની રાહ જોઈને ઊભા જ હોય છે. પ્રભુનો હાથ પકડીએ તો તે જે રસ્તે ચલાવે તે રસ્તે ચાલવામાં જ ડહાપણ છે.

* * *

'ગૂગલ' આજે વ્યાપક રીતે વપરાય છે. તેના સ્થાપક બિલ ગેટ્સને કોઈકે પૂછ્યું, ''આ દુનિયામાં બિલ ગેટ્સ કરતાં વધુ સંપત્તિવાન કોણ છે ?'' બિલ ગેટ્સે જવાબ આપ્યો કે હા એક વ્યક્તિ છે જે મારાથી પણ

ધનવાન છે. પ્રશ્નકર્તાએ પૂછ્યું, ''કોણ ?''

બિલે જણાવ્યું, ''ઘણાં વર્ષો પહેલાં મને નોકરીમાંથી કાઢી મૂકવામાં આવ્યો હતો ત્યારે હું ન્યૂયૉર્કના એરપોર્ટ ઉપર ગયો હતો. ત્યાં હું છાપાનાં શીર્ષકો વાંચતો હતો. મને તેમાંથી એક છાપું ગમી ગયું. હું તે ખરીદવા ઇચ્છતો હતો, પરંતુ મારી પાસે પૈસા નહોતા. હું મારી રીતે ફર્યા કરતો હતો ત્યાં તો એક અશ્વેત છોકરાએ મને બોલાવ્યો અને કહ્યું કે આ છાપું આપના માટે છે. મેં તે છોકરાને જણાવ્યું કે મારી પાસે પૈસા નથી. તેણે જણાવ્યું, ''કોઈ વાંધો નહીં, હું આપને મફત આપું છું.''

ત્રણ માસ બાદ ફરીથી બિલ ત્યાં ગયા. આકસ્મિક રીતે ફરીથી પણ તેમ જ બન્યું. પુનઃ તે જ છોકરાએ સમાચાર પત્ર મફત આપ્યું. બિલે તેને જણાવ્યું, 'તે આ રીતે ન સ્વીકારી શકે.' છોકરાએ કહ્યું, 'હું તમને મારા નફામાંથી આપું છું.'

૧૯ વર્ષ બાદ બિલ અત્યંત શ્રીમંત બની ગયા. તેઓએ તે છોકરાને શોધી કાઢવાનું નક્કી કર્યું. દોઢ મહિનાની સખત મહેનત બાદ બિલને તેને શોધવામાં સફળતા પ્રાપ્ત થઈ. બિલે છોકરાને પૂછ્યું, 'તું મને ઓળખે છે ?'

છોકરાએ જવાબ આપ્યો, ''હા, તમે પ્રખ્યાત બિલ ગેટ્સ છો.''

બિલે તેને જણાવ્યું, 'તેં મને ઘણાં વર્ષો પહેલાં બે વખત સમાચારપત્રો મફત આપ્યા હતા. હવે મારે તેનો બદલો વાળવો છે. તારે જે જોઈએ તે આપવા માટે હું તૈયાર છું.'

છોકરાએ બહુ સૂચક અને માર્મિક જવાબ આપ્યો. તેણે જણાવ્યું, 'ભાઈ, મેં તમને જ્યારે છાપાં મફત આપ્યાં ત્યારે તમારી આર્થિક સ્થિતિ સારી નહોતી. તમે મને પૈસા ચૂકવવા માંગો છો ત્યારે તમે શ્રીમંત છો તો તમે મને કેવી રીતે બદલો ચૂકવી શકશો ?'

બિલ ગેટ્સ નોંધે છે કે, ''તે અશ્વેત બાળક મારા કરતાં અત્યંત તવંગર છે. તમારે કોઈને કંઈ પણ આપવું હોય તો ધનિક થતાં સુધી રાહ જોવાની સહેજ પણ જરૂર નથી. દાન કરવાની પ્રબળ ઇચ્છાશક્તિ હોય તો રસ્તા અચૂક મળી જ રહે છે.''

અદમ્ય ઇચ્છા હોય તો સારું કાર્ય થઈ જ શકે છે. કોઈ પણ સારું કાર્ય ધનના અભાવે અટકતું નથી, પરંતુ ઈશ્વરમાં શ્રદ્ધા હોય અને નિઃસ્વાર્થભાવે કોઈ પ્રવૃત્તિ કરવામાં આવે તો તે સફળતાને વરે જ છે.

જે વ્યક્તિ સમાજ માટે કંઈક કરી છૂટવા મથે છે તેને જરૂરી સહાય પ્રાપ્ત થાય છે. અલબત્ત, કાર્ય સમાજોત્થાન માટેનું હોવું જોઈએ. આજે પણ સમાજમાં દાનવીરોનો તોટો નથી, પરંતુ સત્કાર્ય કરનાર વ્યક્તિઓનો અભાવ જરૂર છે. આજે પણ બિનસરકારી સ્વૈચ્છિક સંસ્થાઓ અનેકક્ષેત્રે સેવાકીય પ્રવૃત્તિઓમાં પ્રવૃત્ત છે. આ કારણે તો સમાજમાં સુખ, શાંતિ અને આનંદનો અનુભવ સતત નજરે પડતો જ રહે છે.

૬૩, ભૃગુપુર સોસાયટી,
ભરૂચ. (મો.) ૯૯૭૯૮૬૧૬૩૧

(સુવિચાર, ડિસેમ્બર ૨૦૧૭ પૃ. ૭-૮માંથી સાભાર)

શ્રી જવાહરલાલજીને સાહિત્ય અકાદમીની કારોબારીની બેઠકોમાં, છેલ્લા દસકાઓમાં, નજીકથી મળવાનું મારે થતું. છેલ્લી માંદગી પછીનો સમય બાદ કરતાં ક્યારેય એ કારોબારીમાં ગેરહાજર રહ્યા હોય એવું બન્યું ન હતું. સમયસર આવતા. એક વખત તો ડૉ. રાધાકૃષ્ણને કહ્યું પણ ખરું : તમે આવ્યા અને ઘડિયાળમાં આ દસના ટકોરા વાગવા માંડ્યા. સમય પણ પૂરો આપતા. મને બરોબર યાદ છે. કેટલાંક વરસ પહેલાં માર્શલ ટીટો દિલ્હીમાં આવેલા. વહેલી સવારે શ્રી જવાહરલાલજીએ પ્રમુખ ટીટો સાથેના વાર્તાલાપને એક કલાક આપ્યો, જ્યારે સાહિત્ય અકાદમીની કારોબારી સમિતિની બેઠકને દોઢ કલાક આપ્યો. સાહિત્ય, વિદ્યા, વિજ્ઞાન એ બધાં આપણા દેશમાં ખૂબ વિકસે એ મનીષા જ એમના આવા પક્ષપાત પાછળ કામ કરતી જોઈ શકાતી.

**– ઉમાશંકર જોશી**

# ગ્રંથસૌરભ

**મણિભાઈ પ્રજાપતિ**

**સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી અને ગાંધીનગર અને કડવા પાટીદાર કેળવણી ઉત્તજક મંડળ, કડી (સંક્ષિપ્ત ઇતિહાસ)** / મોહનલાલ પટેલ. કડી (ઉત્તર ગુજરાત) : સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, ૨૦૧૫. ૧૬, ૨૪૦ પૃ. કિં. રૂ. ૩૫૦.૦૦

'સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી અને ગાંધીનગર અને કડવા પાટીદાર કેળવણી ઉત્તજક મંડળ, કડી (સંક્ષિપ્ત ઇતિહાસ)' ગ્રંથના સર્જક મોહનલાલ પટેલ સાહિત્ય, શિક્ષણ અને ઇતિહાસવિદ્યાક્ષેત્રોના અધ્યેતા છે. તેમણે પ્રસ્તુત ગ્રંથના 'પ્રાક્કથન'માં પ્રસ્તુત ઇતિહાસનો વ્યાપ, મર્યાદાઓ અને ઇતિહાસની વિભાવના સ્પષ્ટ કરતાં નોંધેલ શબ્દો 'સંસ્થાના ૯૨ વર્ષના દીર્ઘ ફલકવાળા ઇતિહાસને તપાસતાં એક હકીકત સ્પષ્ટપણે જોઈ શકાશે કે સંસ્થાના વિકાસમાં સેંકડો કાર્યકરોનો ફાળો રહ્યો છે. એક અથવા બીજા સ્વરૂપે એ કાર્યકરો કે હોદ્દેદારો સંસ્થાની પ્રગતિમાં ઉપયોગી થયેલા છે. સંસ્થાની સમગ્ર છાપ ઉપસાવવામાં એમનું યોગદાન મૂક અથવા મુખરરૂપે ઘણું મહત્ત્વનું રહ્યું છે. આ અંગે એમની સમુચિત નોંધ લેવાવી ઘટે. પણ આ સેંકડો કાર્યકર્તાઓ વિશે વાત કરતાં પહેલાં ઇતિહાસલેખકે એક વિવેકનો આશ્રય લેવો જરૂરી બને છે. ઇતિહાસ એટલે વહેતા સમય સાથે બનતી ઘટનાઓની પરંપરાનું તટસ્થ આલેખન. ઇતિહાસલેખકને ઘટનાઓ સાથે નિસબત હોય. એ ઘટનાઓ સાથે સંકળાયેલી વ્યક્તિ અથવા વ્યક્તિઓ વિશે વાત કરવાનો એનો અધિકાર બને. આ ઇતિહાસમાં, સંસ્થા સાથે ઘણાં વર્ષોથી સંકળાયેલી હોય, સંસ્થાના વિકાસના પ્રત્યેક સોપાનની સાક્ષી હોય પણ ઇતિહાસની ઘટનાઓ સાથે સીધેસીધી જોડાયેલી ન હોય એવી કેટલીક માનાર્હ વ્યક્તિઓની અલગ રૂપે વાત થઈ શકી નથી એનું દુઃખ છે. ઇતિહાસની સાચી વિભાવના જળવાઈ રહે તે હેતુથી આ માર્ગ અપનાવવો પડ્યો છે. સંસ્થાના માનાર્હ સેવકો આ લેખનરીતિને ખેલદિલીપૂર્વક આવકારશે એવી આશા રાખું છું. એમની સંસ્થાભક્તિના મૂલ્યને સહેજ પણ ઓછું આંકવાની આ શૈલીનો રજમાત્ર હેતુ નથી એવું ભારપૂર્વક કહેવાની અત્રે રજા લઉં છું.'માં તેમનાં લક્ષ્ય અને મૂંઝવણ દષ્ટિગોચર થાય છે. આમ છતાં, આ ગ્રંથનું પરિશીલન કરતાં સ્પષ્ટ પ્રતીત થાય છે કે લેખકે કેટલીક મૂંઝવણો, ઉદા. તરીકે બંને મંડળોના 'તાણાવાણા ગૂંથાઈને એક ઘટ્ટ પટ્ટકુળ' બની રહ્યાં હોવાથી એકબીજાને કઈ રીતે અલગ તારવવાં, સંસ્થાના વિકાસમાં તેના સ્થાપનાકાળથી સેંકડો કાર્યકર્તાઓ / હોદ્દેદારોનાં બહુમૂલ્ય' યોગદાન હોઈ આ સૌનો સમુચિત ઉલ્લેખ કઈ રીતે કરવો, લાગણીઓ વગેરેને કોરાણે મૂકીને પોતે નિયત કરેલ ઇતિહાસની સાચી વિભાવનાનું નૈતિક હિંમત સાથે તટસ્થતાપૂર્વક પાલન કરીને તથા વાસ્તવના ધરાતલ ઉપર રહીને અનાસક્તભાવે તેમજ વ્યક્તિ નિરપેક્ષ બનીને, અરે ! ખુદ પોતાની જાતને પણ યથાસંભવ નેપથ્યમાં રાખીને - શતાબ્દી પૂર્ણ કરવાના આરે આવી  ઊભેલ આ સંસ્થાના બે તૃતીયાંશ સમયગાળાના ઇતિહાસના દષ્ટા અને તેમના કાર્યકાળને ધ્યાને લેતાં કંઈક અંશે સ્રષ્ટા પણ રહ્યા હોવા છતાં - એક કેળવણીવિદ્ તથા ઇતિહાસ લેખકનો વિવેક જાળવીને ફક્ત ઘટના સાથે સંકળાયેલા કાર્યકર્તાઓનો સમુચિત ઉલ્લેખ મુનાસિબ માનીને તેમજ દૂધમાં સાકર ભળે તેમ બંને મંડળોની ગાથા સ-રસ વણી લઈને સર્વ વિદ્યાલયનું અંતઃસત્વ ઉજાગર કરી આપવા કૃતસંકલ્પ રહ્યા છે. અર્થાત્ સર્વ વિદ્યાલય એટલે શું ? સર્વ વિદ્યાલયનું પોત અને પ્રતિભા તથા સર્વ વિદ્યાલય શાળા અને મંડળની આગવી ખાસિયતો કઈ છે તે સાધાર તારવી આપ્યું છે. અહીં ૨૦મી સદીના પ્રારંભમાં

અજ્ઞાનતાના અંધકારમાં અટવાતા સમાજની સ્થિતિ, સમાજોદ્ધાર માટે કેળવણી એક માત્ર ઉપાય અને ક.પા.કે.ઉ.મં.ની સ્થાપના અને તેના દ્વારા વિદ્યાર્થી આશ્રમ અને પાટીદાર વિદ્યાલયની સ્થાપના અને તેના નિર્વહણમાં પૂ. છગનભાની પ્રાણાધાર ભૂમિકા, કડવા પાટીદાર કેળવણી ઉત્તજક મંડળનું સર્વ વિદ્યાલય માટે માવતરનું કાર્ય, શૈક્ષણિક પ્રવૃત્તિઓ અને સમયનાં વહેણો સાથે દૂરંદેશિતાપૂર્ણ અભ્યાસક્રમોની પહેલ, બહુવિધ હેતુઓને ધ્યાને લઈ ગૌશાળાની સ્થાપના, ગુરુકુળ પરંપરા મુજબ છાત્રાવાસોનો નિર્વાહ, મંડળના સંચાલકો દ્વારા સમાજહિતના ધ્યેય સાથે સંસ્થાને સમર્પિત બનીને તેમજ ભૌતિક આકાંક્ષાઓથી પર રહી – ગાંઠના ખર્ચે – આપેલ દૃષ્ટિપૂત સેવાઓ, વિદ્યાર્થીઓનો સંસ્થાપ્રેમ, સર્વ વિદ્યાલયનો વિસ્તાર વગેરે બહુવિધ આનુસંગિક બાબતો વિશે પ્રાપ્ત દસ્તાવેજી સામગ્રીનો વિવેકપૂત ઉપયોગ કરીને તથા સ્વાનુભવોના આધારે ઇતિહાસ-લેખકની સજ્જતા સાથે અને સાહિત્યકારની કલમે આલેખન કરવામાં આવ્યું હોવાથી સાહિત્યકલાથી અનુપ્રાણિત ઇતિહાસગ્રંથ તરીકે ઊભરી આવ્યો છે. પરિણામે, સર્વ વિદ્યાલયનો આ એક ઇતિહાસ જ નહીં, પરંતુ તેના કર્ણધારોનો ભાવિ માર્ગ પ્રશસ્ત કરી આપનાર એક પ્રબોધન ગ્રંથ બની રહ્યો છે. અને તે એટલા માટે શક્ય બન્યું છે કે આ નથી કોઈ ઇમારતોનો ઇતિહાસ કે નથી તેના સંચાલકોની કે અન્ય કોઈનું પ્રશસ્તિ-ગાન. પરંતુ આ તો છે લોકસંગ્રહાર્થે સ્થપાયેલ કેળવણીની સંસ્થાનું પ્રગતિગાન કે જેમાં આર્ષદ્રષ્ટા સમાજોદ્ધારક પૂ. છગનભાનો ધ્યેયનિષ્ઠ પુરુષાર્થ, ઋષિપરંપરાના આચાર્યો અને શિક્ષકો દ્વારા પ્રસ્થાપિત શિક્ષણની ઉદાત્ત પ્રણાલીઓની પરંપરાઓ અને મંડળના કર્ણધારોની નિઃસ્વાર્થ સેવાપરાયણતાના ત્રિવેણી સંગમમાંથી પ્રસ્ફુટિત સમાજોદ્ધારક કેળવણીની ગાથા.

સમગ્ર વિષયવસ્તુને ૫૧ પ્રકરણોમાં વિભાજિત કરીને વર્ણવવા ઉપરાંત ૭ પરિશિષ્ટોથી અલંકૃત કરવામાં આવ્યું છે. પ્રારંભમાં વિક્રમ સંવતની વીસમી સદીમાં અજ્ઞાનતાના ઘોર અંધકારમાં અટવાતો અને કુરુઢિઓથી ગ્રસ્ત પાટીદાર સમાજ, ખેડૂતોની આર્થિક બેહાલી, શિક્ષણનો અભાવ વગેરેનું સુરેખ વર્ણન કરવામાં આવ્યું છે. ત્યારબાદ વીરમગામના પુરુષોત્તમદાસ લલ્લુભાઈ અને તેમના સાથીદાર નગીનભાઈ વૃજલાલ પટેલ દ્વારા આ સ્થિતિના નિવારણ હેતુ પ્રયાસો અને પુરુષોત્તમદાસના અવસાન બાદ તેમના અધૂરા સ્વપ્નને સાકાર કરવાનું કાર્ય નગીનભાઈ દ્વારા સંકલ્પબદ્ધ થઈ ઊંઝાના ઉમિયા માતાના મેળામાં હાજર રહેવા છગનલાલને ભરોસા સાથે કાગળ લખવો વગેરે સંબંધી બાબતો વણી લેવામાં આવી છે. આ સાથે જ છગનલાલનું સંન્યાસ લેવા માટે સ્વામી કેશવાનંદ પાસે કાશી જવું અને સ્વામીજી દ્વારા છગનલાલને દીક્ષા ન આપતાં અંધકારમાં અટવાતા પોતાના સમાજની સ્થિતિ સુધરે તેવું કાર્ય કરવા જણાવતાં સરઢવ પરત થઈ શિક્ષણના કાર્ય અંગે ચિંતિત રહેતાં નગીનદાસના પત્રને ઈશ્વરી સંકેત જાણવો, ઊંઝાના મેળામાં બંનેનું મિલન, ઊંઝામાં ઠરાવ્યા મુજબ વિ. સં. ૧૯૭૫ ના જેઠ સુદ અગિયારસે સરઢવમાં કેળવણીપ્રેમી આગેવાનોની સભામાં કડીમાં બોર્ડિંગ સ્થાપવાનું નક્કી કરવું અને આ સભામાં જ ‘કડવા પાટીદાર કેળવણી ઉત્તજક મંડળ’ની સ્થાપના (તા. ૧૯ જૂન, ૧૯૧૯) કરવી વગેરે ઘટનાઓ સમાવિષ્ટ કરવામાં આવી છે. આ સભામાં જ, ૫૮ વર્ષની વય ધરાવતા છગનલાલ દ્વારા કડીમાં વિદ્યાર્થી આશ્રમની સ્થાપના ન થાય ત્યાં સુધી મિષ્ટાન ન લેવાની પ્રતિજ્ઞા કરવામાં આવતાં ભારે ઉત્સાહ અને જોમનું વાતાવરણ પ્રસરી જવું, કડીમાં વિદ્યાર્થી આશ્રમની ભાડાના મકાનમાં શરૂઆત અને જ્ઞાતિબાધ સિવાય સૌને પ્રવેશ, ફંડ માટે છગનલાલ, નગીનદાસ, ધનશા ભગત, માધવજીભાઈ વગેરેના પ્રયાસો, છગનલાલ દ્વારા આશ્રમનું પોતાનું મકાન બનાવવા માટેની બીજી પ્રતિજ્ઞા લેવી અને આ સાથે છગનલાલમાંથી વિદ્યાર્થીઓના વાત્સલ્યમૂર્તિ છગનભા તરીકે ઓળખાવું, પાટીદાર વિદ્યાલયની સ્થાપના, આશ્રમ અને વિદ્યાલય માટે છગનભાની તપોનિષ્ઠ સાધનાકાર્ય વગેરે બાબતોનું રસપ્રદ વર્ણન કરવામાં આવ્યું છે. વિદ્યાલય સાથે સંલગ્ન ‘દાસ પુસ્તકાલય’ કે જે શાળા સ્થપાયાનો એક દાયકો પૂરો નહોતો થયો ત્યાં સુધીમાં વિવિધ વિષયોનાં ૩૮૬૬ ઉત્તમ પુસ્તકોનો અને એક વિદ્વત્ત સંસ્થામાં શોભે તેવાં સામયિકોની સમૃદ્ધિ ધરાવતું

હતું તે સંબંધી અને આ પુસ્તકાલયનું વડોદરા રાજ્યની 'ફરતા પુસ્તકાલય'ની પ્રવૃત્તિ સાથે જોડાવું, વિદ્યાર્થી સ્નેહમિલનો અને પ્રવૃત્તિઓ, આ મંડળનું એક અત્યંત ઊજળું પાસું એવાં છાત્રાલયો વિશે સ્વતંત્ર પ્રકરણ અંતર્ગત વિદ્યાર્થી ઘડતરમાં છાત્રાલયોની ભૂમિકા તથા મુખ્ય ગૃહપતિ તરીકેની ફરજોનું પાલન કરતાં લેખકને થયેલા અનુભવો ઉદા. તરીકે કોઈને જાણ કર્યા સિવાય બબાભાઈનું ભૂદાન પ્રવૃત્તિમાં જોડાઈ જવું અને તેમને શોધવા માટે ગૃહપતિના ચિંતાતુર વદને પ્રયાસો વગેરે નોંધવામાં આવ્યા છે. શિક્ષણને પોષક એવી આ પ્રવૃત્તિઓનાં વર્ણનોમાં લેખકની વિશેષ રસ-રુચિ સ્પષ્ટ ઊપસી આવતી જોવા મળે છે.

મંડળની સ્થાપનાના મૂળભૂત હેતુને ધ્યાને લઈને પૂ. છગનભા દ્વારા પાટીદાર વિદ્યાલયને એક જીવંત સામુદાયિક કેન્દ્ર બનાવ્યું હતું. તેઓ શાળાના વિદ્યાર્થીઓને ફંડ-ફાળા માટે સાથે રાખીને - વિદ્યાર્થીઓ દ્વારા નાટક-એકાંકીઓ, સંવાદો, ગ્રામસફાઈ કરાવતા તેમજ પોતે પ્રસંગોચિત પ્રેરક ઉદ્‌બોધનો પણ કરતા હતા. શાળા સંદર્ભે કોમ્યુનિટી સેન્ટરની આ વિભાવના ખૂબ જ સાર્થક બની રહી હતી. આ સાથે આ વિદ્યાલયનું ઊજળું પાસું એ કે ઈ. સ. ૧૮૫૪ના વૂડ્ઝના ખરીતાથી ઈ. સ. ૧૯૬૪ના કોઠારી કમિશન સુધીમાં શિક્ષણક્ષેત્રે જે સૂચવવામાં આવ્યું હતું તે અહીં શાળા સ્થપાયાના પ્રથમ દશકમાં ઉદા. તરીકે સુથારી, લુહારી, મુદ્રણકળા વગેરેની તાલીમનું કાર્ય અમલીકૃત કરી સિદ્ધ કરી બતાવવામાં આવી રહ્યું હતું, જેનું શ્રેય લેખકે રાષ્ટ્રભાવનાથી પોષિત આચાર્યો પોપટલાલ પટેલ અને બાપુભાઈ ગામી તથા શાંતિનિકેતનમાં શિક્ષણ મેળવેલ અને 'પ્રિય સર્વ વિદ્યાલય સોહે'ના રચયિતા ઉમેદભાઈ પટેલ, ડાહ્યાભાઈ જાની, છગનભાઈ કા. પટેલ વગેરે શિક્ષકોની શિક્ષણનિષ્ઠાને આપ્યું છે. અને તેથી જ શાળા શરૂ થયાના ખૂબ જ ટૂંકાગાળામાં વડોદરા નરેશ શ્રીમંત સયાજીરાવ ગાયકવાડે ઈ. સ. ૧૯૨૬ માં અને મહાત્મા ગાંધીએ ઈ. સ. ૧૯૨૯માં મુલાકાતો લઈ પોતાનો રાજીપો વ્યક્ત કર્યો હતો. સર સયાજીરાવની મુલાકાત પૂર્વે કમિશનરે સ્કાઉટની પ્રતિજ્ઞા લેવાનું કહેતાં શાળાના શિક્ષકો અને મંડળ દ્વારા તેનો સ્પષ્ટ વિરોધ કરતાં અર્થાત્ ઇંગ્લૅંડના રાજાની વફાદારીની પ્રતિજ્ઞાનો વિરોધ કરતાં કમિશનર દ્વારા મહારાજાની મુલાકાત રદ કરાવડાવી હતી. અહીં રાષ્ટ્રભક્તિથી પ્રેરાયેલા શિક્ષકો / મંડળની સ્પષ્ટ 'ના'માં મંડળનું આગવું ખમીર ઊપસી આવ્યું છે. સર સયાજીરાવે સવારે રેલવે સ્ટેશન તરફ ફરવા જતાં બેન્ડની સુમધુર સુરાવલીઓ સાંભળતાં એકાએક શાળાની મુલાકાત લેતાં શાળાની પ્રવૃત્તિઓથી પ્રભાવિત થઈ કહ્યું કે 'આને મારા અમલદારો બંડખોર કહેતા હોય તો હું ઇચ્છું છું કે આવાં બંડ મારા રાજ્યમાં ગામેગામ થાય... અહીં મારું સ્વપ્ન સાકાર થતું જોઉં છું.' વળી, આ સાથે શાળાને ખાસ અનુદાન જાહેર કર્યું જે વડોદરા રાજ્યના વિલીનીકરણ સુધી સંસ્થાને પ્રતિવર્ષ મળતું રહ્યું હતું. મહાત્મા ગાંધીએ પોતાના ઉદ્‌બોધનમાં ખાસ ઉલ્લેખ કર્યો હતો કે 'આ સંસ્થાની મુલાકાત લેવા હું એક વર્ષથી આતુર હતો. આ સંસ્થા પાછળ છગનભાઈ વગેરે વ્યક્તિઓ પોતાનું સર્વસ્વ રેડી રહી છે. ... અહીં તમારાં છોકરાંને મોકલવા તૈયાર થાઓ તો તે સારી કેળવણી પામી શકે છે. અક્ષરજ્ઞાન કરતાં પણ વધુ મૂલ્યવાન આચાર અને વિચારની શુદ્ધિ તેમને અહીં મળશે.' આ બંને મુલાકાતો પૂ. છગનભાનાં કાર્યોની સરાહના કરતાં ઉત્તમ પ્રમાણપત્રો સમાન છે. આ શાળાના પાંચ વિદ્યાર્થીઓ પરીક્ષાને તિલાંજલિ આપીને 'દાંડીકૂચ'ની યાત્રામાં સ્વેચ્છાએ સત્યાગ્રહીઓ તરીકે જોડાયેલા, જે આ શાળાની 'રાષ્ટ્રીય શાળા' તરીકેની સાહેદી પૂરે છે. વધુમાં, મંડળ દ્વારા સમયાન્તરે બલોલ, શેરથા, વિસનગર, પિલવાઈ અને વડનગરમાં શાળાઓ અને છાત્રાલયો શરૂ કરવાં અને સ્થાનિક મંડળો તૈયાર થતાં તેની તેમને સોંપણી કરી આ બધાં મંડળો સાથે આજે પણ પરિવાર ભાવના જાળવી રાખવામાં આવી રહી છે, જેમાં સંચાલકોની ઉદાત્ત શિક્ષણદષ્ટિ અને સેવાભાવનાનાં દર્શન થાય છે. શાળામાં પ્રારંભથી જ ઉદ્યોગ શિક્ષણ અને સમયાન્તરે ટેક્નિકલ શિક્ષણની અલગ શાળા સ્થાપવાની સાથે સાથે સમયાન્તરે કડીમાં પ્રાથમિક શિક્ષકો માટે અધ્યાપન મંદિર અને સાયન્સ કૉલેજની સ્થાપના અને ત્યારબાદ ગાંધીનગરમાં શિક્ષણ સંકુલની સ્થાપના કરી ઉચ્ચમાધ્યમિક શિક્ષણ સુધી શિક્ષણ આપવાની શરૂઆત કરવામાં પુરુષોત્તમદાસ

પટેલ 'દાસકાકા'ના અણથક પુરુષાર્થની અને પ્રદાનની લેખકે સુપેરે નોંધ લીધી છે.

મંડળના વિકાસના ઉત્તરાર્ધમાં માણેકલાલ એમ. પટેલસાહેબનો મંડળમાં એક મંત્રી તરીકે પ્રવેશ અને ત્યારબાદ તેમના ચેરમૅન તરીકેના કાર્યકાળ સુધી મંડળનો અભૂતપૂર્વ વિકાસ થવો એટલે કે પ્રાયઃ ઉચ્ચ માધ્યમિક શિક્ષણ (કડીની સાયન્સ કૉલેજને અપવાદ ગણતાં) સુધી મર્યાદિત શિક્ષણ પૂરું પાડતા મંડળને વિશ્વવિદ્યાલય સુધીના સ્તરે પહોંચાડવામાં એટલે કે બંને પરિસરોમાં બહુવિધ વિદ્યાશાખાઓની કૉલેજો - કૉમર્સ, મૅનેજમેન્ટ, ફાર્મસી, એન્જિનિયરિંગ, નર્સિંગ, શિક્ષણ, વિનયન, લલિતકલા, આઈ.એ.એસ. ટ્રેનિંગ સેન્ટર, કન્યાઓ માટે વિનયન-વાણિજ્ય કૉલેજ, વગેરે-ની સ્થાપના અને તે પણ ઉચ્ચ ગુણવત્તાસભર શિક્ષણ સાથે શરૂ કરવી, પોતાની આગવી યુનિવર્સિટી 'કડી સર્વ વિશ્વવિદ્યાલય'ની સ્થાપના વગેરેની સ્થાપનાની ભૂમિકા સહિત સિલસિલાબંધ વિગતો અહીં રજૂ કરતાં લેખકે નોંધ્યું છે કે 'છગનભાએ સમાજમાં કેળવણીની ભૂખ જગાડવાનું કામ કર્યું અને માણેકલાલે આ જાગેલી ભૂખને, જુદી જુદી શિક્ષણસંસ્થાઓ સ્થાપીને સંતોષવાનું કામ કર્યું.'

અંતિમ પ્રકરણ 'સંસ્થાના પદાધિકારી સેવકો, નાયકો અને અધિનાયકો' માટે ફાળવ્યું છે, અહીં ઉલ્લેખિત આશરે ૫૦ ચરિત્રનાયકોની ઝાંખી કરાવતાં પૂર્વે લેખકે વ્યવસ્થાતંત્રની / સંસ્થાની આગવી વિશેષતાઓ જેમ કે સંપૂર્ણ લોકશાહી ધોરણે ચાલતી સંસ્થા છતાં ચૂંટણીને કોઈ અવકાશ નહીં, તંત્ર સમુંસૂતરું ચાલતું રહે, સભાના કામકાજમાં કોઈ બખાળો કે હોબાળો નહીં, સૂચનો થાય, ચર્ચા થાય પણ વાણીની ઉગ્રતા નહીં, પારદર્શી અને સંપૂર્ણપણે ભ્રષ્ટાચારરહિત વહીવટ વગેરે દર્શાવીને સંસ્થાઓના સ્થાપનાકાળથી આજદિન સુધીના હોદ્દેદારો / કાર્યકરો વગેરે પૈકી ઘટનાઓ આધારિત કેટલાકનાં આગવાં પ્રદાનને મૂઠીભર શબ્દોમાં રેખાંકિત કરી આપ્યાં છે, જેમાં લેખકના આધિકારિક અભ્યાસ, પ્રશસ્તિભાવથી દૂર રહી નિર્ભીકપણે રેખાંકન, લાઘવ વગેરે ગુણો ઊપસી આવે છે. લેખકે અંધકારગ્રસ્ત સમાજનો કેળવણી થકી પ્રકાશ તરફ લઈ જનાર મશાલચી પૂ. છગનભાના પ્રદાન વિશે પ્રારંભિક ૧૭ પ્રકરણોમાં વિસ્તારથી અને અત્ર-તત્ર આધિકારક ચર્ચા કરીને તેમને 'વીર અધિનાયક' તરીકે તો સંસ્થાની સ્થાપનાનાં પ્રથમ પાંચ વર્ષ ખૂબ જ મહત્ત્વપૂર્ણ કાર્ય કરનાર વ્યક્તિત્વ છતાં ભુલાતું જતું ચરિત્ર વીરમગામના નગીનભાઈ વૃજલાલ પટેલના નોંધપાત્ર પ્રદાનની અહીં તેમજ એક ખાસ પ્રકરણ 'નગીનભાઈ સંસ્થામાંથી છૂટા થયા'માં વિશદ ચર્ચા કરીને તેમને 'સહઅધિનાયક' તરીકે ઓળખાવ્યા છે. સંસ્થાના બંધારણના ઘડતરમાં દષ્ટિવંત સેવાઓ આપનાર શેઠ શ્રી દુર્ગાપ્રસાદ લશ્કરી અને શાળાના વિદ્યાર્થીઓને શોખથી ગણિતનું અધ્યાપન કરાવનાર, દાન માટે પોપટભાઈ પટેલની સાથે બ્રહ્મદેશ ગમન વગેરે સેવાઓ આપનાર વિખ્યાત ગણિતશાસ્ત્રી પ્રો. જેઠાલાલ સ્વામીનારાયણની સંસ્થા પ્રતિ સમર્પિત સેવાઓની નોંધ લઈને ૧૯૪૦થી ૧૯૮૪ને સંસ્થાનો મધ્યકાળ ગણાવીને પૂર્વ-મધ્યકાળના અધિનાયક રામચંદ્ર અમીનસાહેબ કે જેઓ સ્વભાવે શિક્ષકનો આકંઠ જીવ, વિદ્યાર્થીઓના અભ્યાસમાં અંગત રસ લેનાર, વ્યવસાયે વકીલ, વડોદરા રાજ્યની ધારાસભાના સભ્ય અને ૧૯૪૮માં વડોદરા રાજ્યના પ્રધાનમંડળમાં સેવાઓ આપી હતી, તેમજ બંને મંડળોના પ્રમુખ તરીકે લાંબા સમય સુધી આપેલ દૂરંદેશિતાપૂર્ણ સેવાઓની અને ઉત્તર મધ્યકાળના અધિનાયક તરીકે દાસકાકાને ગણીને બંનેના પ્રદાનની યોગ્યતમ નોંધ લીધી છે. આ ઉપરાંત 'ગાંધીનગર શાખાનો ઉદ્‌ભવ' પ્રકરણમાં દાસકાકાનાં ધ્યેય અને પુરુષાર્થનું આધિકારિક ચિત્રણ વિસ્તારથી કરીને તેમને ઉત્તમ હૃદયસ્પર્શી શ્રદ્ધાંજલિ અર્પણ કરી છે. દાસકાકાના અવસાન બાદ વકીલ ધનાભાઈ હ. પટેલે ૧૯૭૧-૭૨ થી ૧૯૯૬-૯૭ સુધી કર્મઠ મંત્રી તરીકે તથા ગાંધીનગર શાખાના ચેરમૅન તરીકે ૧૯૮૪-૮૫થી ૧૯૯૭-૯૮ સુધી આપેલ યશસ્વી સેવાઓ, દાન મેળવવા અમેરિકા ગમન, સંસ્થામાં પ્રસંગોપાત્તની ઉપસ્થિતિ વગેરે કાર્યોની સરાહના સાથે નોંધ લીધી છે. સંસ્થાની પ્રતિષ્ઠાના અનન્ય રખેવાળ વિસનગરના શિવાભાઈ પટેલ, 'સેવકરામ' પીતાંબર પટેલ, સંસ્થા હિતને પ્રાધાન્ય આપનાર છગનભાઈ રા. પટેલ, અનન્ય મૂકસેવક,

દાનવીર અને સંસ્થાભક્ત અને મંડળના વર્તમાન પ્રમુખ ડૉ. રામભાઈ પટેલ, આશ્રમની રોજિંદા ઘરેડની વિગતોથી વાકેફ અને ચકોર મંત્રી ડૉ. મણિભાઈ પટેલ, ગૌશાળા પરિવર્તનના યશના અધિકારી મનુભાઈ એ. પટેલ, સંસ્થાના સુચારુ સંચાલનમાં અને ગૌશાળા માટે ખોળ મેળવી આપવામાં નોંધપાત્ર સેવાઓ આપનાર મંત્રીશ્રી ખોડાભાઈ પટેલ, હકારાત્મક અભિગમ ધરાવતા નટુભાઈ પટેલ, કેળવણીકારની દૃષ્ટિ તથા વહીવટના વિવેકની ઉત્તમ દૃષ્ટિથી સંપન્ન પૂર્વ-આચાર્ય અને હવે મંત્રીશ્રી મનુભાઈ જે. પટેલ, મંડળના દાતાશ્રી અને ઉચ્ચશિક્ષણના ચેરમૅન શ્રી નરસિંહભાઈ પટેલની દૂરંદેશિતા, દાન મેળવવા માટે સતત ચિંતિત અને પ્રયાસરત સમર્પિત પૂર્વ મંત્રી, વિશ્વવિદ્યાલયના ડાયરેક્ટર તરીકે સેવાઓ આપી ચૂકેલ અને હવે ગાંધીનગર શાખાના પ્રમુખ ડૉ. કનુભાઈ પટેલ, સેક્ટર-૨૩ની સંસ્થાઓનો હવાલો સંભાળનાર અને સફળ સંચાલક પૂર્વ મંત્રીશ્રી વલ્લભભાઈ પટેલ અને છેલ્લે 'અધિનાયક' માણેકલાલ પટેલ સાહેબનાં કાર્યો અને પ્રદાન વિશે ચર્ચા કરવામાં આવી છે. માણેકલાલ પટેલ સાહેબનાં કાર્યો વર્ણવતાં નોંધ્યું છે કે 'શ્રી માણેકલાલની છગનભા સાથે તુલના થઈ શકે, બંનેના યુગ ભિન્ન એટલે સમય-સંજોગો પણ ભિન્ન. છતાં બંનેના યજ્ઞકાર્ય પાછળનાં ત્યાગ અને ન્યોછાવરીની ભાવના સરખી છે.' વધુમાં જણાવ્યું છે કે માણેકલાલ પટેલ અઢળક ધન ઉપાર્જન કરનાર સફળ ઉદ્યોગપતિ હોવા છતાં સ્વેચ્છાએ તેનો ત્યાગ કરીને 'સર્વ વિદ્યાલય'ને પોતાનું જીવન સમર્પિત કરી દીધું અને પોતાની કોઠાસૂઝથી કાર્ડિનલ ન્યુમેન દ્વારા પોતાના પુસ્તક 'આઇડિયા ઑફ ધ યુનિવર્સિટી'માં શિક્ષણની વિભાવનાની છણાવટ કરવામાં આવી છે તે મુજબની કેળવણીની વિભાવનાને કડી-ગાંધીનગરનાં પરિસરોમાં પ્રસ્થાપિત કરવાનું શ્રેય માણેકલાલને આપ્યું છે. આ ઉપરાંત મંડળ દ્વારા મૅનેજમેન્ટ ક્વોટાનો ત્યાગ, ફી વિવર યોજનાનો અમલ, જરૂરિયાતવાળા વિદ્યાર્થીઓને ફી માફીનો લાભ વગેરેનો અમલ, સંલગ્ન પુસ્તકાલયો અને પ્રયોગશાળાઓની સમૃદ્ધિ, ઉચ્ચગુણવત્તાશીલ શિક્ષણ, શિક્ષકો / અધ્યાપકોની ભરતીમાં ઉચ્ચગુણવત્તાને પ્રાધાન્યતા, શિસ્તના અઠંગ આગ્રહી અને સ્વભાવગત ઉગ્રતા આગવા ગુણમાં પરવર્તિત થવી વગેરેની નોંધ અહીં લેવામાં આવી છે. અને છેલ્લે માણેકલાલ પટેલ સાહેબના આકસ્મિક અવસાન બાદ મંડળ દ્વારા વલ્લભભાઈ પટેલને મંડળના ચેરમૅન અને વિશ્વવિદ્યાલયના પ્રેસિડેન્ટ તરીકે નિમણૂક કરવામાં આવતાં તેમની વહીવટીય કુનેહની નોંધ લઈને 'એક સમર્થ અધિનાયક' તરીકે પ્રસ્થાપિત થશે તેવો આશાવાદ સેવ્યો છે. પ્રશસ્તિભાવથી પર રહી માત્ર આટલું ટૂંકું લખાણ મોહનભાઈસાહેબ જ કરી શકે, જેમાં તેમનો વિવેક સ્પષ્ટ દૃષ્ટિગોચર થાય છે.

આ ચરિત્રો ઉપરાંત પ્રસંગોપાત્ત જેમનો ઋણસ્વીકાર સાથે ખાસ ઉલ્લેખ કરવામાં આવ્યો છે તે પૈકી ગાંધીજીને શાળાની મુલાકાતે લાવવા માટેના શ્રેયના અધિકારી ડૉ. હરિપ્રસાદ દેસાઈ, આ મંડળને યુનિવર્સિટી અપાવવામાં અહમ ભૂમિકા અદા કરનાર ગુજરાતનાં તત્કાલીન શિક્ષણમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલ, સરકારે રિઝર્વ રાખેલી ૬.૫૦ એકર જમીન પરત અપાવવામાં મદદરૂપ નીવડનાર મુખ્ય સચિવશ્રી પ્રવીણ લહેરી, ગાંધીનગરની શાળાને અનુદાનિત કરી આપનાર શિક્ષણ સચિવ શ્રી કુલીનચંદ્ર યાજ્ઞિક, દાન મેળવવામાં સહાયક આદરજના ધનશા ભગત અને માધવજીભાઈ, પ્રસંગોપાત્તના દાતાશ્રીઓ વગેરેનો સમાવેશ કર્યો છે.

સંસ્થાની ઉપલબ્ધિઓ, વિશેષતાઓ વગેરેનાં સુરેખ અને રસપ્રદ વર્ણનોની સાથે સાથે કાર્યકરોમાં કેટલાક નીતિવિષયક મતભેદોના કારણે સંસ્થાની પ્રતિષ્ઠાને ઝાંખપ આવે તેવાં કેટલાંક ઘર્ષણો વિદ્યાર્થીઓની હડતાલ, વાછરાડાની ખસી સંદર્ભે છગનભા પ્રતિ રોષ ભભૂકી ઊઠવો, 'મહાગુજરાત'ના આંદોલન સમયે છાત્રાલયના વિદ્યાર્થીઓને છોડવા ટોળાનો આગ્રહ વગેરે પ્રશ્નો ઉદ્‌ભવેલ જેની સાધાર નોંધ લેવાનું લેખક ચૂક્યા નથી. આ પૈકી વિશેષ ઉલ્લેખનીય ત્રણેક ઘટનાઓ જોઈએ : પૂ. છગનભાની અર્ધપ્રતિમાનું અનાવરણ તા. ૩૦ એપ્રિલ, ૧૯૫૧ના રોજ રાખવામાં આવેલ. આ સમારોહમાં ભાગ લેવા મેડા આદરજના સ્વામી ધનરાજગીરી - પૂર્વાશ્રમના ધનરાજ ભગત-બે-ત્રણ દિવસ અગાઉથી પધાર્યા હતા, જેમનું તા. ૨૮ એપ્રિલના રોજ પરિસરમાં આકસ્મિક અવસાન થતાં મેડા

આદરજના વતનીઓ દ્વારા સર્વ વિદ્યાલય પરિસરમાં સ્વામીજીની સમાધિ રચવાનો આગ્રહ. આ એ ધનરાજ ભગત કે જેમણે ફંડફાળા પ્રવૃત્તિ માટે પૂ. છગનભાને ભારે મોટો સાથ આપ્યો હતો. આ માગણીના કારણે ભારે સંઘર્ષ પેદા થતાં છેવટે સંસ્થાના વ્યવહારદક્ષ સંચાલકોએ માગણી સ્વીકારતાં - સંભવિત મોટા સંઘર્ષને ટાળી દીધો હતો. સમાજમાં પ્રવર્તી રહેલ અંધશ્રદ્ધાની બદીઓનું કેળવણી થકી નિવારણ એ આ સંસ્થાની સ્થાપનાનું મૂળ કારણ રહ્યું છે તે સુવિદિત હોવા છતાં, આ સંસ્થાના કોઠારી શાળા પરિસરમાં જ અંધશ્રદ્ધામાં રાચતા રહી તેને પોષક પ્રવૃત્તિઓ કરતા રહેતા હોવાથી તેમને તાત્કાલિક અસરથી છૂટા કરવામાં આવતાં ભારે મોટો સંઘર્ષ પેદા થયો હતો. મંડળનો આ નિર્ણય સાચો હતો, જેના નિવારણ હેતુ વિસનગરના વકીલ શિવાભાઈ પટેલે સામાન્ય સભા સમક્ષ પ્રભાવક ઉદ્‌બોધન કરતાં અને અમીનસાહેબની દુરંદેશિતાથી તેનો અંત લાવવામાં આવ્યો હતો. ત્રીજી શકવર્તી ઘટના એ કે અત્યંત લોકપ્રિય અને કેળવણીવિદ્ આચાર્ય નાથાભાઈ દેસાઈસાહેબ રાજીનામું આપી છૂટા થતાં સમાજમાં અને વિદ્યાર્થીઆલમમાં મંડળ સામે ભારે મોટો રોષ પેદા થયો હતો. આ ઘટના પાછળનાં સંભવિત કારણોની નિર્ભીક રીતે છણાવટ કરતાં લેખકે મંડળના એક મંત્રી અને કેટલાક શિક્ષકોની છંડોવણી જવાબદાર ગણાવી છે. સ્વમાની આચાર્યશ્રીએ રાજીનામું પરત ન ખેંચ્યું પરંતુ શાળાના હિતમાં તેમણે મોહનભાઈસાહેબને આચાર્ય તરીકે નિમણૂક કરવાની ભલામણ કરતાં અને મંડળે તેનો સ્વીકાર કરતાં આ પ્રશ્નનો સુખદ ઉકેલ આવ્યો હતો. આ બધી ઘટનાઓનાં સમતોલ વર્ણનોમાં લેખકની ઐતિહાસિક દૃષ્ટિ અને વિવેકનાં દર્શન થાય છે.

અને છેલ્લે ૭ પરિશિષ્ટો આપવામાં આવ્યાં છે, જેમાં મંડળ સંચાલિત વિવિધ ટ્રસ્ટ ફંડો, કડી અને ગાંધીનગરનાં પરિસરોમાં સ્થિત શૈક્ષણિક સંસ્થાઓ અને છાત્રાલયો, ઘટનાક્રમ, ક.પા.કે.ઉ.મં, કડી અને સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી અને ગાંધીનગરના સ્થાપનાકાળથી પદાધિકારીશ્રીઓની વર્ષવાર યાદી, અને છેલ્લે સંસ્થાનાં પ્રશસ્તિ ગીતો / કાવ્યોનો સમાવેશ થાય છે. આ બધાં પરિશિષ્ટો સંસ્થા સંબંધી વિગતપ્રચૂર માહિતી પૂરી પાડે છે, જે લેખકની પરિપકવ ઐતિહાસિક દૃષ્ટિનાં પરિચાયક બની રહે છે.

પ્રસ્તુત ઇતિહાસનો મુસદ્દો વર્ષ ૨૦૦૩ માં તૈયાર કરવામાં આવેલ ત્યારે સર્વ વિદ્યાલયની સ્થાપનાના પ્રથમ દશકના સમયના વિદ્યાર્થી અને શિક્ષક રહી ચૂકેલા જાણીતા કવિ, વિવેચક અને એમ. એસ. યુનિવર્સિટી ઑફ બરોડાના સેવા-નિવૃત્ત પ્રો. રણજિત પટેલ 'અનામી' એ આ ગ્રંથનું સાદ્યંત પઠન કરતાં તેની મહત્તા પિછાણીને કાઢેલ હૃદયોદ્‌ગાર 'ગુજરાતખ્યાત વિદ્યાસંસ્થા, 'સર્વ વિદ્યાલય' કડીના ભૂતપૂર્વ ભાવનાશીલ આદર્શ આચાર્ય શ્રી મોહનલાલ બી. પટેલે આલેખેલો, 'સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી' અને 'કડવા પાટીદાર કેળવણી ઉત્તજક મંડળ', કડીનો સંક્ષિપ્ત ઇતિહાસ નબળી આંખે પણ એકાગ્રચિત્તે રસપૂર્વક વાંચી ગયો અને એના એ શ્રદ્ધેય આલેખનથી પરમ સંતોષની લાગણી થઈ. મને લાગે છે કે શ્રી મોહનલાલની કલમ સિવાય જાગર્તિનો આવો ઇતિહાસ આલેખવાની કોઈની શક્તિ નથી, કારણ કે એ કેવળ 'હવા તુમ ધીરે બહો' - જેવા લલિત સાહિત્યના જ સર્જક નથી પણ તેમને સર્જાઈ ગયેલા ઇતિહાસની પૂરી જાણકારી છે અને સર્જાતા સાંપ્રત ઇતિહાસના તેઓ તટસ્થ દૃષ્ટા અને સંસ્થાનાં શુભ કાર્યોને સંકોરનાર પણ છે. આ ઇતિહાસ તો છે, સંસ્કૃતિઓના વિશ્વપ્રસિદ્ધ ઇતિહાસકાર ટોયેન્બીના ચેલેન્જ રિસ્પોન્સની સ-દૃષ્ટાંત કથા અને એનું 'ભાષ્યવિવરણ'' સર્વ વિદ્યાલય પરિવાર માટે એક ગર્વરૂપ ઘટના બની રહે છે.

ઉલ્લેખનીય છે કે પ્રસ્તુત ગ્રંથના કર્તા મોહનલાલ પટેલ (૧૯૨૭) એક પ્રાજ્ઞ અને શીલવંત શિક્ષક - આચાર્ય તથા મૂલ્યનિષ્ઠ સર્જક તરીકે ખ્યાતિપ્રાપ્ત છે. ગુજરાતી સાહિત્યનાં વિવિધ સાહિત્ય-સ્વરૂપો - ટૂંકીવાર્તા, લઘુકથા, નવલકથા, નિબંધ, ચરિત્ર, વિવેચન, અનુવાદ વગેરે ક્ષેત્રોમાં તેમનું ગૌરવશીલ પ્રદાન રહ્યું છે. ગુજરાતી લઘુકથાના તેઓશ્રી જનક-પ્રવર્તક રહ્યા છે. શિક્ષણ અને સાહિત્યક્ષેત્રના બહુમૂલ્ય પ્રદાનના કારણે તેઓશ્રી બહુવિધ પુરસ્કારો ઉદા. તરીકે 'ધનજી-કાનજી સુવર્ણચંદ્રક, 'દર્શક અવૉર્ડ', 'શ્રેષ્ઠ શિક્ષક તરીકે રાજ્યપાલશ્રીનો અવૉર્ડ', 'આનર્ત અવૉર્ડ', 'સંસ્કાર

અવૉર્ડ' વગેરેથી અલંકૃત છે તેમજ તેમની ઘણી કૃતિઓ ગુજરાતી સાહિત્ય પરિષદ, ગુજરાત સાહિત્ય અકાદમી વગેરે વિદ્વત્ત સંસ્થાઓ દ્વારા પુરસ્કૃત થઈ છે. સર્વ વિદ્યાલયના એક માધ્યમિકશાળામાંથી વિશ્વવિદ્યાલય સુધી વિકસવાના પાયામાં તેમણે ઋષિકુળ પરંપરાના શિક્ષક - આચાર્ય - ગૃહપતિ (૧૯૫૦-૧૯૮૪) તરીકે સતત ૩૪ વર્ષ સુધી પ્રપત્તિભાવ સાથે આપેલી સેવાઓ પણ એક ઉત્તરદાયી પરિબળ રહ્યું છે. તેમને અમદાવાદની એક પ્રતિષ્ઠિત કૉલેજમાં અધ્યાપકની ઓફર મળી હોવા છતાં સર્વ વિદ્યાલય કેળવણી મંડળના પ્રેમાદારપૂર્વકના આગ્રહને વશ થઈને ભાવિ ઉજ્જ્વળ કારકિર્દીનો ત્યાગ કરીને સર્વ વિદ્યાલયનું આચાર્યપદ (૧૯૬૧) સ્વીકાર્યું અને તેનું સાંગોપાંગ પાલન કરીને સર્વ વિદ્યાલયને એક આગવી ઓળખ અપાવી છે. વયમર્યાદાના કારણે ૧૯૮૪માં નિવૃત્તિ મેળવ્યા પછી કેળવણી મંડળના માનદ મંત્રી તરીકે અને છેલ્લાં કેટલાંક વર્ષોથી સર્વ વિદ્યાલયની માતૃસંસ્થા 'કડવા પાટીદાર કેળવણી ઉત્તજક મંડળ', કડીના પ્રમુખ તરીકે સેવાઓ આપી રહ્યા છે. આમ, તેઓશ્રી ૧૯૫૦ થી આજ સુધી મંડળ સાથે સક્રિય રીતે જોડાયેલા રહ્યા છે. સંભવતઃ આ બંને મંડળો - 'ક.પા.કે.ઉ.મં.' અને 'સર્વ વિદ્યાલય કેળવણી મંડળ' - ના ઇતિહાસમાં સર્વાધિક લાંબા સમય સુધી સક્રિય રીતે સેવાઓ આપનાર એક માત્ર મોહનભાઈસાહેબ જ છે અને તેના પરિણામે મંડળના આંતર-બાહ્ય પ્રવાહોની ઝીણામાં ઝીણી વિગતથી તેઓશ્રી માહિતગાર હોઈ મંડળના એક ઉમદા માર્ગદર્શક બની રહ્યા છે. સર્વ વિદ્યાલય સંબંધી તેમના દ્વારા રચાયેલા ગ્રંથો 'પ્રજ્ઞાદીપ છગનભા' (૧૯૮૭), 'ધ્રુવતારક : શ્રી માણેકલાલ પટેલ (૨૦૧૩) અને પ્રસ્તુત 'સંક્ષિપ્ત ઈતિહાસ' (૨૦૧૫) એક સર્જક, સર્વ વિદ્યાલય કેળવણી મંડળ પ્રત્યેની ભકિતભાવ સહિતની કર્તવ્યનિષ્ઠા અને સર્વ વિદ્યાલયના જ્ઞાનકોશ રૂપી ત્રિવેણી સંગમના દ્યોતક બની રહ્યા છે. અને તેથી જ સર્વ વિદ્યાલય કેળવણી મંડળના ચેરમૅન અને કડી સર્વ વિશ્વવિદ્યાલયના પ્રેસિડેન્ટ શ્રી વલ્લભભાઈ પટેલ પ્રસ્તુત ગ્રંથને આવકારતાં નોંધે છે કે 'આ સંસ્થાના અણમોલ દસ્તાવેજી ઇતિહાસ-ગ્રંથનું સર્જન કરીને આપણને સૌને પૂ. મોહનભાઈસાહેબે તેમના ઓશિંગણ બનાવ્યા છે. **પૂ. સાહેબ એટલે 'સર્વ વિદ્યાલયનો જ્ઞાનકોશ'.**

પૂ. છગનભા તથા તત્કાલીન સમયની વિગતો વિશે ટાંચાં સાધનો સુલભ હોવા છતાં ઇતિહાસકારની નિષ્ઠાથી ખણખોદ કરીને તેમજ ૭ દશકથી અધિક સમય સુધી સંસ્થા સાથે જોડાયેલા રહ્યા હોવાથી સ્વાનુભવો અને સંસ્મરણોને ખપમાં લાવીને સર્વ વિદ્યાલયના કડીબદ્ધ ઇતિહાસનું તટસ્થતાપૂર્વક આલેખન કરવા માટે અને આ ઇતિહાસ-લેખનની આગોતરી પ્રેરણા પૂરી પાડનાર મંડળના આર્ષદષ્ટા ચેરમૅન સદ્ગત માણેકલાલ પટેલસાહેબ અભિનંદનના અધિકારી બની રહે છે.

**મણિભાઈ પ્રજાપતિ**

❒

**સર્જકોના સર્જક :** શિક્ષક (સુખ્યાત સાહિત્ય સર્જકોની શિક્ષકગાથા) / સંપાદક : ઈશ્વર પરમાર. રાજકોટ : પ્રવીણ પ્રકાશન, ૨૦૧૭. ૩૮૪ પૃ. કિં. રૂ. ૪૦૦.૦૦ ISBN : ૯૭૮-૮૧- ૭૭૯૦-૯૨૧-૦

આપણા પ્રતિબદ્ધ તથા કર્મશીલ શિક્ષક અને તે પણ શિક્ષકોના સહૃદયી સર્જક શિક્ષક તેમજ પ્રબુદ્ધ બાળસાહિત્ય સર્જક, ચરિત્રકાર, વિવેચક-સંશોધક ઈશ્વર પરમાર સંપાદિત સમીક્ષિત ગ્રંથ એટલે સાહિત્ય-સર્જકોના સર્જન-સંસ્કાર ઘડતરમાં તેમના શિક્ષકોની ભૂમિકા અને તે પણ પોતાના પ્રત્યક્ષ જીવનમાં શું રહી છે તે ઉજાગર કરી આપતો અને આવા શિક્ષકોનું મહિમાગાન કરતો હોઈ શિક્ષકોની પેઢી માટેના આદર્શનો-શિક્ષકત્વનો પથદર્શક અને સાથે સાથે શિક્ષકોને આંતરનિરીક્ષણ કરવા બાધ્ય કરતો એક વિશ્વસનીય આધારસ્રોત. અને ખાસ તો, અહીં પ્રશ્નાવલીના માધ્યમથી ૨૫૭ સર્જકોના પ્રાપ્ત પ્રતિભાવોને તેમના જ શબ્દોમાં પ્રાયઃ યથાતથ રજૂ કરવામાં આવ્યા હોવાથી આ ગ્રંથનું વિશેષ દસ્તાવેજી મૂલ્ય બની રહે છે.

આ બધા ૨૫૭ સર્જકો (૨૨૯ પુરુષ અને ૨૮ મહિલા સર્જકો) ઈ.સ. ૧૮૯૯થી ૧૯૭૫ સુધીના સમયગાળા દરમિયાન જન્મેલા છે, કે જેમણે પોતાના જીવનમાં શિક્ષકોનું મહત્ત્વ પૂર્ણતઃ શ્રદ્ધાભાવ સાથે સ્વીકારીને હરખભેર તેમનું ગૌરવગાન પણ કર્યું છે. આમ

છતાં, આ પૈકીના કેટલાક સર્જકોએ વિનમ્રતા અને નિખાલસતા સાથે જણાવ્યું છે કે તેમના સર્જકત્વના વિકાસમાં / સાહિત્ય-સર્જન માટે પ્રેરવામાં તેમના શિક્ષકોની કોઈ પ્રત્યક્ષ ભૂમિકા રહી નથી. આ એક વાસ્તવિકતા સ્વીકારવી રહી.

અહીં ગ્રંથસ્થ ૨૫૭ સર્જકોની કેફિયતોનું સંશોધનાત્મક અભિગમથી પરિશીલન કરતાં ૨૦મી સદીના શિક્ષકોની અધ્યાપન રીત અને રીતભાત, શિક્ષક-શિષ્ય વચ્ચેના હૂંફાળા સંબંધો, શિક્ષણપ્રથા, છંદશિક્ષણનું પ્રાધાન્ય, અભ્યાસક્રમ, અખાડા પ્રવૃત્તિ, પસંદગીના શિક્ષકોને આબેહૂબ રજૂ કરતાં અને સ્પર્શી જાય તેવાં રેખાચિત્રો, શિક્ષકોના શિષ્યોની પેઢીઓ, હસ્તલિખિત સામયિકો અને ભીંતપત્રો, માધ્યમિક સ્તરે કોઈ કૃતિના અંશના અધ્યાપન સમયે સમગ્ર કૃતિ અને કર્તાના કર્તૃત્વનો પરિચય કરાવી વિદ્યાર્થીઓને સાહિત્યમાં રસ લેતા કરવા, સર્જકોના સર્જકત્વના વિકાસમાં શિક્ષકેતર અન્ય સાધન-સામગ્રી અને પર્યાવરણ ઉદ્દીપનરૂપ બની રહ્યાં તે વગેરે વિશે આછી-પાતળી આધારભૂત માહિતી આપણને સુલભ થઈ રહે છે, જે શિક્ષકોનું સર્જન કરતી વિવિધ સ્તરની શિક્ષણ-સંસ્થાઓ પી.ટી.સી. / ડી.એડ, બી.એડ. એમ.એડ. વગેરેના અધ્યાપકો અને શિક્ષકની તાલીમ લઈ રહેલા તાલીમાર્થીઓ તેમજ શિક્ષણ સાથે સંકળાયેલા સૌ કોઈને ઉપયોગી બની રહે તેટલું સત્ત્વશીલ વાચન પૂરું પાડે છે. અને તેથી જ આ પુસ્તક આ બધા અભ્યાસક્રમોનો હિસ્સો બની રહેવું જોઈએ, કારણ કે આજે પૂરક વાચનની વ્યાખ્યાનો જ લોપ થઈ ગયો હોવાથી પૂરક વાચનની યાદીમાં સમાવેશ અર્થહીન બની રહે છે. આ કેફિયતોના આધારે સ્પષ્ટ ઊપસી આવે છે કે ૨૦મી સદીના પ્રારંભથી તેના અંત તરફ આવતાં આવતાં ક્રમશઃ ખરા અર્થમાં શિક્ષણપ્રેમી શિક્ષકો અને તેમની મૂલ્યનિષ્ઠા, હૃદયને સ્પર્શી જાય તેવી તેમની શિષ્યવત્સલતા, અને તેમની વિદ્વત્તામાં ઠીક ઠીક અંશે ઓટ આવતી જોવા મળે છે. બીજા શબ્દોમાં કહીશું કે ક્રમશઃ શિક્ષકધર્મ વિસરાતો જાય છે અને તેના સ્થાને 'વ્યાવસાયિક શિક્ષક'ની માનસિકતા ઘર કરતી જાય છે.

અહીં ગ્રંથસ્થ કેફિયતો પૈકી સુપ્રસિદ્ધ કવિ-ગઝલકાર ગની દહીંવાલા (૧૯૦૮)એ સર્જક તરીકેના ઘડતરમાં પોતાના ફિરસ્તા જેવા સદ્‌ગત આચાર્યના પ્રદાનનું મનોમન સ્મરણ કરતાં અંતઃકરણપૂર્વક વંદન કરીને કાઢેલ ઉદ્‌ગારઃ **'જિંદગીનો એ જ સાચોસાચ પડઘો છે 'ગની' / હોય નહીં વ્યક્તિ ને એનું નામ બોલાયા કરે'** આપણને ઘણું બધું કહી જાય છે. અહીં આવા સન્માનના અધિકારી એવા સેંકડો રોલ-મોડેલ શિક્ષકો / આચાર્યોનાં નામોની હારમાળા તાદૃશ થાય છે. પ્રતિ સર્જક દીઠ સરેરાશ ૪-૫ પ્રેરક-શિક્ષકોના હિસાબે પણ અહીં ૧૧૦૦થી અધિક શ્રેષ્ઠ શિક્ષકો / આચાર્યોનાં નામો ઊપસી આવ્યાં છે. આ પૈકીના ઘણા બધા શિક્ષકોનું સ્મરણ તેમના ઘણા સર્જક શિષ્યરત્નોએ કરીને સંક્ષેપમાં તેમનું ચરિત્રાલેખન પણ કર્યું છે, જેમાં ઉદાહરણ તરીકે પ્રાથમિક - માધ્યમિક સ્તરેઃ સાકરલાલ દવે, માંકડ માસ્તર, કસ્તૂરબહેન મહેતા, કલ્યાણરાય જોશી, રામલાલ મોદી, બાપુભાઈ ગામી, ઉમેદભાઈ પટેલ, નાથાલાલ દેસાઈ, મોહનલાલ પટેલ, ફકીરમહંમદ મનસૂરી વગેરે અને ઉચ્ચશિક્ષણ ક્ષેત્રે : ફિરોજ દાવર, વિષ્ણુપ્રસાદ ત્રિવેદી, રામપ્રસાદ બક્ષી, ઉમાશંકર જોશી, મનુભાઈ પંચોળી, સુરેશ જોષી, પ્ર. ત્રિવેદી, એસ.આર.ભટ્ટ, નિરંજનભગત, તખ્તસિંહ પરમાર વગેરેનો સમાવેશ થાય છે, કે જેમણે તેમના શિષ્યોના સર્જક તરીકેના ઘડતરમાં નોંધપાત્ર પ્રદાન કર્યું છે. આ બધા સર્જક-શિષ્યો તેમના શિક્ષકો પ્રતિ અનન્ય આસ્થા ધરાવી મનોમન વંદી રહેવા પાછળ આ શિક્ષકોનાં પાંડિત્ય, વાગ્મિતા અને સવિશેષતઃ શિક્ષકધર્મનું મૂર્તિમંત સ્વરૂપ વગેરે ગુણરાશિ ઉત્તરદાયી છે. ઉદા. તરીકે ભોળાભાઈ પટેલ તેમનાં કડીની શાળાના શિક્ષક મોહનલાલ પટેલ વિશે નોંધે છે કે 'તેમણે સાહિત્યના વિશ્લેષણની દૃષ્ટિ આપી. ચેખોવ, મોપાસાં, ડૂમા, શરદબાબુ, ખાંડેકર - આ બધા લેખકોની તેઓ ચર્ચા કરતા. તેમણે લખવા માટે પ્રોત્સાહન આપ્યું, જે કંઈ લખી આપીએ તે તરત વાંચી પ્રોત્સાહક પ્રતિભાવ પણ આપે, એથી લખવાની દિશામાં ગતિ થઈ... રતિલાલ નાયકે 'રાઈનો પર્વત' પણ એવી રીતે ભણાવ્યું કે કદાચ બી.એ. - એમ.એ. કક્ષાએ પણ વિદ્યાર્થીઓને ભણવા નહીં મળતું હોય... આચાર્ય નાથાભાઈ દેસાઈ તો ગ્રંથાલયમાં જવા પર હંમેશાં ભાર મૂકતા.' આ પ્રકારના બહુવિધ અનુભવો

અહીં ગ્રંથસ્થ છે, જે આ ગ્રંથની અને શિક્ષક-સમાજની અણમોલ સંપદા છે. આવા ગૌરવશીલ શિક્ષકો માત્ર વિદ્યાર્થીઓના જ પ્રીતિપાત્ર નહીં, પરંતુ સમાજ પણ તેમને સન્માનની દૃષ્ટિએ જોતો. આ સંબંધી બે ઉદાહરણો જોઈએ. ભોગીલાલ સાંડેસરા તેમના શિક્ષક મણિલાલ માધવલાલ દવેના અવસાન પ્રસંગની નોંધ લેતાં જણાવે છે કે 'આવા શિક્ષક અને લોકસેવકનું અકાળે અવસાન થતાં પાટણનાં બજારોએ સ્વેચ્છાએ સંપૂર્ણ હડતાલ પાડી હતી.' આ જ મતલબની નોંધ યશવંત શુક્લે કરી છે : 'ઉમરેઠના માંકડમાસ્તર અવસાન પામ્યા ત્યારે આખું ગામ રડી ઊઠેલું અને જઈ શકે તે સઘળા તેમને સ્મશાનમાં વળાવવા ગયેલા.' આવા રોલ મોડલ શિક્ષકોની સાથે સાથે કેટલાક સર્જકોએ તેમને મળેલ રુગ્ણ-મનોદશા ધરાવતા અને વિદ્યાર્થીઓને હતોત્સાહિત કરતા શિક્ષકોનાં વિધાનો નોંધ્યાં છે. ઉદા. તરીકે 'ચાલીસમા વરસે પ્રગટ કરજો... 'કુમાર'માં આવે ત્યારે આવજો... એકથી ન ચાલે, બીજી આવે ત્યારે આવજો', 'પહેલાં એકાદ લાખ પાનાં સાહિત્યનાં વાંચી નાખ પછી લખો' વગેરે તેમની માનસિકતા જાણવા માટે પર્યાપ્ત થઈ રહે છે. આ બંને પ્રકારના શિક્ષકોનાં વિરોધાભાસી વલણો શિક્ષકધર્મ સંબંધી ચિંતન કરવા પ્રેરી રહ્યાં છે.

શિક્ષકો ઉપરાંત સર્જકોના ઘડતરમાં માતા-પિતાનો સંસ્કાર વારસો અને કૌટુંબિક વાતાવરણ, છાત્રાવાસ દરમિયાન ગૃહપતિઓનું વલણ અને ગ્રંથાલયો અને આ સાથે જ સ્વયં વિદ્યાર્થીઓએ એકલવ્યભાવે ગુરુજનો અને ગ્રંથરત્નોની કરેલી આરાધના પણ તેમના સર્જકત્વના વિકાસમાં અહમ્ ભૂમિકા નિભાવેલ છે, જેની નોંધ ઘણા સર્જકોએ કરી છે. ઉદા. તરીકે સુરેશ જોષીએ નોંધ્યું છે કે 'રવીન્દ્રનાથને મેં એકલવ્યભાવે ભજ્યા છે. આ ઉપરાંત દેશ-પરદેશના ઉત્તમ સર્જકોને મેં મારા ગુરુ માન્યા છે.' આ જ રીતે ભાનુપ્રસાદ પંડ્યા ઉમાશંકર, સુરેશ જોષી વગેરેને પોતાના 'એકલવ્ય ગુરુઓ' ગણાવે છે. જ્યારે તુલસીભાઈ પટેલે પોતાના ગામ મણુંદ (તા.જિ.પાટણ)ના સાર્વજનિક પુસ્તકાલયને પોતાની સાહિત્ય રુચિ ઘડવામાં અણમોલ ફાળો આપવા બદલ તેના ઋણસ્વીકાર તરીકે પોતાનો પ્રથમ વિવેચન સંગ્રહ 'સાહિત્ય-આચમન' પુસ્તકાલયને અર્પણ કર્યો છે.

ઉલ્લેખનીય છે કે પ્રસ્તુત ગ્રંથનું પ્રકાશન આ પૂર્વે ૧૯૯૦માં 'સર્જકની શિક્ષકગાથા' શીર્ષક હેઠળ કરવામાં આવ્યું હતું, જેમાં ૧૮૩ સર્જકોની કેફિયત સમાવિષ્ટ હતી, જેને ગુજરાતના અગ્રણી શિક્ષણવિદ્દો અને સર્જકો ઉદા. તરીકે દાઉદભાઈ ઘાંચી, નરોત્તમ પલાણ, રમેશ પારેખ, નીતિન વડગામા, જયેન્દ્ર ત્રિવેદી, તુલસીભાઈ પટેલ વગેરેએ તેની ઉપયોગિતાને ધ્યાને લઈ હૂંફાળો આવકાર આપ્યો હતો. રમેશ પારેખે તો આ ગ્રંથને 'પ્રાથમિક શિક્ષકોથી માંડીને યુનિવર્સિટીના કુલપતિઓ માટેની 'ભગવદગીતા' તરીકે ઓળખાવેલ. પ્રસ્તુત નવીન સંસ્કરણને આવકારતાં તુલસીભાઈ પટેલનું અવલોકન આજે ઉપયોગિતાવાદ ને માતૃભાષાની ઉપેક્ષાના કારણે સર્જનશીલતા પ્રતિદિન સંકોચાઈ રહી છે, શિષ્ય-શિક્ષક વચ્ચેની નિકટતા ઘટી રહી છે. શિક્ષકોમાં જ સાહિત્યરુચિનો દુકાળ જોવા મળે છે ! રોગ વકરે ત્યારે જ ઔષધિનો મહિમા પ્રતીત થાય છે. સર્જક અને શિક્ષકની એન્જિઓગ્રાફી કરતો આવો ઉત્તમ ગ્રંથ આપવા બદલ ઈશ્વર પરમારને હાર્દિક અભિનંદન' સુચિંતનીય બની રહે છે.

સમગ્રતયા પ્રસ્તુત પુસ્તક ૨૦મી સદીના શિક્ષણક્ષેત્રના પ્રવાહો અને સવિશેષતઃ વિદ્યાર્થીઓના સાહિત્ય-સંસ્કારોના ઘડતરમાં શિક્ષકોની ભૂમિકા અને તેમનાં વલણો તપાસવા સંદર્ભેનો અવિધિસરનો જ્ઞાનકોશ છે. આ દૃષ્ટિએ આ પુસ્તકનું વાચન શિક્ષકો અને શિક્ષણક્ષેત્રમાં રસ ધરાવતા સૌ કોઈ માટે ઉપયોગી બની રહેશે.

**મણિભાઈ પ્રજાપતિ**

બાએ અમને જીવન સાથે જીવનનો રસ પણ કંઈક આપ્યો. માતાનું ઋણ અનેકવિધ હોય છે. માતાનું ઋણ કોણ ચૂકવી શક્યું છે ? ખરું જોતાં એ ઋણ નથી. ઋણ ગણીને એનો રૂપિયા - પૈસામાં હિસાબ માંડવામાં આવે અને જગતની માતાઓનાં ઋણ ચૂકવવાનો સ્વયં ભગવાન હવાલો લે તો ભગવાનનું પણ દેવાળું નીકળે.

**– ઉમાશંકર જોશી**

# સંસ્થા સમાચાર

## યુનિવર્સિટી / કૉલેજ વિભાગ

### અધ્યાપક વિકાસ કાર્યશિબિર

● અશ્વિનભાઈ એ. પટેલ કૉમર્સ કૉલેજ, ગાંધીનગર દ્વારા ગાંધીનગર અને કડીની કૉમર્સ કૉલેજોના અધ્યાપકો માટે ફેકલ્ટી ડેવલપમેન્ટ વર્કશોપનું આયોજન તા. ૧૩ ઑક્ટોબરના રોજ કરવામાં આવ્યું હતું, જેમાં વિષય નિષ્ણાત તરીકે ભાવનગર યુનિવર્સિટીના અંગ્રેજી વિભાગના વડા ડૉ. દિલીપ બારડ હાજર રહ્યા હતા. તેમણે અધ્યાપકોને વિવિધ વેબટુલ્સ જેવા કે મૂડલ, હોટ પોટેટો, યુ ટ્યુબ ચેનલ, એડ. ટેડ. વગેરે વેબ ઉપર અપલોડ થતાં વિડિયોનું રેટીંગ કઈ રીતે કરી શકાય તેની પ્રાયોગિક જાણકારી આપવાની સાથે વર્ગખંડ ટેસ્ટ, એસાઈન્મેન્ટ, પ્રોજેક્ટ વગેરે એક સાથે કેવી રીતે થઈ શકે અને વિદ્યાર્થીઓ કઈ રીતે જાતે તૈયાર થઈ શકે તે વિશે સમજણ પૂરી પાડી હતી.

### રેડ હેડ ટ્રેનિંગ સેન્ટર

● વીપીએમપી પોલિટેક્નિક, ગાંધીનગર અને રેડ હેટ એકેડમી વચ્ચે તા. ૭/૧૨/૨૦૧૭ ના રોજ રેડ હેટ ટ્રેનિંગ સેન્ટરની સ્થાપના માટે એમઓયુ કરવામાં આવ્યું. આ પ્રસંગે ઇલેક્ટ્રોમેક કોર્પોરેશન, અમદાવાદ ના સ્થાપક શ્રી નિલેશભાઈ વાઘેલા, પ્રિ. પ્રો. એ. જે. પટેલ, અધ્યાપકો અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. પ્રાસંગિક પ્રવચનમાં પ્રો. એ. જે. પટેલે જણાવ્યું હતું કે આ ટ્રેનિંગ સેન્ટરનો ઉદ્દેશ વિદ્યાર્થીઓ યુનિવર્સિટીના અભ્યાસક્રમની સાથે સાથે કમ્પ્યૂટરને લગતા ઉદ્યોગોમાં જરૂરી કાર્યકુશળતા પ્રાપ્ત કરે એ રહ્યો છે. શ્રી નિલેશભાઈએ જણાવ્યું હતું કે વિશ્વમાં સુપર કમ્પ્યૂટર બનાવતી નામાંકિત કંપનીઓ લિનક્સનો ઉપયોગ કરે છે, જે એક ઓપનવેર સિસ્ટમ છે. આવનારા સમયમાં જ્યારે લિનક્સ આધારિત સિસ્ટમ્સનો વ્યાપ વધવાનો છે ત્યારે, લિનક્સ તજજ્ઞોની માંગ બહોળા પ્રમાણમાં વધવાની છે. ઉલ્લેખનીય છે કે સમગ્ર રાજ્યમાં રેડ હેટ એકેડમી દ્વારા પ્રમાણિત આ એક માત્ર ડિપ્લોમા ઇજનેરી સંસ્થા છે.

### વિદેશી હૂંડિયામણ

● અશ્વિનભાઈ એ. પટેલ કૉમર્સ કૉલેજ, દ્વારા એમ.કોમ. સેમ-૩ના વિદ્યાર્થીઓ માટે શ્રી નિશીથ સંઘવાનીના 'ફોરેન એક્સચેન્જ રીસ્ક' તથા 'ફોરેન એક્સચેન્જ માર્કેટ' વ્યાખ્યાનોનું આયોજન કરવામાં આવ્યું હતું. તજજ્ઞ વક્તાશ્રીએ વિદેશી હૂંડિયામણનાં બહુવિધ પાસાંઓ વિશે વિગતે સમજૂતી આપી હતી.

### સર્વ નેતૃત્વ શિબિર

● 'સર્વ નેતૃત્વ-૩૦' નિવાસી તાલીમનું આયોજન કડી પરિસરમાં કરવામાં આવ્યું હતું, જેમાં પાંચ વિદ્યાશાખાઓના ૬૨ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. માસ્ટર ટ્રેનર શ્રી અનુરાગ મહેતાએ તાલીમાર્થીઓને સફળ જીવન જીવવા માટે હકારાત્મક અભિગમ સાથે મોટા લક્ષ્ય પ્રાપ્ત કરવાની વિવિધ પ્રવૃત્તિઓ દ્વારા તાલીમ આપી હતી. વધુમાં તેમણે જીવનમાં ઇચ્છા ને મનોરથ બનાવો, પેશન રાખો અને લોકો શું કહેશે તેની ચિંતા કર્યા વગર પોતાની ખૂબી ને ઓળખી પૂરા આત્મવિશ્વાસથી આગળ વધવા સમજાવ્યું હતું. આમંત્રિત વક્તા શ્રીમતી નિષ્ઠાબહેન ઠાકર અને શ્રી જે. સી. પટેલે પ્રસંગોચિત્ત વક્તવ્યોમાં નેતૃત્વ વિશે વાત કરી હતી. પૂર્વ તાલીમાર્થી રોનક કડિયા અને સંકેત પટેલે 'હેલ્ધી કેમ્પસ' પ્રૉજેક્ટની રજૂઆત કરી હતી. તાલીમના સમાપન કાર્યક્રમમાં મંડળના ચેરમૅનશ્રી વલ્લભભાઈ પટેલ, મંત્રીશ્રી ડૉ. મણિભાઈ પટેલ, અતિથિવિશેષપદે શ્રી

દીપકભાઈ તરૈયા અને ડૉ. યોગેશ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. તાલીમના અંતિમ દિવસે તાલીમાર્થીઓને મંથન અપંગ કન્યા સેવા સંકુલની મુલાકાતે લઈ જવામાં આવ્યા હતા. કાર્યક્રમનું આયોજન અને સંચાલન ડૉ. ધર્મેદ્ર પટેલ, શ્રદ્ધા પંડ્યા, પૂર્વ તાલીમાર્થી મનન પટેલ અને નીલેશ દેવીયાની દ્વારા કરવામાં આવ્યું હતું.

● વિશ્વવિદ્યાલય દ્વારા તા. ૨૭ નવેમ્બરથી ૧ ડિસેમ્બર, ૨૦૧૭ દરમિયાન ૩૧મા સર્વ નેતૃત્વ નિવાસી તાલીમ શિબિરનું આયોજન અડાલજ પાસે આવેલ શ્રી રામચંદ્ર મિશન ખાતે કરવામાં આવતાં સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત વિવિધ ૧૩ કૉલેજોના ૬૧ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. માસ્ટર ટ્રેનર તરીકે દીપકભાઈ તેરૈયાએ વિવિધ પ્રવૃત્તિઓ જેમ કે રમતો, ટૂંકી ફિલ્મો, સમૂહકાર્ય અને માળખાગત પ્રશ્નાવલી દ્વારા નેતૃત્વનાં વિવિધ પાસાંઓને સાંકળી લેતા વિષયોની તાલીમ આપી હતી. વધુમાં, વિદ્યાર્થીઓને મૌન રહીને પ્રકૃતિને નિહાળતાં પોતાની અંદર ડોકિયું કરવા, સંબંધોનું મહત્ત્વ સમજાવતાં જીવન વૃક્ષની સમજ, કક્કાના બધા જ અક્ષરોને જીવન મૂલ્યો સાથે જોડીને જીવનનું મૂલ્ય સમજાવવું અને વિવિધ પ્રશ્નાવલી દ્વારા દરેક વિદ્યાર્થીઓને વ્યક્તિગત જીવનમાં અત્યારે ક્યાં ઊભા છે અને તેઓ શું કરી શકવાની ક્ષમતા ધરાવે છે તેનો ઝીણવટપૂર્વક અભ્યાસ કરાવ્યો હતો અને છેલ્લે કૃત્રિમ રીતે હવનનો માહોલ બનાવી દરેક વિદ્યાર્થીઓ પાસેથી ખરાબ આદતોની આહુતિ અપાવી હતી અને સારા સંસ્કારો થકી બીજાને ઉપયોગી થવા પ્રેર્યા હતા. આમંત્રિત વક્તા મિત્તલબેન પટેલે તેમના દ્વારા વિચરતી જાતિ માટે કરવામાં આવેલ કાર્યોની માહિતી આપી 'વિચરતા સમુદાય સમર્થન મંચ'ની મુલાકાત કરાવી હતી. શ્રી રામચંદ્ર મિશનનાં ટ્રેનરોએ વિદ્યાર્થીઓને રોજ સવારે ધ્યાન કરાવી તેનું મહત્ત્વ સમજાવ્યું હતું. આ સાથે પૂર્વ તાલીમાર્થી ગુંજન પનારા અને તેમની ટીમને લવારપુર ગામ ખાતે સ્વચ્છતાનાં પગલે પ્રૉજેક્ટ પર ઉત્કૃષ્ટ કામગીરી કરવા બદલ સન્માનિત કરવામાં આવ્યાં હતાં. સમાપન સમારંભમાં વિશ્વવિદ્યાલયના ચેરમૅન શ્રી વલ્લભભાઈ પટેલ, એસ.રા.સી.એમ.નાં ઝોનલ ડાયરેક્ટર કેજલ કંસારા, આધ્યાત્મિક ટ્રેનર પરમાનંદજી, એચ. એલ. ખાર, ડૉ. યોગેશ પટેલ અને ઉમેશ કોલ્હેજીએ પ્રાસંગિક ઉદ્‌બોધન કરી વિદ્યાર્થીઓને પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું. શિબિરનું સંચાલન-આયોજન ડૉ. ધર્મેન્દ્રભાઈ પટેલ તથા હિતેશ પ્રજાપતિ અને જીગ્નેશ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું.

## શાળા વિભાગ

### અમેરિકન : ફિલ્ડ સર્વિસ

● રશિયામાં અમેરિકન ફિલ્ડ સર્વિસ અંતર્ગત રશિયાના કીરાઓરીજન ખાતે અંગ્રેજીનાં શિક્ષિકા તરીકે ફરજ બજાવતાં મારિયા કોરોલેવા કે જેમને ૨૦૧૬માં રશિયાના સર્વ શ્રેષ્ઠ શિક્ષક તરીકેનો પુરસ્કાર રાષ્ટ્રપતિના હસ્તે મોસ્કો ખાતે આપવામાં આવ્યો હતો, તથા જર્મન ભાષાના શિક્ષક શ્વેતલાના ઈવોનીનાએ શ્રીમતી આર. જી. કન્યા માધ્યમિક અને શ્રીમતી એસ. બી. પટેલ કન્યા ઉચ્ચમાધ્યમિક શાળા, ગાંધીનગરની તાજેતરમાં મુલાકાત લીધી. આ બંને શિક્ષકોએ આચાર્યા શ્રીમતી સુધાબહેન પટેલ, અંગ્રેજીનાં શિક્ષિકા શ્રીમતી ફીરોજબહેન મન્સુરી, શ્રી કમલેશભાઈ શર્મા (AFS કન્વીનર), શ્રી અનિલભાઈ રાવલ અને AFS માં ભાગ લીધેલ વિદ્યાર્થિનીઓ સાથે રશિયાની શિક્ષણ પદ્ધતિ, શીખવવામાં આવતી ભાષાઓ વિશે ચર્ચા કરી હતી.

### ઉદ્યાન મુલાકાત

● શ્રીમતી એમ. બી. પટેલ કન્યા પ્રાયમરી સ્કૂલ, ગાંધીનગરની ધોરણ-૧ની બાલિકાઓને તા. ૨૨/૧૧/ ૨૦૧૭ના રોજ સરિતા ઉદ્યાન અને સંત સરોવરની મુલાકાતે લઈ જવામાં આવી હતી. વધુમાં બાલિકાઓએ ઈન્દ્રોડા ગામના મંદિરે દર્શન કરી વડની વડવાઈઓ પર હીંચકા, લપસણી તથા ચકડોળનો આનંદ માણ્યો હતો. તા. ૨૪ નવેમ્બરના રોજ ધોરણ-૨ની વિદ્યાર્થિનીઓને ઈન્દ્રોડા પાર્કની મુલાકાતે લઈ જવામાં આવી હતી. તા. ૮ નવેમ્બરના રોજ બધા જ વર્ગોની વિદ્યાર્થિનીઓ માટે જોડણી કસોટીનું આયોજન કરવામાં આવ્યું હતું.

## ઉજાણી

● મેઘના નિરંજન શિશુ વિદ્યા વિહાર (બાલમંદિર) કડીનાં બાળકોને તા. ૮/૧૨/૨૦૧૭ ના રોજ ઉજાણી માટે સંસ્થાની ગુજરાત ગૌશાળાની મુલાકાતે લઈ જવામાં આવ્યાં હતાં. ભૂલકાંઓએ કુદરતના સાંનિધ્યમાં વિવિધ રમતો રમવામાં આનંદથી દિવસ પસાર કર્યો હતો. બાળકો સાથે બાલમંદિરનો પરિવાર તથા ડૉ. બાબુભાઈ પટેલ હાજર રહયાં હતાં.

## ઊર્જા બચત અભિયાન

● રાષ્ટ્રીય ઊર્જા સંરક્ષણ દિવસ અંતર્ગત વિદ્યાર્થીઓમાં ઊર્જા બચત કરવાની ટેવ પડે અને ઊર્જાનું મૂલ્ય સમજે તથા દરેકના ઘરમાં ઉર્જાની બચત થાય તે હેતુસર શ્રી જે. બી. પ્રાથમિક શાળા અને ગાંધીનગરનાં વસાહતીઓના સહકાર દ્વારા ઊર્જા બચત અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. રાષ્ટ્રસેવાના આ અભિયાનમાં વાલીશ્રીઓ તથા ગાંધીનગર શહેરનાં વસાહતીઓએ સહકાર આપી તા. ૧૧ ડિસેમ્બરના રોજ સવારે ૯:૩૦ થી ૧૦:૩૦ દરમિયાન પોતાનાં ઘરનાં વિદ્યુત ઉપકરણો બંધ રાખી વિદ્યાર્થીઓને પ્રોત્સાહન આપી ઉત્સાહમાં વધારો કર્યો હતો. અમદાવાદ અને ગાંધીનગરની ૭૦ જેટલી શાળાનાં બાળકોએ આ અભિયાન હાથ ધર્યું હતું.

## ખેલ મહાકુંભ

● રાજ્ય સરકાર દ્વારા યોજાયેલ ખેલ મહાકુંભ અંતર્ગત શ્રી જનતકુમાર ભગુભાઈ પ્રાથમિક શાળા, ગાંધીનગરના વિદ્યાર્થીઓએ રાજ્ય કક્ષાની કબડ્ડીની સ્પર્ધામાં સોનગઢ, જિલ્લો તાપી ખાતે ભાગ લીધો.

## ગણિત સ્પર્ધા

● અલોહા મેથ્સ સ્પર્ધામાં એસ. જી. અંગ્રેજી માધ્યમ પ્રાથમિક શાળા, ગાંધીનગરના વિદ્યાર્થીઓમાં દરજી મેધવ એસ. (ધોરણ-૭/ડી) સ્ટેટ લેવલે પ્રથમ લેવલમાં પ્રથમ નંબર અને રાવલ જ્યોતીશ્વરે (ધોરણ-૮/એ) સ્ટેટ લેવલે છઠ્ઠા લેવલમાં બીજો નંબર પ્રાપ્ત કર્યો. વિજેતા વિદ્યાર્થીઓને મેડલ અને પ્રમાણપત્ર આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.

## તરુણ અવસ્થા અને સ્વસુરક્ષા

● શ્રીમતી આર. એન. પટેલ પ્રાથમિક શાળા, તા. ૪/૧૨/૧૭ના રોજ સ્વસુરક્ષાના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં વિદ્યાર્થિનીઓને મૂંઝવતા પ્રશ્નો, શારીરિક પ્રશ્નો, માનસિક પ્રશ્નો વગેરે જેવા પ્રશ્નો દૂર કરવા શાળાની શિક્ષિકા બહેનો દ્વારા જરૂરી માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું, તેમજ આત્મવિશ્વાસ કેળવાય તેવાં સ્ત્રી શક્તિનાં દૃષ્ટાંતો આપવામાં આવ્યાં હતાં. આ ઉપરાંત વિપરીત સંજોગોમાં પોતાનો બચાવ કઈ રીતે કરી શકાય તેનું  જ્ઞાન પૂરું પાડવામાં આવ્યું હતું.

● શ્રીમતી એમ. બી. પટેલ કન્યા પ્રાયમરી સ્કૂલની ધોરણ-૬થી ૮ની વિદ્યાર્થિનીઓના તરુણ અવસ્થા દરમિયાનના પ્રશ્નો તથા તેના નિવારણ અંગેનું માર્ગદર્શન તથા અસામાજિક તત્ત્વો દ્વારા થતી સતામણી તથા તેને હલ કરવાના ઉપાયો સંબંધી જરૂરી માર્ગદર્શન  શાળાનાં સુપરવાઈઝર ભગવતીબહેન તથા આચાર્યાશ્રી નીરૂબહેન જે. પટેલે આપ્યું હતું. વિદ્યાર્થિનીઓના વિવિધ પ્રશ્નોના નિવારણ માટે શાળામાં સૂચનપેટીની વ્યવસ્થા કરવામાં આવી. આ કાર્યક્રમ ઉપરાંત પી.એન્ડ જી. કંપની દ્વારા વિદ્યાર્થિનીઓ માટે આરોગ્ય અને સ્વચ્છતા સંબંધી શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું.

## તારક મહેતા કા  ઉલટા ચશ્મા દ્વારા સન્માન

● સર્વ વિદ્યાલય, કડીના ૨૦ વિદ્યાર્થીઓએ ઉનાળુ વેકેશનમાં કડી નગરની સાફસફાઈ કાર્ય સ્વૈચ્છિક રીતે કરવાનો નિર્ધાર કરતાં મંડળ દ્વારા જરૂરી સાધન સામગ્રી તેમજ પ્રોત્સાહન પૂરું પાડતાં વિદ્યાર્થીઓએ દરરોજ સવારના ભાગમાં વૅકેશન દરમિયાન કડી નગરના વિવિધ વિસ્તારોમાં સફાઈ કરી. સફાઈની  સાથે નાગરિકોમાં સ્વચ્છતા કેળવાય તે માટે ૫૫૦૦થી પણ વધારે નાગરિકોને સ્વચ્છતાનાં આગ્રહી બનવા પ્રેરણા આપતાં ચોપાનિયાં વિતરિત કર્યાં હતાં. બાળકોના આ ઐતિહાસિક સ્વચ્છતા અભિયાન દરમિયાન નાગરિકોએ પણ આ પહેલને બિરદાવી અભિનંદન આપ્યા હતા. ભારત સરકારના સ્વચ્છ ભારતના બ્રાન્ડ એમ્બેસેડર લોકપ્રિય ધારાવાહિક ‘તારક મહેતા કા ઉલટા ચશ્મા’ દ્વારા સ્વચ્છતા અવૉર્ડ આપવામાં આવે છે. અત્યાર સુધી તારક મહેતા કા  ઉલટા ચશ્મા દ્વારા ગુજરાત રાજ્યમાં

બે અવૉર્ડ આપવામાં આવ્યા છે. તાજેતરમાં મુંબઈ ખાતે સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડીને સ્વચ્છતા અભિયાન સંદર્ભે ત્રીજો અવૉર્ડ આપવામાં આવ્યો છે. શૈક્ષણિક સંસ્થા તરીકે સમગ્ર દેશમાં આ પ્રથમ અવૉર્ડ એનાયત થયો છે. તારક મહેતા કા ઉલટા ચશ્માના કલાકારોએ વિદ્યાર્થીઓને મળી તેમના કાર્યને બિરદાવ્યું હતું. આ ધારાવાહિકના લોકપ્રિય પાત્ર જેઠાલાલે જણાવ્યું હતું કે સમાજના અસલી હીરો અમે નથી પણ આવાં સમાજ ઉપયોગી કાર્યો કરનાર સર્વ વિદ્યાલય કેળવણી મંડળ અને તેના વિદ્યાર્થીઓ છે તેમ જણાવી વિદ્યાર્થીઓ સાથે ફોટોગ્રાફ લીધા હતા.

## દાદા-દાદી સન્માન સમારંભ

● તા. ૧૧/૧૨/૨૦૧૭ ના રોજ શ્રીમતી આર. એન. પટેલ પ્રાયમરી સ્કૂલ, ગાંધીનગરમાં દાદા-દાદી સન્માન સમારંભનું આયોજન નાથીબા હોલમાં કરવામાં આવ્યું હતું. જેમાં વિદ્યાર્થીઓનાં દાદા-દાદીઓને નિમંત્રિત કરવામાં આવ્યાં હતાં. પ્રારંભમાં પોત-પોતાના પૌત્ર - પૌત્રીઓ તેમજ દોહિત્ર અને દોહિત્રીઓ દ્વારા સંસ્કૃત શ્લોકોનું પઠન સાથે દાદા-દાદીઓનું પૂજન કરાવી આશીર્વાદ લેવડાવવામાં આવ્યા હતા. દાદા-દાદી દિનનો મહિમા અને આજના વર્તમાન સમયમાં તેના સામાજિક મહત્વ વિશે વક્તવ્યો તથા ગીતોનું ગાન વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવ્યું હતું. ત્યારબાદ ઉપસ્થિત રહેલાં દાદા-દાદીઓ પૈકી પરમાર નર્મદાબેને તથા શ્રી છગનભાઈએ બાળકોને દાદા-દાદીનું મહત્ત્વ સમજાવ્યું હતું.

## ધાર્મિક સ્થળોની મુલાકાત

● એસ. જી. અને એસ. વી. પ્રાથમિક શાળા, ગાંધીનગરનાં ધો-૧નાં બાળકોને ગાંધીનગરમાં આવેલાં વિવિધ ધાર્મિક સ્થળો, જેમકે ચર્ચ, મસ્જિદ, અક્ષરધામ, અયપ્પા મંદિર, ગાયત્રી મંદિર, ઝૂલેલાલ મંદિર, જલારામ મંદિર વગેરેની મુલાકાતે લઈ જવામાં આવ્યાં હતાં.

## નિબંધ લેખન

● શ્રી નટુભાઈ ઠક્કર ફાઉન્ડેશન, મગોડી અંતર્ગત 'સંસ્કાર વર્ધક' નિબંધ લેખન સ્પર્ધાનું આયોજન કરવામાં આવતાં શ્રી જે. બી. પ્રાથમિક શાળાનાં વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ પૈકી પ્રાથમિક વિભાગમાં દંતાણી પ્રિન્સ વિજયભાઈએ દ્વિતીય નંબર મેળવી રૂ. ૩૦૦ અને રાવલ જૈનિલ પરેશચંદ્રએ તૃતીય નંબર મેળવી રૂ. ૨૦૦નું રોકડ ઇનામ પ્રાપ્ત કર્યું.

## પૂ. સ્વ. દાસકાકા શિયાળુ રમતોત્સવ

● શ્રીમતી એમ. બી. પટેલ કન્યા પ્રાયમરી સ્કૂલ, ગાંધીનગરમાં તા. ૧૧/૧૨/૨૦૧૭ ના રોજ સંસ્થાના આદ્યસ્થાપક પૂ. સ્વ. દાસકાકાની સ્મૃતિમાં શિયાળુ રમતોત્સવનું ભવ્ય આયોજન કરવામાં આવતાં તેનું ઉદ્‌ઘાટન નેશનલ ખેલાડી શિંદીપાર્થ અને ગીતાબેન ઠાકોરના વરદહસ્તે કરવામાં આવ્યું હતું. આ રમતોત્સવમાં શાળાની લગભગ ૧૦૦૦ જેટલી વિદ્યાર્થિની બહેનોએ દોડ, સંગીત, ખુરશી, લાંબીકૂદ, ગોળાફેંક, કોથળા દોડ, સ્લો સાયકલીંગ, લીંબુચમચી વગેરે સ્પર્ધાઓમાં ભાગ લીધો હતો. દરેક રમતમાં ૧ થી ૩ નંબર મેળવનાર વિદ્યાર્થિનીઓને પ્રમાણપત્ર અને ઈનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યાં હતાં. વીરબાળા તરીકે ધો-૧ થી ૫ માં ભાભોર સેજલ રાજેશકુમાર (૨-ડ), ધો-૬ થી ૮ માં ભાવસાર ક્રિષ્ના હિરેનકુમાર (૮-ઈ) ને જાહેર કરવામાં આવ્યાં હતાં. રમતોત્સવનું આયોજન શાળાના વ્યાયામ શિક્ષકશ્રી દક્ષાબેન તથા શ્રી હંસાબેન પટેલે કુશળતાપૂર્વક કર્યું હતું.

## રમતોત્સવ અને બાલમહોત્સવ

● શ્રી જે. બી. પ્રાથમિક શાળામાં સંસ્થાના આદ્ય સ્થાપક સ્વ. પૂજ્ય દાસકાકા સ્મૃતિ શિયાળુ રમતોત્સવ અને બાલમહોત્સવનું આયોજન તા. ૮, ૯ ડિસેમ્બર, ૨૦૧૭ના દિવસોમાં કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સાંઈ ઇન્ટરનેશનલ હેંડબૉલના કોચ શ્રી શશીમોહન ધ્રુમલે પૂજ્ય દાસકાકાની પ્રતિમાને પુષ્પહાર અર્પણ કરી આતસ જ્યોત પ્રગટાવી રમતોત્સવને ખુલ્લો મૂક્યો હતો. આ મહોત્સવમાં વિદ્યાર્થીઓએ દોડ, જંપદોડ, સ્લો સાઇકલ, ગોળાફેંક, સંગીતખુરશી, ઝેરી ઢીંગલી, માટલા ફોડ, બુકબેલેંસ વગેરે સ્પર્ધાઓ તથા રંગોળી, વક્તૃત્વ, ચિત્રસ્પર્ધા, ગીત, એકપાત્રીય અભિનય, નિબંધ, વાર્તા, સુલેખન વગેરે સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં લગભગ ૧૨૦૦ જેટલાં વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ સાથે શાળાના શિક્ષકો પણ

ગોળાફેંક, સાતોલિયું, સંગીતખુરશી તથા દોરડાકૂદ જેવી સ્પર્ધાઓમાં જોડાયાં હતાં.

## બાલદિન

● શ્રીમતી આર. એન. પટેલ પ્રાથમિક શાળામાં તા. ૧૪/૧૧/૨૦૧૭ના રોજ પંડિત જવાહરલાલ નરેહુના જન્મદિન નિમિત્તે ધોરણ ૧થી ૫નાં બાળદિનની ઉજવણી કરવામાં આવી. આ અંતર્ગત વેશભૂષા તેમજ એકપાત્રીય અભિનય જેવી પ્રવૃત્તિઓનું આયોજન કરી જવાહરલાલ નહેરુ, સરદાર વલ્લભભાઈ પટેલ, ભગતસિંહ, નરેંદ્રભાઈ મોદી વગેરે ઉપરાંત સમાજજીવનનાં વિવિધ પાત્રોના વેશો દ્વારા બાળકોએ પોતાની પ્રતિભાનાં દર્શન કરાવ્યાં હતાં. આ સાથે બાળકોને જવાહરલાલ નહેરુ અને તેમના કૃત 'મારું હિંદ દર્શન' તથા 'ઇન્દુને લખેલા પત્રો' વિશે માહિતી આપવામાં આવી હતી. વધુમાં આ પ્રસંગે અભિનય ગીતો, બાળનૃત્યો વગેરેનું આયોજન કરવામાં આવ્યું હતું.

## બૅંક મુલાકાત

● શ્રીમતી આર. એન. પટેલ પ્રાથમિક શાળા, ગાંધીનગરના ધોરણ-૮ના વિદ્યાર્થીઓને તા. ૨૨/૧૧/૧૭ના રોજ ધી કાલુપુર કોમર્શિયલ કો. ઓપરેટિવ બૅંક, સેક્ટર-૨૩ની મુલાકાતે લઈ જવામાં આવ્યા હતા. ખાતાના પ્રકાર, ચેક, સેફ ડિપોઝિટ વોલ્ટ, પાસબૂક, પૈસા ઉપાડવા માટેનું ફૉર્મ, ફિક્સ ડિપોઝિટ, લોન, A.T.M. Debit Card, વ્યાજદર, પૈસા ગણવાનું મશીન વગેરે વિશે બ્રાન્ચ ઓફિસર શ્રી રાજુભાઈ એમ. પટેલ દ્વારા સમજાવવામાં આવ્યું હતું. બ્રાન્ચ મૅનેજર શ્રી હિતેન્દ્રભાઈ પટેલે બાળકોને હેતથી આવકાર્યાં હતાં.

## યોગ

● હરિયાણા રાજ્યની સુવર્ણ જયંતી ઉજવણી મહર્ષિ પતંજલિ યોગ સંસ્થાનના ઉપક્રમે ઓલ ઇન્ડિયા યોગ સ્પોટર્સ ચેમ્પિયનશિપ, હરિયાણામાં તા. ૨૬-૨૮ ઑક્ટોબર દરમિયાન આયોજિત કરવામાં આવી હતી. આ સ્પર્ધામાં એસ. ડી. પટેલ ઇંગ્લિશ મીડિયમ સ્કૂલ અને શ્રી કડી નાગરિક સહકારી બૅંક પ્રાથમિક શાળાના વિદ્યાર્થી પટેલ નમ્ર પરિમલકુમારે વ્યક્તિગતમાં બીજો અને આર્ટિસ્ટીક સોલોમાં ત્રીજા ક્રમે અને પટેલ કેન્વી નરેન્દ્રભાઈએ વ્યક્તિગત બીજો અને આર્ટિસ્ટીક સોલોમાં પ્રથમ ક્રમે વિજેતા થયા. આ સ્પર્ધામાં ૨૪ રાજ્યોના કુલ ૮૦૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ વિદ્યાર્થીઓએ આ પૂર્વે રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે યોગમાં ખ્યાતિ પ્રાપ્ત કરી છે.

## રમતગમત

● શ્રીમતી એમ. બી. પટેલ કન્યા પ્રાયમરી સ્કૂલ, ગાંધીનગરની ધોરણ-૮ની વિદ્યાર્થિનીઓની કબડ્ડી ટીમે ભાવનગરમાં આયોજિત રાજ્યકક્ષાની કબડ્ડી સ્પર્ધામાં ભાવનગર ખાતે ભાગ લીધો હતો.

## રાષ્ટ્રીય બાલવિજ્ઞાન કૉંગ્રેસ

● શ્રીમતી એમ. બી. પટેલ કન્યા પ્રાયમરી સ્કૂલની વિદ્યાર્થિનીઓએ ભારત સરકારના સાયન્સ ઍન્ડ ટેક્નૉલોજી વિભાગ દ્વારા પ્રતિ વર્ષ આયોજિત રાષ્ટ્રીય બાલવિજ્ઞાન કૉંગ્રેસમાં નિસર્ગ સાયન્સ સેન્ટરના માર્ગદર્શન હેઠળ રોલ ઑફ ગુજરાત ઈન્સ્ટિટ્યૂટ ઑફ એમેચ્યોર રેડીયો ઈન ડીઝાસ્ટર મેનેજમેન્ટ' વિશેનો પ્રોજેક્ટ રજૂ કર્યો હતો. આ પ્રૉજેક્ટ રાજ્ય કક્ષાએ વિજેતા થતાં રાષ્ટ્રીય કક્ષાની સ્પર્ધા માટે પસંદગી પામેલ છે. આ પ્રૉજેક્ટ શિક્ષિકા શિલ્પાબહેન ત્રિવેદીના માર્ગદર્શન હેઠળ ૧. પટેલ હેલી, ૨. શાહ કશિષ, ૩. શાહ વિશ્વા, ૪. પટેલ મેશ્વા અને ૫. સોલંકી મનસ્વી દ્વારા રજૂ કરવામાં આવ્યો હતો.

## રોબોટિક પરિસંવાદ

● એસ. જી. અંગ્રેજી માધ્યમ પ્રાથમિક શાળા, જે. બી. પ્રાયમરી શાળા, આર. એન. પ્રાયમરી શાળા અને એમ. બી. પ્રાયમરી શાળાના વિદ્યાર્થીઓ માટે નાથીબા હૉલમાં રોબોટિક પરિસંવાદનું આયોજન તા. ૨૧ નવેમ્બરના રોજ કરવામાં આવ્યું હતું. જેમાં રોબોટ કેવી રીતે બનાવવો તેમજ તેની સાધન સામગ્રી વિશે પીપીટી દ્વારા સમજૂતી આપવામાં આવી હતી.

## વક્તૃત્વ સ્પર્ધા

● શ્રીમતી આર. એન. પટેલ પ્રાથમિક શાળામાં તા. ૨૩/૧૧/૧૭ના રોજ પૂજ્ય છગનભા વિશે વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધાના પ્રારંભમાં બાળકોને પૂ. છગનભાનાં જીવન અને કાર્યોથી સુપરિચિત કરવામાં આવ્યાં હતાં.

## શૈક્ષણિક પ્રવાસ

● શ્રીમતી એમ. બી. પટેલ કન્યા પ્રાયમરી સ્કૂલની ધોરણ-૬થી ૮ની વિદ્યાર્થિનીઓ માટે રાજસ્થાનનાં સુપ્રસિધ્ધ પ્રવાસ સ્થળો જેસલમેર અને જોધપુરના પ્રવાસનું આયોજન કરવામાં આવતાં તેમાં ૧૦૪ વિદ્યાર્થિનીઓ તથા ૦૮ શિક્ષકો જોડાયા હતા. પ્રવાસ દરમ્યાન રાજસ્થાની નૃત્ય, અને અન્ય સાંસ્કૃતિક કાર્યક્રમો માણવા ઉપરાંત વિવિધ ઐતિહાસિક / સાંસ્કૃતિક સ્થળોની મુલાકાત લઈ તે વિશે જાણકારી મેળવી હતી. આ ઉપરાંત ધો-૮ની વિદ્યાર્થિનીઓને કૅમ્પસમાં સ્થિત કા. કો. ઓ. બૅંકની મુલાકાતે લઈ જઈ બૅંકના કામકાજ અંગેની માહિતીથી વાકેફ કરવામાં આવી હતી.

● શ્રી જે. બી. પ્રાથમિક શાળાના ધો-૭ અને ૮ના વિદ્યાર્થીઓ માટે સૌરાષ્ટ્રનો પ્રવાસ યોજવામાં આવતાં ૨૦૮ વિદ્યાર્થીઓ જોડાયા હતા. પ્રવાસ દરમ્યાન વિદ્યાર્થીઓએ સૌરાષ્ટ્રનાં પ્રવાસન સ્થળો, સોમનાથ, તુલસીશ્યામમાં ગરમ પાણીના ઝરા, દીવની દીવાદાંડી, બીચ અને ગુફાઓ, જૂનાગઢનાં ઐતિહાસિક સ્થળો : ગીરનાર પર્વત, અશોકનો શિલાલેખ, ભવનાથ મહાદેવ, દામોદર કુંડ, નરસિંહ મહેતાનો ચોરો તથા ઉપરકોટ, સક્કરબાગ પ્રાણી સંગ્રહાલય, કાગવડ ખોડલધામ, ચોટીલા વગેરેની મુલાકાત લઈ શૈક્ષણિક તેમજ ધાર્મિક માહિતી મેળવી હતી.

## શ્રીમદ્ ભગવદગીતા મહાત્મ્ય

● શ્રી જે. બી. પ્રાથમિક શાળામાં સત્પ્રેરણા ટ્રસ્ટ, ચાંદખેડા દ્વારા ભારતીશ્રીજીની પ્રેરણાથી ગીતા જયંતી નિમિત્તે ધોરણ ૬થી ૮નાં બાળકોને ગીતા વિષે જાણકારી આપવામાં આવી. આ ઉપરાંત ઓડિયો ક્લીપનું શ્રવણ કરાવી વિદ્યાર્થીઓ સાથે પ્રશ્નોત્તરી કરવામાં આવતાં વિદ્યાર્થીઓએ સરસ જવાબો આપી પ્રોત્સાહક ઇનામ પ્રાપ્ત કરી ધન્યતાનો અનુભવ કર્યો હતો. આ સાથે વિદ્યાર્થીઓને જ્ઞાનવર્ધક સાહિત્ય પણ આપવામાં આવ્યું હતું. કાર્યક્રમના અંતમાં આચાર્યા શ્રીમતી નીવાબહેન પટેલે આભારવિધિ કરી હતી.

## સાંસ્કૃતિક સ્પર્ધા

● તા.૧૮/૧૧/૨૦૧૭ના રોજ ગુજરાત રાજ્ય મધ્યસ્થ ગ્રંથાલય, ગાંધીનગર દ્વારા આયોજિત વિવિધ સ્પર્ધાઓ પૈકી શ્રીમતી એમ. બી. પટેલ કન્યા પ્રાયમરી સ્કૂલની વિદ્યાર્થિનીઓએ મહેંદી સ્પર્ધામાં સૈયદ અરબીના (૮-બ) એ પ્રથમ, બીજા સ્થાને પ્રજાપતિ ઊર્મિ ગોરધનભાઈ (૮-બ), ચિત્ર સ્પર્ધામાં બીજા સ્થાને જાડેજા તન્વી (૮-અ), રંગોળી સ્પર્ધામાં ત્રીજા સ્થાને પોલાદી જીયાખાન (૬-ઈ) વિજેતા થયાં તથા શ્રીમતી આર. એન. પટેલ પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ મકવાણા ડિમ્પલ ભરતભાઈ રંગોળીમાં દ્વિતીય અને ચિત્રમાં જાદવ જ્યોતિ સવાભાઈ પ્રથમ ક્રમે અને પ્રજાપતિ શુભમ ધનંજયભાઈ બીજા ક્રમે વિજેતા થયા. રંગોળી સ્પર્ધામાં શ્રી જે. બી. પ્રાયમરી શાળાના વિદ્યાર્થી મકવાણા તેજસ અમૃતભાઈએ પ્રથમ અને સુથાર જય રજનીકાંતભાઈએ પાંચમો નંબર મેળવ્યો. આ બધા વિજેતા વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર તથા ઇનામ એનાયત કરી પ્રોત્સાહિત કરવામાં આવ્યાં હતાં.

## શૈક્ષણિક મુલાકાત

● એસ. જી. અને એસ. વી. પ્રાથમિક શાળા, ગાંધીનગરના ધોરણ-૨ બધા જ વર્ગનાં બાળકોને ગાંધીનગરમાં સ્થિત ઇન્દ્રોડા પાર્કમાં આવેલ ડાયનાસોર મ્યુઝિયમની મુલાકાતે લઈ જઈ બાળકોને ડાયનાસોરના વિવિધ અવશેષો વિશે જાણકારી આપવામાં આવી હતી.

સર્વ વિશ્વવિદ્યાલય વૃત્ત : કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગરનું દ્વિમાસિક વૃત્તપત્ર
**વર્ષ : ૭, અંક : ૬, નવેમ્બર-ડિસેમ્બર, ૨૦૧૭, સળંગ અંક : ૪૨**
સંપાદક : **મણિભાઈ પ્રજાપતિ**
પ્રકાશક : **કુલસચિવ, કડી સર્વ વિશ્વવિદ્યાલય, સેક્ટર-૧૫, ગાંધીનગર-૩૮૨૦૧૬ ફોન : ૨૩૨૪ ૪૬૯૦**
ટાઈપસેટિંગ અને મુદ્રક : **શારદા મુદ્રણાલય, ૨૦૧, તિલકરાજ, પંચવટી પહેલી લેન, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૦૬ ફોન : ૨૬૫૬ ૪૨૭૯**

વિધુશ સોમાણી ઇન્સ્ટિટ્યૂટ ઑફ ટેક્નૉલૉજી ઍન્ડ રિસર્ચ, કડીના દાતાશ્રી વિક્રમભાઈ સોમાણી
તેમનાં પરિવારજનો અને અધિકારીશ્રીઓ સાથે સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડીની મુલાકાતે
તા. ૧૨ નવેમ્બર, ૨૦૧૭ના રોજ પધાર્યા હતા તે પ્રસંગનાં દ્રશ્યો.

















**Sarva Vishwavidyalaya Vṛtta : Bimonthly News Letter of Kadi Sarva Vishwavidyalaya, Gandhinagar**
**Year 7, Issue No. 6 November-December 2017**
**Editor : Manibhai Prajapati**
**Published by Registrar, Kadi Sarva Vishwavidyalaya, Sector-15,**
**L.D.R.P. Engineering College Campus, Gandhinagar-382016**
**Printed by : Sharda Mudranalay, 201, Tilakraj, Panchwati 1st lane, Ambawadi, Ahmedabad-6**




શ્રી મોહનલાલ પટેલ કૃત ‘સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી – ગાંધીનગર અને કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળ, કડી (સંક્ષિપ્ત ઇતિહાસ)’નો લોકાર્પણ સમારોહ જ્ઞાનપીઠ અવોર્ડ વિજેતા શ્રી રઘુવીર ચૌધરીના સાંનિધ્યમાં આયોજિત કરવામાં આવેલ તે પ્રસંગનું દ્રશ્ય.

